અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૪, મંગળવાર | વર્ષ : ૧૬ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, ભાદરવો સુદ ૧૪ | અંક : ૭૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886



## જીવીશ તો તમારા માટે, ઝઝૂમીશ તો તમારા માટે : વડાપ્રધાન મોદી

# પીએમ મોદીએ ૮૦૦૦ કરોડથી વધુના વિવિધ વિકાસકાર્યોનું કર્યું લોકાર્પણ

**। (એજન્સી) અમદાવાદ, તા.૧૬ ।**

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ત્રણ દિવસીય ગુજરાત પ્રવાસનો આજે બીજો દિવસ છે. ત્યારે અનેક વિકાસ કાર્યોની ભેટ તેમણે ગુજરાતને આપી છે. વડાપ્રધાન મોદી અમદાવાદથી ગાંધીનગર મેટ્રો ટ્રેન ફેઝ-૨નું લોકાર્પણ કરીને અમદાવાદ જીએમડીસી ગ્રાઉન્ડ પહોંચ્યા છે. પીએમ મોદી ઓપન જીપમાં લોકોનું અભિવાદન ઝીલતા સ્ટેજ સુધી પહોંચ્યા હતા. તેમણે જીએમડીસી ગ્રાઉન્ડ ખાતેથી અમદાવાદને ૮૦૦૦ કરોડના વધુ વિકાસ કાર્યોની ભેટ આપી છે.

પીએમ મોદીએ ૮ હજાર કરોડના વિકાસ કામોનું લોકાર્પણ કર્યું છે. તેમજ ઔડાના મકાન, નમો ભારત રેપિડ મેટ્રોને લીલીઝંડી આપી છે. અમદાવાદ-ભુજ વચ્ચે નમો ભારત રેપિડ મેટ્રોનો પ્રારંભ થયો છે. પીએમ મોદીએ આવાસ યોજનાના લાભાર્થીઓને ચાવી સોંપી છે. અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે વડાપ્રધાન મોદીએ સંબોધન કરતા જણાવ્યું છે કે, "આજે ઘણો જ સારો દિવસ છે. નમો ભારત રેપિડ મેટ્રો શરૂ થઈ છે. આ ટ્રેન પાયોનો પથ્થર સાબિત થશે. આ સાથે જ ગુજરાતના હજારો પરિવાર આજે પોતાના ઘરમાં પ્રવેશ કરશે. હું વિશેષ રૂપથી મહિલાઓને શુભેચ્છા પાઠવું છું. મહિલાઓના નામે ઘરનું રજિસ્ટ્રેશન થયું છે. જોકે ઉત્સવના અવસરમાં એક પીડા છે. આ વર્ષે ગુજરાતમાં એકસાથે અતિવૃષ્ટિ થઈ છે. ઘણા વિસ્તારોમાં અતિવૃષ્ટિની સ્થિતિ સર્જાઈ છે. આટલા વર્ષોમાં પહેલી વાર આટલો વરસાદ આવ્યો હોવાનું મારા ધ્યાનમાં છે."

આ સાથે જ તેમણે ગુજરાતની જનતાનો આભાર માનતા જણાવ્યું હતું કે, "ત્રીજી વખત પ્રધાનમંત્રીના શપથ લીધા બાદ ગુજરાત આવ્યો છું. ગુજરાત મારી જન્મભૂમિ છે. ગુજરાતે મને જીવનની દરેક શીખ આપી છે. તમે મારા પર અપાર પ્રેમ દર્શાવ્યો છે. દીકરાએ આજે ઘરે આવીને આશીર્વાદ લીધો છે. આશીર્વાદથી નવી ઊર્જા મળે છે. મોટી સંખ્યામાં લોકો આશીર્વાદ આપવા આવ્યા છે."



ત્રીજી વખત શપથ લીધા બાદ ઝડપથી અહીં આવવું હતું. ૬૦ વર્ષ બાદ જનતાએ નવો ઈતિહાસ રચ્યો છે. એક સરકારને સતત ત્રીજી વાર સેવા કરવાનો અવસર મળ્યો છે. ભારતની લોકશાહીની મોટી ઘટના છે. નરેન્દ્રભાઈ પર ગુજરાતીઓનો હક છે. રાષ્ટ્ર પ્રથમના સંકલ્પના કારણે આવવામાં મોડું થયું છે."

વડાપ્રધાન મોદીએ દેશહિતમાં કરેલા કાર્યો જણાવતા કહ્યું હતું કે, "અમે ત્રીજી ટર્મના પ્રથમ ૧૦૦ દિવસ મહત્વના નિર્ણય લીધા છે. દિવસ-રાત જોયા વિના કામ કર્યું છે. દેશ-વિદેશમાં જે પ્રયાસ કરવાના હતા તે કર્યા છે. કોઈ પણ કસર છોડવામાં નથી આવી. છેલ્લા ૧૦૦ દિવસમાં કેવી કેવી વાતો થઈ રહી છે. કેટલાક લોકો મારી મજાક ઉડાવવા લાગ્યા છે. અલગ-અલગ તર્ક-વિતર્ક દેખાડવા લાગ્યા છે."

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અમદાવાદ-ગાંધીનગરને જોડતી મેટ્રોનું લોકાર્પણ કર્યું

## વડાપ્રધાને સેક્ટર ૧ના સ્ટેશનથી ગિફ્ટ સિટી સુધી મેટ્રોમાં બેસી મુસાફરી કરી : વિદ્યાર્થીઓ સાથે ચર્ચા પણ કરી



**। (એજન્સી) ગાંધીનગર, તા.૧૬ ।**

પ્રધાનમંત્રી મોદીએ અમદાવાદ અને ગાંધીનગરની જનતાને આજે મોટી ભેટ આપી છે. તેઓએ અમદાવાદ અને ગાંધીનગરને જોડતી મેટ્રોનું લોકાર્પણ કર્યું છે. ગાંધીનગરના સેક્ટર ૧ સ્ટેશનથી વડાપ્રધાને ગાંધીનગરથી અમદાવાદ સુધી મેટ્રો ટ્રેનને લીલી ઝંડી આપી હતી. વડાપ્રધાને સેક્ટર ૧ના સ્ટેશનથી ગિફ્ટ સિટી સુધી મેટ્રોમાં બેસી મુસાફરી કરી હતી. આ સાથે જ તેમણે કેટલાક વિદ્યાર્થીઓ સાથે આ સફર દરમિયાન ચર્ચા પણ કરી હતી. આ સફરમાં તેમની સાથે રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને રાજ્યપાલ આચાર્ય દેવવ્રત પણ હાજર રહ્યા હતા. ગુજરાત સરકાર અને ભારત સરકાર સાથે ભાગીદારીમાં ગુજરાત મેટ્રો રેલ કોર્પોરેશન (GMRC) દ્વારા મેટ્રો રેલ નેટવર્કના બીજા તબક્કાનો પ્રારંભ કરાયો છે.

અગાઉ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ અમદાવાદમાં મેટ્રો ફેઝ ૧ નું લોકાર્પણ કર્યું હતું. ફેઝ ૧ ના ઉત્તર - દક્ષિણ મેટ્રો કોઈડોરનું વિસ્તરણ એટલે મેટ્રો ફેઝ ૨. મેટ્રો ટ્રેન હવે APMCથી મોટેરા લાઈન ગાંધીનગર સુધી જશે. પીએમ મોદીએ મેટ્રો ફેઝ-૨ના ૨૦.૮ કિમીના કોરિડોરનું લોકાર્પણ કર્યું છે. અમદાવાદથી ગાંધીનગર મેટ્રો ટ્રેનમાં કુલ ૮ સ્ટેશન આવશે. GNLU, રાયસણ, રાંદેસર, ધોળકુવા સર્કલ, ઈન્ફોસીટી, સેક્ટર ૧, PDPU અને ગિફ્ટ સીટીનો સમાવેશ થાય છે. મોટેરા સ્ટેડિયમથી ગાંધીનગર જવા માટે મેટ્રોનું ટાઈમટેબલ જાહેર કરી દેવામાં આવ્યું છે. મોટેસા સ્ટેડિયમ મેટ્રો સ્ટેશનથી સેક્શન ૧ મેટ્રો સ્ટેશન અને સેક્ટર-૧થી મોટેરા સ્ટેડિયમ સુધીનું ટાઈમ ટેબલ જાહેર કરાયું છે. તો જીએનએલયુથી ગિફ્ટ સિટી અને ગિફ્ટ સિટીથી જીએનેલયુ માટેનું ટાઈમટેબલ જાહેર કરવામાં આવ્યું છે. આ ટ્રેન સેવા



૧૭ સપ્ટેમ્બરથી શરૂ થશે. આ રૂટમાં અમદાવાદ અને ગાંધીનગરના મહત્વના સ્થળો જેવા કે જીએનએલયુ, પીડીઈયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોલાકુંઆ સર્કલ, ઈન્ફોસિટી તેમજ સેક્ટર ૧ના વિસ્તારને આવરી લેવાશે. શરૂઆતમાં ગાંધીનગરના આઠ સ્ટેશન પર મેટ્રો દોડશે. આવનારા સમયમાં મેટ્રો સચિવાલય, અક્ષરધામ, જૂના સચિવાલય, સેક્ટર ૧૬, સેક્ટર ૨૪ અને મહાત્મા મંદિર સુધી જશે. મેટ્રોના બીજા ફેઝનો રૂટ ૨૧ કિ.મીનો છે. મેટ્રોના ફેઝ-૨ પ્રોજેક્ટનો કુલ ખર્ચ ૫,૩૮૪ કરોડ છે, જેમાં AFD અને KfW જેવી આંતરરાષ્ટ્રીય એજન્સીઓમાંથી ફન્ડીંગ લેવામાં આવ્યું છે.

આ મેટ્રો રેલ વિસ્તરણથી અમદાવાદ અને ગાંધીનગરના મહત્વના સ્થળો પર કનેક્ટિવિટી મળશે અને તેનાથી બહોળી સંખ્યામાં રોજિંદી મુસાફરી કરતા લોકોને ફાયદો મળશે. આ પ્રોજેક્ટ અંગેની મહત્વની વિગતો આ પ્રમાણે છે.

મેટ્રોના બીજા ફેઝનો રૂટ ૨૧ કિ.મીનો છે, જે મોટેરાથી ગાંધીનગરના સેક્ટર-૧ને જોડશે. મોટેરાથી મેટ્રો સીધી ગાંધીનગરના આઠ સ્ટેશન પર દોડશે જેમાં જીએનએલયુ, પીડીઈયુ, ગિફ્ટ સિટી, રાયસણ, રાંદેસણ, ધોલાકુંઆ સર્કલ, ઈન્ફોસિટી અને સેક્ટર-૧નો સમાવેશ થાય છે.

## ન્યૂઝ બ્રિફ

### માત્ર મુરલીથી નહીં ચાલે કામ, સુદર્શન પણ જરૂરી છે : યોગી



**। (એજન્સી) લખનૌ, તા.૧૬ ।**

ઉત્તર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથે ત્રિપુરામાં મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે માત્ર 'મુરલી' પૂરતી નથી, પરંતુ સુરક્ષા માટે 'સુદર્શન' પણ જરૂરી છે. સીએમ યોગીએ કહ્યું કે આપણે સાથે મળીને કામ કરવું પડશે અને વિધર્મીઓને તક ન આપવાનું ધ્યાન રાખવું પડશે. આપણે આવી શક્તિઓને ખતમ કરવી પડશે જેથી બાંગ્લાદેશ જેવી સ્થિતિ ન બને. આપણે દેશ અને ધર્મને સુરક્ષિત રાખવાનો છે. યોગી આદિત્યનાથે સોમવારે માતા ત્રિપુરા સુંદરીના આશીર્વાદની ભૂમિ ત્રિપુરા રાજ્યના પશ્ચિમ વિસ્તારમાં આવેલા સિદ્ધેશ્વરી મંદિરના ઉદ્‌ઘાટન અને અભિષેક કાર્યક્રમમાં ભાગ લીધો હતો. આ દરમિયાન તેમણે આ વાતો કહી. સીએમ યોગીએ કહ્યું કે મા સિદ્ધેશ્વરીના અભિષેક અને મંદિરના ઉદ્‌ઘાટનનો આ કાર્યક્રમ આપણા બધા માટે મહત્ત્વપૂર્ણ ક્ષણ છે.

## મંત્રીના નિવાસ સ્થાને ગ્રેનેડ હુમલો કરાયો

# મણિપુરમાં ભારેલો અગ્નિ જેવી સ્થિતિ જોવા મળી રહી છે

**। (એજન્સી) મણિપુર, તા.૧૬ ।**

ઉખરુલ જિલ્લામાં મણિપુરના મંત્રી કાસિમ વશુમના નિવાસસ્થાન પર શંકાસ્પદ આતંકવાદીઓએ ગ્રેનેડ વડે હુમલો કરવાથી તેમની સંપત્તિને ભારે નુકસાન થયુ છે. વશુમે કહ્યું કે, 'જ્યારે ગ્રેનેડનો વિસ્ફોટ થયો ત્યારે તે અને તેમના પરિવારના સભ્યો ઘરે ન હતા. પોલીસના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું છે કે, 'શનિવારે રાત્રે બનેલી આ ઘટનામાં કોઈને ઈજા થઈ ન હતી. ગ્રેનેડ વિસ્ફોટ થવાથી મંત્રીના ઘરની દિવાલો સહિત કેટલાક ભાગોને નુકસાન થયું છે. ગ્રેનેડ હુમલા થયાના કેટલાક ટુકડાઓ મળી આવ્યા છે. જો કે, કડક સુરક્ષાના પગલા લેવામાં આવ્યા છે.' અધિકારીએ જણાવ્યું કે, 'તપાસ માટે આસપાસના વિસ્તારોના સીસીટીવી ચકાસવામાં આવશે.' વશુમ રાજ્યમાં સત્તારૂઢ ભાજપના સહયોગી નાગા પીપલ્સ ફ્રન્ટના (NPF) ધારાસભ્ય છે. આ દરમિયાન, જનજાતિના સર્વોચ્ચ સંગઠન તંગખુલ નાગા લોંગે હુમલાની સખત નિંદા કરી છે અને પોલીસને ગુનેગારો સામે કેસ નોંધવા વિનંતી કરી છે. મણિપુર પોલીસે રવિવારે વિરોધ પ્રદર્શન દરમિયાન સુરક્ષાકર્મીઓને નિશાનો બનાવવા માટે અત્યાધુનિક હથિયારોના ઉપયોગ પર ચિંતા વ્યક્ત કરી હતી અને પ્રદર્શનકારીઓને પોતાને વાતને રજૂ કરવા માટે આવા હથિયારોનો ઉપયોગ કરવાથી દૂર રહેવા આગ્રહ કર્યો હતો.

# હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સ ઉપર જીએસટી મુદ્દે નવેમ્બરમાં લેવાશે નિર્ણય

**। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।**

જીએસટી કાઉન્સિલે વિવિધ હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સના પ્રીમિયમ પર જીએસટી દર અંગે નિર્ણય લેવા અને ૩૦ ઓક્ટોબર સુધી રિપોર્ટ રજૂ કરવા માટે ૧૩ મંત્રીસમૂહની (જીઓએમ)ની રચના કરી છે. જેમાં બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી મંત્રી સમૂહના સંયોજક છે. આ સમૂહના સભ્યોમાં ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, કર્ણાટક, કેરળ, આંધ્ર પ્રદેશ, ગોવા, ગુજરાત, મેઘાલય, પંજાબ, તમિલનાડુ અને તેલંગાણાના સભ્ય સામેલ છે.

નવ સપ્ટેમ્બરના રોજ યોજાયેલી જીએસટી કાઉન્સિલની ૫૪મી બેઠકમાં લાઈફ અને હેલ્થ ઈન્સ્યોરન્સ પર જીએસટીના વર્તમાન ઢાંચામાં ફેરફાર કરવા તપાસ અને સમીક્ષા માટે એક મંત્રી સમૂહની રચના કરવા નિર્ણય લીધો હતો. ઈન્સ્યોરન્સ પ્રીમિયમ પર ટેક્સ મુદ્દે અંતિમ નિર્ણય નવેમ્બરમાં યોજનારી જીએસટી કાઉન્સિલની બેઠકમાં આ જીઓએમ દ્વારા રજૂ કરવામાં આવેલા રિપોર્ટના આધારે લેવામાં આવશે. હાલ ઈન્સ્યોરન્સ પ્રીમિયમ પર ૧૮ ટકા જીએસટી લાગુ છે. પેનલના સંદર્ભની શરતોમાં વરિષ્ઠ નાગરિકો, મધ્યમ વર્ગ, માનસિક રીતે અસ્થિર વ્યક્તિઓ જેવી વિવિધ શ્રેણીઓ માટે પર્સનલ, ગ્રુપ, ફેમિલી, ફ્લોટર અને અન્ય હેલ્થ ઈન્સ્યોરન્સ પર પણ ટેક્સ વસૂલવામાં આવે છે. ટર્મ ઈન્સ્યોરન્સ, રોકાણ યોજનાઓ સાથે લાઈફ ઈન્સ્યોરન્સ અને રિઈન્સ્યોરન્સ સહિત લાઈફ ઈન્સ્યોરન્સ પર ટેક્સ ચૂકવવો પડે છે. ટેક્સનો બોજો દૂર કરવો કે કેમ અને તેની અસરો પર જીઓએમ ચર્ચા કરી ૩૦ ઓક્ટોબર સુધી રિપોર્ટ રજૂ કરશે. પશ્ચિમ બંગાળ સહિત અમુક વિપક્ષ શાસિત રાજ્યોએ હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સ પર ટેક્સ સંપૂર્ણપણે હટાવવા માગ કરી છે. જ્યારે અન્ય રાજ્યોએ તેમાં ઘટાડો કરી ૫ ટકા કરવા ભલામણ કરી છે. પરિવહન મંત્રી નીતિન ગડકરીએ પણ જુલાઈમાં આ મુદ્દે જીએસટી દૂર કરવાની સલાહ આપતાં નાણા મંત્રી નિર્મલા સીતારમણને પત્ર લખી કહ્યું હતું કે, લાઈફ ઈન્સ્યોરન્સ પર જીએસટી વસૂલવો તે જીવનની અનિશ્ચિતતાઓ પર ટેક્સ લગાવવા સમાન છે.

# અમેરિકાના ફ્લોરિડા પામ બીચમાં ડોનાલ્ડ ટ્રમ્પના ગોલ્ફ કોર્સમાં AK-47થી ફાયરિંગ

**। (એજન્સી) વોશિંગ્ટન, તા.૧૬ ।**

ફ્લોરિડાના પામ બીચમાં ટ્રમ્પ ગોલ્ફ ક્લબની બહાર રવિવારે ફાયરિંગની માહિતી સામે આવી છે. અમેરિકાના રાષ્ટ્રપતિની ચૂંટણી માટે રિપબ્લિકન ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ સંપૂર્ણપણે સુરક્ષિત છે. આ ઘટના બાદ એફબીઆઈ અને સિક્રેટ સર્વિસ ટ્રમ્પ ગોલ્ફ કોર્સની આસપાસ બ્રીફિંગ કરી રહી છે. આ ઘટનાની તપાસની જવાબદારી ફેડરલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (FBI)ને સોંપવામાં આવી છે. એફબીઆઈએ કહ્યું કે તે આ ઘટનાની તપાસ "હત્યાના પ્રયાસ" તરીકે કરી રહી છે. સિક્રેટ સર્વિસના અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ઘટના ૨ વાગ્યા (સ્થાનિક સમય) પહેલા બની હતી. જો કે હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે કથિત ગોળીબાર પૂર્વ રાષ્ટ્રપતિ પર કરવામાં આવ્યો હતો કે નહીં. સિક્રેટ સર્વિસના અધિકારીઓના જણાવ્યા અનુસાર ટ્રમ્પ સંપૂર્ણપણે સુરક્ષિત છે. આ અંગે તેઓએ તપાસ પણ શરૂ કરી છે. ટ્રમ્પના પુત્ર ડોનાલ્ડ ટ્રમ્પ જુનિયરે સ્થાનિક કાયદા અમલીકરણને ટાંકીને જણાવ્યું હતું કે ઝાડીઓમાંથી એક AK-47 રાઈફલ મળી આવી હતી અને એક શંકાસ્પદની ધરપકડ કરવામાં આવી હતી. ધ ન્યૂ યોર્ક પોસ્ટે કાયદા અમલીકરણ સૂત્રોને ટાંકીને જણાવ્યું હતું કે રિપબ્લિકન રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર ડોનાલ્ડ ટ્રમ્પ રવિવારે એક ઘટના બાદ સુરક્ષિત હતા જેમાં તેમના ફ્લોરિડા ગોલ્ફ ક્લબની બહાર બે લોકોને ગોળી મારી દેવામાં આવી હતી.એફબીઆઈએ એક નિવેદનમાં જણાવ્યું હતું કે એજન્સીએ "વેસ્ટ પામ બીચ, ફ્લોરિડામાં પ્રતિક્રિયા આપી છે અને જાણ કરી છે કે તે આ ઘટનાની તપાસ કરી રહી છે. એજન્સીએ કહ્યું કે આ ઘટના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ટ્રમ્પની હત્યાનો પ્રયાસ હોય તેવું લાગે છે." "શંકાસ્પદ વ્યક્તિ પાસે એક AK-47 રાઈફલ પણ હતી," એક પ્રેસ બ્રીફિંગમાં અધિકારીઓએ જણાવ્યું હતું કે સિક્રેટ સર્વિસે શંકાસ્પદને ઓછામાં ઓછા ચાર ગોળી ચલાવી હતી હુમલાખોરે ગોળીબાર કર્યો હતો કે નહીં તે હજુ સ્પષ્ટ નથી.ધ ન્યૂ યોર્ક ટાઈમ્સ અને ફોક્સ ન્યૂઝે કાયદા અમલીકરણ અધિકારીઓને ટાંકીને અહેવાલ આપ્યો છે કે શંકાસ્પદની ઓળખ હવાઈના ૫૮ વર્ષીય વેસ્લી રોથ તરીકે થઈ છે.

## અનિલ વિજના દાવા પર ધર્મેન્દ્ર પ્રધાને આપ્યો જવાબ

# હરિયાણામાં સીએમ પદને લઈને ભાજપમાં વિવાદ

**। (એજન્સી) ચંદીગઢ, તા.૧૬ ।**

હરિયાણા વિધાનસભા ચૂંટણી દરમિયાન ભાજપના નેતાઓમાં મુખ્યમંત્રી પદ માટે દાવેદારી વધી રહી છે. આ દરમિયાન હરિયાણાના પૂર્વ ગૃહમંત્રી અને અંબાલા કેન્ટથી ભાજપના ઉમેદવાર અનિલ વિજે રવિવારે (૧૫મી સપ્ટેમ્બર) મોટું નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે, 'જો ભાજપ ચૂંટણી જીતશે તો હું મુખ્યમંત્રી બનીશ. કારણ કે, હું પાર્ટીના સૌથી વરિષ્ઠ નેતા છું.' જો કે કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને સ્પષ્ટ કર્યું કે, 'હરિયાણાના મુખ્યમંત્રી નાયબ સિંહ સૈની ભાજપનો મુખ્યમંત્રી પદનો ચહેરો છે.' અંબાલા કેન્ટથી ભાજપના ઉમેદવાર અનિલ વિજના નિવેદનને અંગે હરિયાણા ચૂંટણીના ભાજપના પ્રભારી ધર્મેન્દ્ર પ્રધાને પત્રકાર પરિષદમાં કહ્યું કે, એક પાર્ટીના કાર્યકર હોવાના કારણે તેમણે આવું કહ્યું હશે.

ગણેશ ગોંડલની જેલમાંથી જીત

# ૫૦૦ કરોડનો વહીવટ કરતી ગોંડલ નાગરિક સહકારી બેંકની ચૂંટણીમાં ભગવો લહેરાયો

**હાલ જુનાગઢની જેલમાં રહેલા જયરાજસિહનાં પુત્ર જ્યોતિરાદિત્યસિંહ ઉર્ફે ગણેશ ગોંડલનો વિજય થતા ગુજરાતનાં સહકારી ક્ષેત્રમાં જેલમાં રહી ચુંટણી જીતવાની પ્રથમ ઘટના બની છે**

। (એજન્સી) ગોંડલ, તા.૧૬ ।

ગોંડલ નાગરિક બેંકની હાઈવોલ્ટેજ ડ્રામા સમી ચુંટણીનું પરિણામ જાહેર થતા ભાજપ પ્રેરીત પેનલનાં તમામ ૧૧ ઉમેદવારોનો જ્વલંત વિજય થયો છે. જ્યારે કોંગ્રેસનાં યતિષભાઈ દેસાઈની પેનલની ધોબી પછડાટ સાથે કારમી હાર થઈ છે. ચુંટણીમાં અપ ક્ષ ઉમેદવારની ડીપોઝીટ ડુલ થઈ છે. ભાજપની પેનલનો જયજયકાર થતા સમર્થકોએ ઢોલ નગારા વગાડી ફટાકડા ફોડી વિજયને વધાવ્યો હતો. હાલ જુનાગઢની જેલમાં રહેલા જયરાજસિહનાં પુત્ર જ્યોતિરાદિત્યસિંહ ઉર્ફે ગણેશ ગોંડલનો વિજય થતા ગુજરાતનાં સહકારી ક્ષેત્રમાં જેલમાં રહી ચુંટણી જીતવાની પ્રથમ ઘટના બની છે.

સમગ્ર ગુજરાતની જેના પર મીટ મંડાઈ હતી, તેવી ગોંડલની નાગરિક બેંકની ચૂંટણીની મતગણતરી રાત્રિનાં ૮:૩૦ કલાકે શરુ થઈ હતી. મત ગણતરીની શરુઆતથી જ ભાજપ પ્રેરીત પેનલનાં તમામ ઉમેદવારો લીડ સાથે આગળ ચાલી રહ્યા હતા. આજે વહેલી સવારે પરિણામ જાહેર થતા ભાજપ પ્રેરીત પેનલનો વિજય થયો હતો. ચુંટણીનું પરિણામ જોતા મતદારોએ વાદવિવાદને બદલે વિકાસને પસંદ કર્યા નું સ્પષ્ટ થયુ છે. આ સાથે જયરાજસિંહ જાડેજાનું રાજકીય વર્ચસ્વ બરકરાર રહેવા પામ્યું છે. તો સૌથી વધુ મત મેળવી ચેરમેન અશોકભાઈ પીપળીયા કીંગમેકર સાબીત થયા છે. છેલ્લા ચાર વર્ષમાં ચેરમેન અશોકભાઈ પીપળીયાએ નાગરિક બેંકને વિકાસની ટોચ પર પંહોચતી કરી કુશળ વહીવટ દાખવ્યો તે ભાજપની જીતનો ટર્નિંગ પોઈન્ટ બન્યો છે.

ભાજપના નેતાએ દબાણ તોડ્યું

# નેતાઓ, બિલ્ડરો અને માલેતુજારોના દબાણોના કારણે વડોદરા પાણીમાં ડૂબ્યું

**વિશ્વામિત્રી નદી અને વરસાદી કાંસ પર થયેલા દબાણો પૂર માટે મુખ્ય જવાબદાર છે, જેને લઇ નાગરિકોમાં ભારે રોષ પણ છે**

। (એજન્સી) વડોદરા, તા.૧૬ ।

વડોદરા શહેરમાં પૂરના પાણીએ સર્જેલી તારાજીને વડોદરાવાસીઓ ભૂલી શકે તેમ નથી. તો સાથે જ જેમના કારણે શહેરમાં પૂરની સ્થિતિ સર્જાઈ તેમને પણ વડોદરાવાસીઓ ભૂલવાના મૂડમાં નથી. વિશ્વામિત્રીમાં પૂરનું પાણી આવ્યું અને વડોદરાની દશા બેઠી એ તો સૌ કોઈ જાણે છે. પરંતુ આ નિર્દોષ નદીએ કેમ આટલું રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું એના જીવતા જાગતા પુરાવા આજે અમે તમને બતાવવા જઈ રહ્યા છીએ. કોણે નદી પર દાનત બગાડી અને દબાણો થકી પોતાનું સામ્રાજ્ય ઉભુ કર્યું એ જાણવા માટે જોઈએ આ વિશેષ અહેવાલપ વડોદરામાં પૂરના કારણે નાગરિકોને લાખો કરોડો રૂપિયાનું નુકસાન થયું છે, વિશ્વામિત્રી નદી અને વરસાદી કાંસ પર થયેલા દબાણો પૂર માટે મુખ્ય જવાબદાર છે, જેને લઈ નાગરિકોમાં ભારે રોષ પણ છે. દબાણોને લઈ નાગરિકો, ભાજપ કોંગ્રેસના મોટા નેતાઓએ તમામે સવાલો ઉઠાવ્યા છે. ત્યારે હવે મોડે મોડે ભાજપના કોર્પોરેટર પરાક્રમસિંહ જાડેજાએ વિશ્વામિત્રી નદીમાં કરેલ દબાણો તોડવાની શરૂઆત કરી છે. પરાક્રમસિંહ જાડેજાએ નદીમાં ઓટલો બનાવ્યો, સાથે જ નદીથી ૩૦ મીટરનું માર્જિન છોડ્યા વગર સોમનાથ વીલા બંગલાની પ્રોટેક્શન વોલ પણ ઉભી કરી દીધી છે. ભાજપ કોર્પોરેટરના દબાણને લઈ ઉઠતા મોડે મોડે કોર્પોરેટરે ઓટલો તોડવાની શરૂઆત કરી છે. પણ ઘરની પ્રોટેક્શન વોલ પણ નિયમ પ્રમાણે તોડવી પડે તેમ છે. ત્યારે શું તેવો વોલ તોડશે તે સવાલ ઊઠવા પામી રહ્યો છે. નેતાઓ, બિલ્ડરો અને માલેતુજારોના દબાણોના કારણે શહેર પાણીમાં ડૂબ્યું જેને લઈ નાગરિકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

## ન્યૂઝ બ્રિફ

### ગુજરાત પોલીસ બની હાઈટેક, દાહોદ પોલીસે ડ્રોનની મદદથી પકડ્યા ચોર

। (એજન્સી) દાહોદ, તા.૧૬ ।

ગુજરાત પોલીસ હવે હાઈટેક બની રહી છે. ગુજરાતના છેવાડાના જિલ્લાની પોલીસે ટેકનોલોજીના મદદથી રાતના અંધારામાં ચોર પકડ્યો હતો. થર્મલ નાઈટ વિઝન કેમેરાના મદદથી જંગલમાં ચોરી કરીને ભાગતા ચોરને પોલીસે પકડી પાડ્યો તો. ત્યારે ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ દાહોદ SP અને તેમની ટીમને અભિનંદન પાઠવ્યા. દાહોદ SP અને તેમની ટીમને ઉત્કૃષ્ટ કામગીરી બદલ અભિનંદન પાઠવ્યા. હર્ષ સંઘવીએ ટ્વીટ કરીને જણાવ્યું કે, આ ઉત્કૃષ્ટ શોધ બદલ DSP દાહોદ અને તેમની ટીમને અભિનંદન આપતા અમને ગર્વ છે! ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ સમગ્ર કામગીરીના વખાણ કરતા કહ્યું કે, દાહોદ એસપી અને ટીમ દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી! શું તમે ક્યારેય વિચાર્યું છે? આદિજાતિ જિલ્લા પોલીસ ગ્રામીણ પોલીસિંગ માટે નવા માપદંડો સુયોજિત કરીને કેસ ઉકેલવા થર્મલ ઈમેજ નાઈટ વિઝન ડ્રોનનો ઉપયોગ કરી રહી છે! ગઈકાલે એક મંદિરનો ચોર ગાઢ જંગલમાં ભાગી ગયો હતો, પરંતુ DSP દાહોદ અને ટીમે તેને ભાગવા દીધો નહોતો! તેઓએ ગુનેગારને ટ્રેક કરવા અને પકડવા માટે થર્મલ ઈમેજ નાઈટ વિઝન ડ્રોન તૈનાત કર્યા.

### સાઉથ આફ્રિકા મોકલવા માટેની ૧૧૦ કરોડની પ્રતિબંધિત ટેબ્લેટ ઝડપાઈ

। (એજન્સી) કચ્છ, તા.૧૬ ।

કચ્છના મુન્દ્રા પોર્ટ પરથી કસ્ટમ વિભાગ દ્વારા ચાર કન્ટેનરમાં ભરેલો પ્રતિબંધિત ટ્રામાડોલ ટેબ્લેટનો જથ્થો જપ્ત કર્યો છે. જેની બજાર કિંમત ૧૧૦ કરોડ રૂપિયા થવા જાય છે. પ્રતિબંધિત દવાનો આ જથ્થો સાઉથ આફ્રિકામાં મોકલવામાં આવી રહ્યો હોવાનું સામે આવ્યું છે. કસ્ટમ વિભાગ દ્વારા આ મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.રાજકોટના મર્ચન્ટ એક્સપોર્ટર દ્વારા જુલાઈ મહિનાના અંતમાં સાત કન્ટેનરો સાઉથ આફ્રિકા માટે નિકાસ કર્યા હતા. જોકે મુન્દ્રા કસ્ટમના સ્પેશિયલ ઈન્ટેલિજન્સ યુનિટના અધિકારીઓને માહિતી મળી જતા ત્રણ કન્ટેનરો જપ્ત કર્યા હતા.જેમાં ૧૦૦ કરોડની પ્રતિબંધિત ટેબલેટો મળી આવી હતી આ કેસની તપાસ ચાલુ રાખવામાં આવતા કસ્ટમને એવી માહિતી મળી હતી કે, અગાઉ ચાર કન્ટેનરો સાઉથ આફ્રિકામાં દરિયાઈ માર્ગે જવા માટે નીકળી ગયા છે કસ્ટમ વિભાગે સાઉથ આફ્રિકાના પોર્ટનો સંપર્ક કરીને ચાર કન્ટેનરો પરત મોકલવા લેખિતમાં જાણ કરી હતી. આ ચાર કન્ટેનરો મુન્દ્રા કસ્ટમમાં પરત આવતા કસ્ટમ વિભાગે ચાર કન્ટેનરમાંથી પ્રતિબંધિત દવાઓ જપ્ત કરી છે. જેની ઈન્ટરનેશનલ માર્કેટમાં કિંમત ૧૧૦ કરોડ થવા માટે જાય છે. અત્યાર સુધીમાં અંદાજે ૨૧૦ કરોડની પ્રતિબંધિત દવાઓ કસ્ટમ વિભાગે જપ્ત કરી છે.

# વડોદરામાં ચોર ૪૫ હજારના ચણિયાચોળી લઈ ગયા ચોર

। (એજન્સી) વડોદરા, તા.૧૬ ।

દેશભરમાં લોકો ગણેશોત્સવની ઉજવણી કરી રહ્યાં છે, ત્યારે તહેવાર ટાણે વડોદરામાં ચોરની ટોળકીઓ સક્રિય થઈ ગઈ છે. એક જ દિવસમાં શહેરમાં ત્રણ જગ્યાએ ચોરી થતાં રહીશો ચિંતામાં મુકાયા છે. પરિવાર ગણપતિના દર્શન કરવા ગયાં ત્યારે ચોર ટોળકીએ ઘરના તાળા તોડીને ૭૬ હજારના દાગીના ચોરીને ફરાર થઈ ગયાં હતાં. ત્યાં બીજી બાજુ નજીકમાં જ પ્રોડક્ટિવિટી રોડ પરની દુકાનના તાળા તોડી ચોરે ૪૫ હજારના ચણિયાચોળીની ચોરી કરી હતી.



વાઘોડિયા રોડ કૈલાસ પાર્ક સોસાયટીમાં રહેતા હાર્દિક અજયકુમાર સલગર માંજલપુર અલવા નાકા પાસે ફાસ્ટેક લોન સર્વિસિસની ઓફિસમાં નોકરી કરે છે. ૧૩મી સપ્ટેમ્બરે રાત્રે સાડા આઠ વાગ્યે હાર્દિક પોતાની બહેન અને માતા સાથે ઘરને તાળુ મારીને ગણપતિ જોવા નીકળ્યા હતાં. રાત્રે સાડા અગિયાર વાગ્યે તેઓ ઘરે પાછા આવ્યા ત્યારે ઘરના દરવાજાનું તાળુ તૂટેલું હતું. ઘરમાં જઈને જોતા તિજોરી ખુલ્લી હતી અને સામાન વેરવિખેર હાલતમાં પડ્યો હતો. ચોર ટોળકી સોનાના પાંચ તોલાના દાગીના અને ચાંદીની ઝાંઝર મળીને કુલ ૭૬ હજારના ઘરેણાં ચોરી ગયા હતાં. જે અંગે પાણીગેટ પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

બીજી બાજુ વડોદરાના વારસિયા અંબિકા નગર સોસાયટીમાં રહેતા કરણ હિરાલાલ લુધરાણીની પ્રોડક્ટિવિટી રોડ પર માનસી કોમ્પ્લેક્સમાં સુઈ-ધાગા નામની દુકાન છે. ૧૩મી સપ્ટેમ્બરે તેઓ દુકાન બંધ કરીને ઘરે ગયા હતાં. બીજા દિવસે સવારે દુકાનની સામે ચાની લારીવાળાએ કોલ કરીને હિરાલાલને જણાવ્યું કે, તમારી દુકાનમાં ચોરી થઈ ગઈ છે. દુકાને જતાં હિરાલાલને જાણ થઈ કે, ૪૫ હજારના ચણિયાચોળીના પીસ મળીને કુલ ૯૦ હજારની ચોરી થઈ હતી. વડોદરાના ડભોઈ રોડ મહાનગર વુડાના મકાનમાં રહેતા જશોદાબેન ડાહ્યાભાઈ પરમાર ઘરની સામે પાનનો ગલ્લો ચલાવે છે. વાડી પોલીસ સ્ટેશનમાં તેઓએ ફરિયાદ નોંધાવતા જણાવ્યું કે, ગઈકાલે સાંજે સાત વાગ્યે હું ઘરનું કામ પતાવીને ગલ્લા પર બેસવા ગઈ.

મારા પતિ ગલ્લા પર બેઠા હતાં, તેથી હું પગથિયા પર બેઠી હતી. સાડા સાત વાગ્યે અગાઉ અમારા વુડાના મકાનમાં રહેતો સમીર આવ્યો હતો. મેં તેને પૂછ્યું કે, શું જોઈએ છે? ત્યારે તે કંઈપણ બોલ્યો નહીં અને મારા ગળામાંથી સોનાનું મંગળસૂત્ર આંચકીને ભાગવા લાગ્યો.

અમરેલીમાં મકાનમાં ઘૂસેલો દીપડો માળિયે સૂઈ ગયો

# ગીર ગઢડામાં દીપડાએ ૪ વર્ષની બાળકીને ફાડી ખાધી

। (એજન્સી) ગીર ગઢડા, તા.૧૬ ।

અમરેલી જિલ્લામાં વન્ય પ્રાણીઓનો આંતક સતત વધી રહ્યો છે. વન્ય પ્રાણીઓના હુમલાની ઘટના અવારનવાર સામે આવતી હોય છે, ત્યારે વધુ એક દીપડાના હુમલાની ઘટના સામે આવી છે. ગીર ગઢડાના કોદીયા ગામે ઘરના રસોડામા બેઠેલી ૪ વર્ષીય બાળકીને દીપડાએ ફાડી ખાધી હતી. બાળકીના મોતથી તેમના પરિવારમાં શોકનું મોજુ ફળી વળ્યું હતું. મળતી માહિતી અનુસાર, કોદીયા ગામે માલધારીની માનવ વસવાટમાં રહેતાં વાઘા ભરવાડની ચાર વર્ષીય દિકરી ધ્રુવી પર માનવભક્ષી દીપડો તરાપ મારીને ફાડી ખાધી હતી. અચાનક ઘટના બનતા ત્યાં હાજર રહેલા લોકોએ દોડી ધ્રુવીને બચાવવા માટે પ્રયાસ કર્યો હતો. પરંતુ બાળકીનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજ્યું હતું. ઘટના જાણ થતા જ વન્ય વિભાગની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. બાળકીના મૃતદેહને પીએમ માટે ગીર ગઢડા સરકારી હોસ્પિટલમાં ખસેડ્યો છે. આ ઘટના બાદ વન વિભાગે માનવભક્ષી દીપડાને પાંજરે પૂર્યો છે.

હસમુખ પટેલે કરી જાહેરાત

# ૧૫ નવેમ્બરની આસપાસ શરૂ થશે PSI-લોકરક્ષકની શારીરિક કસોટી

**અધ્યક્ષે મહત્વપૂર્ણ મુદ્દો પણ ઉજાગર કર્યો છે કે PSI અને લોકરક્ષક ભરતીમાં શારીરિક કસોટીના ગુણ ગણાતા નથી**

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૬ ।

ગુજરાત રાજ્ય પોલીસ ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે આજે એક મહત્વપૂર્ણ જાહેરાત કરી છે. તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ટ્વિટર પર જણાવ્યું છે કે પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI) અને લોકરક્ષકની ભરતી માટેની શારીરિક કસોટી ૧૫ નવેમ્બરની આસપાસ શરૂ થશે. પટેલે વધુમાં ઉમેર્યું કે શારીરિક કસોટી પછી તરત જ લેખિત પરીક્ષા લેવામાં આવશે. તેમણે ઉમેદવારોને સલાહ આપી છે કે તેઓ તૈયારીમાં લાગી જાય, કારણ કે પૂરતી તૈયારી વિના શારીરિક કસોટી આપવી યોગ્ય નથી અને તેનાથી શારીરિક તકલીફ થઈ શકે છે. અધ્યક્ષે એક મહત્વપૂર્ણ મુદ્દો પણ ઉજાગર કર્યો છે કે PSI અને લોકરક્ષક ભરતીમાં શારીરિક કસોટીના ગુણ ગણવામાં આવતા નથી. તેથી, તેમણે ઉમેદવારોને સૂચવ્યું છે કે તેઓ શારીરિક કસોટી પાસ કરવા પૂરતો જ સમય ફાળવે અને બાકીનો મોટાભાગનો સમય લેખિત પરીક્ષાની તૈયારી માટે ઉપયોગ કરે. નોંધનીય છે કે, ગુજરાત સરકારના ગૃહ વિભાગે આજે પોલીસ દળમાં વિવિધ પદો માટે મોટાપાયે ભરતી અભિયાનની જાહેરાત કરવામાં આવી હતી. આ ભરતી અભિયાન હેઠળ કુલ ૧૨,૪૭૨ જગ્યાઓ ભરવામાં આવશે, જેમાં પોલીસ સબ ઈન્સ્પેક્ટર (PSI), લોકરક્ષક અને જેલ સિપાઈના પદોનો સમાવેશ થાય છે.

બાજુના મકાનમાં જ જમી રહ્યા હતા બાળકો

# ડેડિયાપાડમાં આવેલું છાત્રાલય સેકન્ડોમાં ધરાશાયી થઈ ગયું

। (એજન્સી) નર્મદા, તા.૧૬ ।

આજે બપોરે ડેડિયાપાડામાં આદિજાતિ વિકાસ વિભાગ, ગુજરાત રાજ્ય સંચાલિત આદર્શ નિવાસી કુમાર શાળાનું આખેઆખું બિલ્ડિંગ ધરાશાયી થયું છે. આ મોટી દુર્ઘટનામાં સદનસીબે કોઈ જાનહાની થયાના સમાચાર આવ્યા નથી. આજે બપોરે ૧૨:૦૦ વાગ્યાની આસપાસ આ છાત્રાલયના બાળકો બાજુના મકાનમાં જમી રહ્યા હતા ત્યારે જ આખેઆખું બિલ્ડિંગ ધરાશાયી થયું હતું. આ દુર્ઘટનાનો લાઈવ વીડિયો પણ સામે આવ્યો છે. આ ઘટનાની જાણ થતાં ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવા પણ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. તેમણે સ્થાનિક નેતાઓ પર ગંભીર આરોપ લગાવ્યા છે. આજે બપોરે ૧૨:૦૦ વાગ્યાની આસપાસ આદર્શ નિવાસી કુમાર શાળાના છાત્રાલયના બાળકો બાજુના મકાનમાં જમી રહ્યા હતા ત્યારે જ આખેઆખું બિલ્ડિંગ ધરાશાયી થયું હતું. આ દુર્ઘટનાનો લાઈવ વીડિયો પણ સામે આવ્યો છે. જોકે, છાત્રાલયના સંચાલકોએ અગમચેતી વાપરીને આ જર્જરિત બિલ્ડિંગ પડે તે પહેલા જ બાળકોને વૈકલ્પિક વ્યવસ્થામાં સ્પોર્ટ્સ હોલમાં રહેવા માટે મોકલી દીધા હતા. જેના કારણે મોટી દુર્ઘટના તો બની પરતુ સદનસીબે જાનહાનિ ટળી છે. અત્યાર સુધીમાં કોઈની પણ જાનહાનિના સમાચાર સામે આવ્યા નથી. આ અંગે ડેડિયાપાડાના ધારાસભ્ય ચૈતર વસાવાએ સખત વિરોધ કરતા જણાવ્યુ છે કે, 'આદર્શ નિવાસી છાત્રાલયનું જે બિલ્ડિંગ ધરાશાયી થઈ ગયું છે તે બિલ્ડિંગમાં ૨૯૬ વિદ્યાર્થીઓ રહેતા હતા અને અભ્યાસ કરતા હતા. આ શાળાના આચાર્ય અને સ્ટાફની સમયસૂચકતાને કારણે થોડા સમય પહેલા જ વિદ્યાર્થીઓને બાજુના મકાનમાં શિફ્ટ કરી દીધા હતા.

## વિશેષ

**અમદાવાદ, ગાંધીનગર તથા ગિફ્ટ સિટી હવે મેટ્રોથી જોડાતાં રાજ્યના વિકાસને વધુ વેગ મળશે : મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ**

# સતત ત્રીજી વખત વડાપ્રધાન બન્યા પછીની ગુજરાતની પહેલી જ મુલાકાતમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે રૂ. ૮૦૦૦ કરોડથી વધુનાં વિકાસકાર્યોની રાજ્યને ભેટ

। (માહિતી) અમદાવાદ ।

સતત ત્રીજી વખત વડાપ્રધાન તરીકે દેશનું સુકાન સંભાળ્યા પછી પહેલી વાર ગુજરાતના ત્રિ-દિવસીય પ્રવાસે પધારેલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રૂ. ૮૦૦૦ કરોડથી વધારેનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. અમદાવાદમાં જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે આયોજિત 'વિકસિત ભારત, વિકસિત ગુજરાત' સમારંભ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતની ગરિમાપૂર્ણ ઉપસ્થિતિમાં યોજાયો હતો, જેમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને કેન્દ્રીય મંત્રી તથા ભાજપ પ્રદેશ પ્રમુખ શ્રી સી.આર. પાટીલ અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. જનસભાને સંબોધતા પહેલાં વડાપ્રધાનશ્રી લોકોની વચ્ચેથી પસાર થતાં જનમેદનીમાં હર્ષોલ્લાસ છવાયો હતો. વડાપ્રધાનશ્રીએ હજારો લોકોનું અભિવાદન ઝીલ્યું હતું. 'વિકસિત ભારત, વિકસિત ગુજરાત' સમારંભમાં વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતું કે, આજે દેશમાં ચારે તરફ ઉત્સવની ધૂમ છે. ઉત્સવના આ દિવસોમાં ભારતમાં વિકાસનું પર્વ પણ નિરંતર ઊજવાઈ રહ્યું છે. આજે ગુજરાતમાં રૂ. ૮૦૦૦ કરોડના પ્રોજેક્ટના ખાતમુહૂર્ત અને લોકાર્પણ સંપન્ન થયું છે, જેમાં રોડ, રેલ, મેટ્રો જેવા અનેક પ્રોજેક્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે. વડાપ્રધાનશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, આજે ગુજરાતના હજારો પરિવારોને પોતાનું ઘરનું ઘર મળ્યું છે. આ પરિવારો નવરાત્રિ, દશેરા, ધનતેરસ, દિવાળી સહિતના બધા તહેવાર એટલા જ ઉમંગ અને ઉલ્લાસથી પોતાના નવા ઘરમાં ઊજવશે, એનો આનંદ છે. ગુજરાતમાં આવેલી અતિવૃષ્ટિની વાત કરતા વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, ઉત્સવના આ માહોલમાં પીડા પણ છે, કેમ કે ગુજરાતના અનેક વિસ્તારમાં અતિવૃષ્ટિ જોવા મળી છે. ગુજરાતમાં એક-બે જગ્યાએ નહીં પણ ગુજરાતના દરેક ખૂણામાં વરસાદ પડ્યો છે અને અનેકગણો વધારે વરસાદ પડ્યો છે. લોકોએ અનેક સ્વજનો ગુમાવ્યા છે અને જાન- માલનું પણ નુકસાન થયું છે. આ પરિસ્થિતિમાં કેન્દ્ર અને રાજ્ય સરકાર હર હંમેશની જેમ તમામ પ્રકારની મદદ આપી રહી છે. આ પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કહ્યું કે, ત્રીજીવાર વડાપ્રધાનના શપથ લીધા બાદ પ્રથમવાર ગુજરાત આવ્યો છું. ગુજરાત મારી જન્મભૂમિ છે. ગુજરાતે જીવનની દરેક શીખ મને આપી છે અને ગુજરાતનાં દરેક નાગરિકોએ હંમેશાં મારા પર પ્રેમ વરસાવ્યો છે. ગુજરાતમાં આવીને હર હંમેશની જેમ નવી ઊર્જા મળી છે, અને મારા જોમ તથા જુસ્સો પણ વધ્યો છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, ૬૦ વર્ષ પછી દેશની જનતાએ નવો ઈતિહાસ રચ્યો છે. આ સરકારને સતત ત્રીજીવાર દેશની સેવા કરવાનો અવસર આપ્યો છે. આ સરકારે દેશવાસીઓને ગેરંટી આપી હતી કે, ત્રીજી ટર્મના ૧૦૦ દિવસમાં અભૂતપૂર્વ નિર્ણયો લેવામાં આવ્યા છે. છેલ્લા ૧૦૦ દિવસમાં કેન્દ્ર સરકારે રાત-દિવસ જોયા વગર દેશના નાગરિકોની સેવા માટે અથાગ પ્રયત્નો કર્યા છે. છેલ્લા ૧૦૦ દિવસમાં રૂ. ૧૫ લાખ કરોડથી વધુની યોજનાઓ પર કામ શરૂ થયું છે. વધુમાં વાત કરતા



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતુ કે, આજે નવા સંકલ્પ સાથે કામ કરતા નવા ભારતની વિદેશોમાં વાહવાહી થઈ રહી છે. આજે દુનિયા ભારત સાથે જોડાવા ઉત્સુક છે. દુનિયા ભારત અને ભારતીયોનું ખુલ્લા મનથી સ્વાગત કરે છે. ઘણી સમસ્યાઓના સમાધાન માટે આજે ભારતને યાદ કરવામાં આવે છે. ભારત તેજ ગતિથી વિકાસના માર્ગ પર આગળ વધી રહ્યું છે. કલ્ચરથી લઈને એગ્રીકલ્ચર સુધી આજે ભારત દુનિયામાં ધૂમ મચાવી રહ્યું છે, એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું. વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, કેટલાક નકારાત્મક લોકો દેશની એકતા પર પ્રહાર કરે છે, તુષ્ટિકરણમાં રચ્યાપચ્યા રહેનારા લોકો સત્તાલાલસા માટે કાશ્મીરમાં કલમ ૩૭૦ પાછી લાવવા મરણિયા થયા છે, આવા લોકોને જનતા મક્કમ જવાબ આપશે. વધુમાં વાત કરતા વડાપ્રધાનશ્રીએ જણાવ્યું હતુ કે, હું સરદારની ભૂમિમાંથી પેદા થયો છું, દરેક મજાક-અપમાન સહન કરતાં કરતાં ૧૦૦ દિવસ મેં દેશહિત માટે અને જનકલ્યાણલક્ષી નીતિ-નિર્ણયો માટે વિતાવ્યા છે. ભારતની શાન વધારવાના અને દરેક ભારતીયને સન્માનપૂર્વકનું જીવન આપવાના ઉદ્દેશ સાથે કેન્દ્ર સરકાર સતત નવી ઉર્જા અને નવી ચેતના સાથે કાર્યરત રહેશે. દેશ માટે જીવીશ, ઝઝૂમીશ અને દેશ માટે ખપી જઈશ. ૧૪૦ કરોડ ભારતવાસીઓના આશીર્વાદ મારા માટે સર્વસ્વ છે, એમ તેમણે ઉમેર્યું હતું.

વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, ચૂંટણી દરમિયાન ત્રણ કરોડ નવા ઘરો બનાવવાની ગેરેંટી આપી હતી, તેના પર કામ થઈ રહ્યું છે. આજે ગુજરાતમાં અનેક પરિવારોને પોતાનું ઘરનું ઘર મળ્યું છે. ગામ અને શહેરની સુવિધાઓના વિકાસ પર કામ થઈ રહ્યું છે. ફેક્ટરીમાં કામ કરનાર લોકો માટે વિશેષ આવાસ તૈયાર કરવામાં આવી રહ્યા છે. એટલું જ નહીં, વર્કિંગ વિમેન માટે નવી હોસ્ટેલ પણ તૈયાર કરવામાં આવી રહી છે. આ સંદર્ભમાં તેમણે વધુમાં કહ્યું કે, થોડાક દિવસો પહેલા જ ગરીબ અને મધ્યમ વર્ગના લોકો માટે સ્વાસ્થ્યને લઈને એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. ૭૦ કે તેથી વધુની ઉંમરના તમામ લોકોને પાંચ લાખ સુધીની નિશુલ્ક સારવાર આપવાની ગેરંટી પૂરી કરવામાં આવી છે. છેલ્લા ૧૦૦ દિવસમાં યુવાનો માટે નોકરી, સ્વરોજગાર, કૌશલ્ય વિકાસ જેવા ક્ષેત્રોમાં મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે. યુવાનો માટે રૂ. ૨ લાખ કરોડનું પીએમ પેકેજ જાહેર કરવામાં આવ્યું છે, જેનો ફાયદો ચાર કરોડથી વધુ યુવાનોને થવાનો છે. વડાપ્રધાનશ્રીએ કહ્યું કે, આજે મુદ્રા લોન સ્વરોજગાર ક્ષેત્રમાં નવી ક્રાંતિ લાવી રહ્યું છે. પહેલા ૧૦ લાખ સુધીની લોન આપવામાં આવતી હતી, જેને વધારીને હવે ૨૦ લાખ સુધીની કરવામાં આવી છે.

તેમણે વધુમાં ઉમેર્યું કે, દેશની માતા અને બહેનોને કેન્દ્ર સરકારે ગેરંટી આપી હતી કે, દેશમાં ત્રણ કરોડ લખપતિ દીદી બનાવવામાં આવશે. જેમાં છેલ્લા એક વર્ષમાં ૧ કરોડ લખપતિ દીદી બની ગઈ છે. એટલુ જ નહીં ત્રીજી ટર્મમાં માત્ર ૧૦૦ દિવસમાં જ ૧૧ લાખ નવી લખપતિ દીદી બનાવવામાં આવી છે. દેશના ખેડૂતોના વિકાસ માટે સરકાર સતત પ્રયાસરત છે એમ જણાવતાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે તેલીબિયાં પકવનારા ખેડૂતોને એમએસપીથી પણ વધુ ભાવ આપવાનો નિર્ણય કર્યો છે. સાથે જ, સરકારે વિદેશી તેલની આયાત પર ડ્યુટી વધારી છે. સોયાબીન અને સૂર્યમુખીની ખેતી કરતા ખેડૂતોને તેનો લાભ મળશે. ખાદ્યતેલ ક્ષેત્રે દેશને આત્મનિર્ભર બનાવવા માટે પણ ઝડપ થી કામગીરી કરવામાં આવી રહી છે. બાસમતી ચોખા અને ડુંગળીની નિકાસ પર લગાવવામાં આવેલો પ્રતિબંધ પણ હટાવી લેવામાં આવ્યો છે, જેથી વિદેશમાં ભારતીય ચોખા અને ડુંગળીની માંગમાં વધારો થશે, જેનો સીધો લાભ ખેડૂતોને થશે, એમ તેમણે ઉમેર્યું હતું. ત્રીજી ટર્મમાં પાછલા ૧૦૦ દિવસમાં કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા મહત્વના નિર્ણયો અને યોજનાઓ વિશે વધુમાં વાત કરતા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ જણાવ્યું હતું કે, રેલ, રોડ, પોર્ટ, એરપોર્ટ, મેટ્રો સાથે જોડાયેલા ડઝનો પ્રોજેક્ટને પાછલા ૧૦૦ દિવસમાં સ્વીકૃતિ આપવામાં આવી છે.

**ન્યૂઝ બ્રિફ**

## ગંગાએ તોડ્યો વર્ષો જૂનો રેકોર્ડ, આવું રૌદ્ર સ્વરુપ ક્યારેય નહીં જોયું હોય

। (એજન્સી) મિર્ઝાપુર, તા.૧૬ ।

ઉત્તર પ્રદેશના મિર્ઝાપુર જિલ્લામાં ઝડપથી ગંગાનું જળસ્તર વધી રહ્યું છે. નવ સેન્ટીમીટર પ્રતિ કલાકની સ્પીડથી જળસ્તરમાં વધારો થઈ રહ્યો છે. ભારે વહેણને જોતા પ્રશાસન એલર્ટ મોડ પર છે. મિર્ઝાપુર જિલ્લામાં જળસ્તર વધારા બાદ ઘાટ પર સીડીઓ ડૂબી ગઈ છે. વિંધ્યાચલ પક્કાઘાટ, નારઘાટ તથા બરિયાઘાટની ૨૦થી વધારે સીડીઓ પાણીમાં ડૂબી ગઈ છે. મિર્ઝાપુરમાં ગંગાનું જળસ્તરે છેલ્લા એક વર્ષનો રેકોર્ડ તોડી નાખ્યો છે. જળસ્તર ૭૫ મીટર પહોંચી ગયું છે, જે ખતરાના નિશાનથી ફક્ત ૧ મીટર ઓછું છે. સ્પીડ આવી જ રહેશે તો ટૂંક સમયમાં પાણી ખતરાના નિશાનથી ઉપર થઈ જશે. શહેરના પક્કાઘાટ પર થનારી ઐતિહાસિક ગંગા આરતીનું સ્થાન બદલી નાખ્યું છે. આરતીને ઘાટની છત નીચે કરી દેવામાં આવી છે. આલોક મિશ્રાએ જણાવ્યું કે, ''જળસ્તરમાં વધારાના હિસાબથી સ્થાન પરિવર્તિત કર્યું છે.'' મિર્ઝાપુરમાં પૂરને જોતા ૩૭ ચોકીઓને ફરી સક્રિય કરી દેવામાં આવી છે.

## અભિનેત્રી અદિતિ રાવ હૈદરી અને સિદ્ધાર્થ લગ્નના બંધનમાં બંધાયા

। (એજન્સી) હૈદરાબાદ, તા.૧૬ ।

અદિતિ રાવ હૈદરી અને સિદ્ધાર્થ લાંબા સમયથી રિલેશનશિપમાં છે. આ કપલે માર્ચમાં સગાઈ કરી હતી અને ત્યારથી ફેન્સ તેમના લગ્નની રાહ જોઈ રહ્યા હતા. વચ્ચે ઘણા એવા પણ અહેવાલ મળ્યા હતા કે આ કપલે ગુપચુપ રીતે લગ્ન કરી નાંખ્યા છે. ત્યારે હવે અભિનેત્રીએ તેના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર સિદ્ધાર્થ સાથેના લગ્નની પ્રથમ તસવીરો શેર કરી છે. લગ્નની તસવીરોમાં કપલ પરંપરાગત પોશાકમાં જોવા મળે છે. લગ્નની જાહેરાત કરતી વખતે, અભિનેત્રીએ તેના ઈન્સ્ટાગ્રામ પર લગ્નનો ફોટો શેર કર્યો છે. તસવીરો શેર કરતી વખતે અભિનેત્રીએ કેપ્શનમાં લખ્યુ કે, 'તમે મારો સૂર્ય, મારો ચંદ્ર અને મારા બધા તારા છો... અનંતકાળ માટે પિક્સી સોલમેટ બનવા માટે... હસવા માટે, ક્યારેય મોટા ન થવા માટે... અનંત પ્રેમ માટે, પ્રકાશ અને જાદુ માટે, મિસેજ એન્ડ મિસ્ટર શ્રી અદુ-સિધુ.' આ તસવીરો પરથી એવું પણ લાગે છે કે આ કપલે માત્ર પરિવાર અને નજીકના મિત્રોની હાજરીમાં જ લગ્ન કર્યા હતા. આ સાથે હવે તમામ ફેન્સ અને સેલેબ્સ કપલને તેમના લગ્ન માટે અભિનંદન આપી રહ્યા છે. અદિતિ -સિદ્ધાર્થે તેમના લગ્નની ઘણી તસવીરો શેર કરી છે. જે દર્શાવે છે કે, બંનેએ મંદિરમાં લગ્ન કર્યા હતા.

### વિરાટ કોહલી પાકિસ્તાનમાં ખૂબ જ લોકપ્રિય

# પાક.માં એક પ્રશંસક સ્ટેડીયમમાં વિરાટ કોહલીની જર્સી લહેરાવતા જોવા મળ્યો

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૧૬ ।

ભારતનો સ્ટાર ક્રિકેટર વિરાટ કોહલી સમગ્ર વિશ્વમાં લોકપ્રિય છે. તેના ચાહકો પૂરી દુનિયામાં ફેલાયેલા છે. અને તેમાંથી પાકિસ્તાન પણ અપવાદ નથી. હાલમાં પાકિસ્તાનના ફૈસલાબાદ શહેરમાં ચેમ્પિયન્સ વનડે કપ રમાઈ રહ્યો છે. જેમાં એક પ્રશંસક વિરાટ કોહલીની જર્સી લહેરાવતા જોવા મળ્યો હતો. હવે ઈન્ટરનેટ પર આ પ્રશંસકની તસવીર વાઈરલ થઈ રહી છે. પાકિસ્તાનના ક્રિકેટરો ઘણીવાર કહી ચૂક્યા છે કે, વિરાટ કોહલી પાકિસ્તાનમાં ખૂબ જ લોકપ્રિય છે. જો કે કોહલીએ અત્યાર સુધીમાં પાકિસ્તાન સામે એક પણ ટેસ્ટ મેચ રમી નથી, પરંતુ વનડે અને T20 ફોર્મેટમાં તેનું પાકિસ્તાન સામે શ્રેષ્ઠ પ્રદર્શન રહ્યું છે. તેણે પાકિસ્તાન સામે ૧૬ વનડેમાં ૫૨.૧૫ની સરેરાશથી ૬૭૮ રન બનાવ્યા છે. જેમાં તેનો સર્વશ્રેષ્ઠ સ્કોર ૧૮૩ રહ્યો હતો. આ સિવાય પાકિસ્તાન સામે કોહલીએ ૧૧ T20 મેચોમાં ૪૯૨ રન બનાવ્યા હતા. અને તેની સરેરાશ ૭૦.૨૯ રહી હતી. આ ફોર્મેટમાં તેનો સર્વશ્રેષ્ઠ




સ્કોર ૮૨ રહ્યો હતો. જે તેણે ૨૦૨૨ના ક્રિકેટ વર્લ્ડકપ દરમિયાન ઓસ્ટ્રેલિયામાં મેલબોર્ન ખાતે બનાવ્યા હતા. પાકિસ્તાનમાં ક્રિકેટ ચાહકો આશા રાખી રહ્યા છે કે આગામી ચેમ્પિયન્સ ટ્રોફી ૨૦૨૫ રમવા માટે વિરાટ કોહલી ભારત આવશે. પરંતુ હજુ બીસીસીઆઈએ આ અંગે કોઈ નિર્ણય લીધો નથી. બોર્ડના સુત્રો અનુસાર લગભગ ચેમ્પિયન્સ ટ્રોફી હાઈબ્રીડ મોડલમાં રમાઈ શકે છે. એટલે કે ભારત બીજા કોઈ દેશમાં આ ટુર્નામેન્ટની મેચ રમી શકે છે.

### શુભમન ગિલ વિશે એક મોટું અપડેટ બહાર આવ્યું

# બાંગ્લાદેશ વિરુદ્ધ ટી-૨૦ સીરિઝમાં ગિલને તક ન મળે તેવી સંભાવના

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬।

ભારતીય ક્રિકેટના ભાવિ સ્ટાર શુભમન ગિલ વિશે એક મોટું અપડેટ બહાર આવ્યું છે. પીટીઆઈના રિપોર્ટ અનુસાર, શુભમન ગિલને બાંગ્લાદેશ સામેની ત્રણ મેચની ટી૨૦ સીરિઝમાં તક મળશે નહીં. નોંધનીય છે કે શુભમન ગિલને ટીમમાંથી બહાર કરવામાં આવી રહ્યો નથી. પીટીઆઈના રિપોર્ટ અનુસાર, શુભમન ગિલને બાંગ્લાદેશ સામેની ત્રણ મેચની ટી-૨૦ શ્રેણીમાં આરામ આપવામાં આવશે. ન્યૂઝીલેન્ડ સામેની ત્રણ મેચની ટી૨૦ શ્રેણીને ધ્યાનમાં રાખીને શુભમન ગિલને આરામ આપવામાં આવશે. પીટીઆઈએ તેના રિપોર્ટમાં બીસીસીઆઈના એક સૂત્રને




ટાંકીને જણાવ્યું હતું કે, ''હા, શુભમન ગિલને બાંગ્લાદેશ સામેની ત્રણ મેચની ટી૨૦ શ્રેણીમાં આરામ આપવામાં આવશે. જો તમે મેચોના કાર્યક્રમ પર નજર નાખશો તો ટી૨૦ શ્રેણીની મેચો ૭ ઓક્ટોબરે રમાશે. ગ્વાલિયરને જોતા શુભમન ગિલને આરામ આપવો જરૂરી છે, જે ૧૦ ઓક્ટોબરે દિલ્હીમાં અને ૧૩ ઓક્ટોબરે હૈદરાબાદમાં રમાશે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, વિકેટકીપર બેટ્સમેન ઈશાન કિશન બાંગ્લાદેશ સામેની T20 સીરીઝથી ટીમ ઈન્ડિયામાં વાપસી કરી શકે છે. એવું પણ કહેવામાં આવી રહ્યું છે કે શુભમન ગિલની જગ્યાએ ઈશાન કિશનને આ સિરીઝમાં તક મળી શકે છે. ઈશાન હાલમાં દુલીપ ટ્રોફીના બીજા રાઉન્ડમાં રમી રહ્યો છે. આ મેચમાં તેણે શાનદાર સદી પણ ફટકારી હતી. ઈશાન કિશન લગભગ ૧૦ મહિનાથી આંતરરાષ્ટ્રીય ક્રિકેટથી દૂર છે.

તે છેલ્લે નવેમ્બર ૨૦૨૩માં ઓસ્ટ્રેલિયા સામે ટી૨૦ શ્રેણી રમ્યો હતો. અત્યાર સુધી ઈશાન ભારત માટે બે ટેસ્ટ, ૨૭ વન-ડે અને ૩૨ ટી-૨૦ ઈન્ટરનેશનલ મેચ રમી ચૂક્યો છે.

### કોંગ્રેસ અને ભાજપ બંને ૮૯ બેઠકો પર ચૂંટણી લડશે

# ગીતિકા શર્મા કેસના શકમંદ ગોપાલ કાંડાના સમર્થનમાં ભાજપે ઉમેદવાર પાછો ખેંચ્યો

। (એજન્સી) ચંદીગઢ, તા.૧૬ ।

હરિયાણા વિધાનસભાની ચૂંટણીને હવે એક મહિનાથી પણ ઓછો સમય બાકી છે. આ દરમિયાન હવે બીજેપી કેમ્પમાંથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. હરિયાણાના શાસક બીજેપીના સિરસાના ઉમેદવાર રોહતાશ જાંગરાએ સોમવારે જણાવ્યું હતું કે તેણે સીટ માટે પોતાનું નામાંકન પાછું ખેંચી લીધું છે. આ પછી, એવી સંભાવના છે કે પાર્ટી હરિયાણા લોકહિત પાર્ટીના વડા ગોપાલ કાંડાને સમર્થન આપી શકે છે. ગોપાલ કાંડા સિરસાના વર્તમાન ધારાસભ્ય છે. આ પહેલા કાંડાએ ભાજપ સરકારને પોતાનું સમર્થન આપ્યું હતું. અગાઉ રોહતાશ જાંગરાએ જણાવ્યું હતું કે, ''મેં મારું નામાંકન પાછું ખેંચ્યું છે. આ નિર્ણય રાજ્ય અને દેશના હિતમાં લેવામાં આવ્યો છે. અમારે 'કોંગ્રેસ મુક્ત હરિયાણા' સુનિશ્ચિત કરવું પડશે.'' પૂછવામાં આવ્યું કે શું તેમણે ગોપાલ કાંડાની તરફેણમાં પોતાનું નામ પાછું ખેંચ્યું છે, જાંગરાએ કહ્યું, ''ગોપાલ કાંડાએ અમને (ભાજપ)ને પાંચ વર્ષ સુધી સમર્થન આપ્યું છે. અમે સિરસાના વિકાસ માટે આ નિર્ણય લીધો છે.'' આ પછી કોંગ્રેસની જેમ ભાજપ પણ હવે રાજ્યની ૯૦માંથી ૮૯ વિધાનસભા બેઠકો પર ચૂંટણી લડશે. કોંગ્રેસે ભિવાની સીટ સીપીઆઈ(એમ) માટે છોડી દીધી છે. ગયા અઠવાડિયે ભાજપે હરિયાણા ચૂંટણી માટે ઉમેદવારોની ત્રીજી અને અંતિમ યાદી બહાર પાડી હતી જેમાં પાર્ટીએ સિરસાથી જંગરાને મેદાનમાં ઉતાર્યા હતા. ઈન્ડિયન નેશનલ લોકદળે ગુરુવારે કહ્યું કે તે સિરસામાં ગોપાલ કાંડાને સમર્થન આપી રહ્યું છે. INLD બહુજન સમાજ પાર્ટી (BSP) સાથે ગઠબંધન કરીને વિધાનસભા ચૂંટણી લડી રહી છે. હરિયાણાની ૯૦ વિધાનસભા સીટો માટે ૫ ઓક્ટોબરે મતદાન થશે અને ૮ ઓક્ટોબરે મતગણતરી થશે. સત્તાધારી ભાજપ જીતની હેટ્રિક ફટકારવાનો પ્રયાસ કરી રહી છે પરંતુ તેને કોંગ્રેસ તરફથી સખત પડકારનો સામનો કરવો પડી રહ્યો છે જે સત્તા વિરોધી લહેરનો લાભ લેવાનો પ્રયાસ કરી રહી છે. ગીતિકા (૨૩ વર્ષ) શર્માએ વર્ષ ૨૦૧૨ માં અશોક વિહાર સ્થિત તેના ઘરમાં ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી હતી. તેમણે સુસાઈડ નોટમાં ગોપાલ કાંડા અને તેમની કંપનીમાં કામ કરતી અન્ય એક કર્મચારી અરુણા ચડ્ડાને આત્મહત્યા માટે જવાબદાર ગણાવ્યા હતાં. ત્યારબાદ ગોપાલ કાંડાને ગૃહ રાજ્યમંત્રી પદ પરથી રાજીનામું આપવાની ફરજ પડી હતી. થોડા વર્ષો પછી ગીતિકા શર્માની માં અનુરાધા શર્માએ પણ આત્મહત્યા કરી લીધી. તેમણે પણ સુસાઈડ નોટમાં તેમની પુત્રીની આત્મહત્યા માટે ગોપાલ કાંડા અને અરુણા ચડ્ડાને જ જવાબદાર ગણાવ્યા. વર્ષ ૨૦૧૬માં ગોપાલ કાંડા અને તેમના ભાઈ ગોવિંદ કાંડા વિરુદ્ધ ગેરકાયદેસર સંપત્તિ મામલે પણ આરોપ લાગી ચૂક્યા છે. ફૂટવેયરના બિઝનેસમાં નુકસાન જતાં વર્ષ ૧૯૯૮માં ગોપાલ કાંડાએ રિયલ એસ્ટેટ બિઝનેસમાં ઝંપલાવ્યું.

### જ્વેલરીની દુકાનમાંથી કરોડોની લૂંટમાં સામેલ

# હરિદ્વાર પોલીસે એન્કાઉન્ટરમાં એક આરોપીને ઠાર માર્યો, બીજો ફરાર

। હરિદ્વાર, તા.૧૬ ।

જ્વેલરી શોપમાં ૫ કરોડ રૂપિયાની લૂંટના આરોપીઓ અને હરિદ્વાર પોલીસ ટીમ વચ્ચે રવિવારે મોડી રાત્રે એન્કાઉન્ટર થયું હતું. એન્કાઉન્ટરમાં એક આરોપીનું મોત થયું છે, જ્યારે બીજો આરોપી મોકો મળતાં જ એન્કાઉન્ટર સ્થળ પરથી ભાગી ગયો છે, ટીમ તેને શોધવામાં વ્યસ્ત છે. હરિદ્વારમાં જ્વેલરીની દુકાનમાં થયેલી ૫ કરોડની લૂંટના આરોપીઓ અને પોલીસ ટીમ વચ્ચે રવિવારે મોડી રાત્રે એન્કાઉન્ટર થયું હતું. એન્કાઉન્ટરમાં



એક આરોપીનું મોત થયું છે, જ્યારે એક આરોપી મોકો મળતા જ એન્કાઉન્ટર સ્થળ પરથી ભાગી ગયો છે, ટીમ તેની શોધમાં વ્યસ્ત છે. હરિદ્વારના એસએસપી પ્રમેન્દ્ર સિંહ ડોબલે કહ્યું, ''એક વ્યક્તિ જે એન્કાઉન્ટરમાં ઘાયલ થયો હતો અને તેને હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો તેને મૃત જાહેર કરવામાં આવ્યો છે.''

### રસ્તો કાદવ અને પાણીથી ઢંકાયેલો હતો

# શ્યોપુર જિલ્લામાં એક મહિલા કાદવમાં દંડવત પ્રણામ કરતી પહોંચી મંદિર

। (એજન્સી) ભોપાલ, તા.૧૬ ।

તંત્રની બેદરકારી કહો કે પછી સરપંચ સચિવની બેદરકારી, મધ્યપ્રદેશના શ્યોપુર જિલ્લામાં એક મહિલા કાદવમાં દંડવત પ્રણામ કરતી મંદિર ગઈ હતી. રસ્તો કાદવ અને પાણીથી ઢંકાયેલો હતો. તેમને તંત્રની ઉપેક્ષા અને બેદરકારીનો અહેસાસ કરાવવા મહિલાએ કાદવવાળા રસ્તા પર બધાને સાષ્ટાંગ દંડવત પ્રણામ કર્યા. મહિલાએ તંત્ર દ્વારા ન કરવામાં આવેલા કામો તરફ સમગ્ર તંત્રનું ધ્યાન દોરવા માટે આવું કર્યું હતું. મહિલાનું કહેવું છે કે તે આ




નબળી વ્યવસ્થા સામે ઘણા સમયથી ફરિયાદ કરી રહી છે, પરંતુ ત્યાં ન તો રોડ બનાવવામાં આવી રહ્યા છે કે ન તો મહિલાઓને કોઈ યોજના હેઠળ લાભ આપવામાં આવી રહ્યો છે. મહિલાનો આરોપ છે કે આ પાછળ સેક્રેટરી અને સરપંચનો હાથ છે. જ્યારે મહિલા પોતાની તમામ શક્તિથી આજીજી કરીને થાકી ગઈ ત્યારે તંત્રને પોતાનો અવાજ સંભળાવવા માટે તેણે કાદવમાં સૂઈને પ્રણામ કર્યા હતા. કરહાલ આદિવાસી વિકાસ બ્લોકના સુહાખાર વિસ્તારમાં કોઈ રોડ કે ગટર નથી, વસાહતની વચ્ચોવચ પાણી ભરાયેલું છે, તેથી ત્યાં કાદવ છે. તંત્રની ખરાબ હાલતથી પરેશાન મહિલાએ માત્ર સરપંચ અને સેક્રેટરીનું જ નહીં પરંતુ સમગ્ર તંત્રનું ધ્યાન દોરવા માટે સુહાખર વિસ્તારમાંથી દંડવત પરિક્રમા શરૂ કરી હતી.

### ખેડૂતોએ મહાપંચાયતમાં લીધો નિર્ણય

# 'હરિયાણાની ચૂંટણીમાં અમે કોઈ પણ પક્ષને સમર્થન કે વિરોધ નહીં કરીએ'

। (એજન્સી) હરિયાણા, તા.૧૬ ।

હરિયાણાના જીંદ જિલ્લાના ઉચાનામાં રવિવારે યોજાયેલી કિસાન મહાપંચાયતમાં ચૂંટણીમાં કોઈપણ પક્ષને સમર્થન કે વિરોધ ન કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. એક ખેડૂત નેતાએ આ માહિતી આપી છે. હરિયાણા વિધાનસભાની ૯૦ બેઠકો માટે ૫ ઓક્ટોબરે મતદાન થશે, જ્યારે પરિણામ ૮ ઓક્ટોબરે જાહેર કરવામાં આવશે. ભારતીય કિસાન નૌજવાન યુનિયનના નેજા હેઠળ આયોજિત આ મહાપંચાયતમાં હરિયાણા, પંજાબ અને અન્ય રાજ્યોમાંથી મોટી સંખ્યામાં ખેડૂતોએ ભાગ લીધો હતો.



જગજીત સિંહ દલ્લેવાલ, શ્રવણ સિંહ પંઢેર અને અભિમન્યુ કોહર જેવા ખેડૂત નેતાઓએ તેમાં ભાગ લીધો હતો.મહાપંચાયતમાં લેવાયેલા નિર્ણય વિશે માહિતી આપતાં દલ્લેવાલે કહ્યું, 'અમારે (ખેડૂત આંદોલન)ને ચૂંટણી સાથે કોઈ લેવાદેવા નથી. અમારો હેતુ આંદોલનને મજબૂત કરવાનો છે. અમે ચૂંટણીમાં ન તો કોઈની મદદ કરીશું અને ન તો કોઈનો વિરોધ કરીશું. અમારા આંદોલનને મજબૂત કરવા અમે લોકોને સરકારની નિષ્ફળતાઓ અને ખેડૂતો વિરુદ્ધ લેવાયેલા નિર્ણયોથી વાકેફ કરીશું.તેમણે કહ્યું, 'આગામી મહાપંચાયત ૨૨ સપ્ટેમ્બરે કુરુક્ષેત્રના પિપલીમાં યોજાશે. અમે જે માંગણીઓ માટે આંદોલન કરી રહ્યા છીએ તે માત્ર પંજાબ અને હરિયાણાના ખેડૂતોની નથી પરંતુ સમગ્ર દેશની છે. સમગ્ર દેશને આ આંદોલન સાથે જોડવા માટે દેશના ખૂણે ખૂણે મહાપંચાયતો યોજાઈ રહી છે. દલ્લેવાલે કહ્યું કે સરકારે જે રીતે ખેડૂતોને કિસાન મહાપંચાયતમાં આવતા અટકાવ્યા તે અત્યંત શરમજનક અને નિંદનીય છે.

### IIT રૂકીએ જણાવ્યું કે દિલ્હીમાં પૂર કેમ હતું

# 'અવ્યવસ્થિત શહેરીકરણ, પૂર વિસ્તારો પર અતિક્રમણ'

**મજનુ કા ટીલા અને અક્ષરધામ જેવા વિસ્તારોમાં ઝડપી શહેરીકરણને કારણે ગ્રીન બેલ્ટમાં ઘટાડો થયો છે**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

IIT રૂરકીના વૈજ્ઞાનિકો અને સંશોધકોએ દિલ્હીમાં યમુના નદીના પૂરના મેદાનોમાં ઝડપથી થઈ રહેલા બાંધકામ અને હવામાન પરિવર્તનને કારણે પૂરના જોખમો અંગે ચિંતા વ્યક્ત કરી છે. ૨૦૨૩ના પૂરનું પૃથ્થકરણ કરતા, તેઓએ જોયું કે છેલ્લા ત્રણ દાયકામાં યમુના નદીની આસપાસ કાયમી માળખાના બાંધકામમાં નોંધપાત્ર વધારો થયો છે, ખાસ કરીને શાસ્ત્રી પાર્ક, મજનુ કા ટીલા અને અક્ષરધામ જેવા વિસ્તારોમાં.ઝડપી શહેરીકરણને કારણે ગ્રીન બેલ્ટમાં ઘટાડો થયો છે, જેના કારણે શહેરમાં ભારે વરસાદ અને ત્યારબાદ પૂરની શક્યતા વધી ગઈ છે. પૂર વ્યવસ્થાપન માટે વ્યૂહરચના અને શહેરી આયોજનની જરૂરિયાત પર વૈજ્ઞાનિકોએ શું આપ્યું છે. આ જોખમ ઘટાડવા માટે તેમણે આપેલા સૂચનો અનુસાર, હાલની ડ્રેનેજ સિસ્ટમને ફરીથી વિકસાવવી, પર્યાવરણ



પર ઓછી અસર પડે તેવી ટેક્નોલોજીના ઉપયોગને પ્રોત્સાહન આપવું, ઉચ્ચ જોખમવાળા પૂરના મેદાનોમાં બાંધકામના કામો પર પ્રતિબંધ મૂકવો આમાં વહેલી ચેતવણી પ્રણાલી બનાવવાનો સમાવેશ થાય છે પૂર માટે અને અસરકારક આપત્તિ વ્યવસ્થાપન માટે આંતર-વિભાગીય સહકારને પ્રોત્સાહન આપવું.દિલ્હીમાં ૨૦૨૩ના પૂરનું વિશ્લેષણ કરતાં જાણવા મળ્યું છે કે માત્ર હવામાનની પેટર્નમાં ફેરફાર જ નહીં પરંતુ અનિયંત્રિત શહેરીકરણ અને પર્યાવરણ પર તેની પ્રતિકૂળ અસર પણ તેના માટે જવાબદાર છે. સંશોધકોએ તેને સમયસર નિયંત્રિત કરવા નીતિઓ બનાવવા પર ભાર મૂક્યો છે.

### સપાનો ભાજપ પર નિશાન

# વ્યાપારી જૂથ અયોધ્યામાં સૌથી પછાત માંઝી જાતિની જમીન 'કબજે' કરી રહ્યું છે

**સપા મીડિયા સેલના એક્સ હેન્ડલ પરથી બે વીડિયો શેર કરાયા હતા**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

સમાજવાદી પાર્ટી મીડિયા સેલના એક્સ હેન્ડલ પરથી બે વીડિયો શેર કરવામાં આવ્યા હતા. આ વીડિયો મારામારીનો હતો. દાવો કરવામાં આવ્યો હતો કે આ વીડિયો અયોધ્યામાં વેપારી જૂથ અને ખેડૂતો વચ્ચેની લડાઈનો છે. જીઁએ કેપ્શનમાં લખ્યું કે, 'અયોધ્યામાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નિર્દેશોને કારણે મોટા બિઝનેસ હાઉસ ગરીબ ખેડૂતોની જમીન પર કબજો કરી રહ્યાં છે.' સમાજવાદી પાર્ટીએ રવિવારે આરોપ લગાવ્યો હતો કે એક વેપારી જૂથ અયોધ્યામાં સૌથી પછાત માંઝી જાતિની જમીન 'કબજે' કરી રહ્યું છે. એસપીનો આરોપ છે કે આ જૂથના ગુંડાઓ ખેડૂતો સાથે ગુંડાગીરી કરી રહ્યા છે. જોકે, બિઝનેસ ગ્રુપે આ આરોપોને નકારી કાઢ્યા છે. સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં કેટલાક લોકો મારપીટ કરી રહ્યાં છે. એસપીએ દાવો કર્યો હતો કે આ



જમીન કબજે કરવા માટે હતી. જો કે, સ્થાનિક પોલીસે કહ્યું કે તેઓ આ મામલે કાયદેસરની કાર્યવાહી કરી રહ્યા છે અને એસપીના આરોપોને 'ખોટા' ગણાવ્યા છે. સમાજવાદી પાર્ટી મીડિયા સેલના એક્સ હેન્ડલ પરથી બે વીડિયો શેર કરવામાં આવ્યા હતા. આ વીડિયો મારામારીનો હતો. દાવો કરવામાં આવ્યો હતો કે આ વીડિયો અયોધ્યામાં વેપારી જૂથ અને ખેડૂતો વચ્ચેની લડાઈનો છે. સમાજવાદી પાર્ટીએ કેપ્શનમાં લખ્યું કે, 'અયોધ્યામાં મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નિર્દેશોને કારણે મોટા બિઝનેસ હાઉસ ગરીબ ખેડૂતોની જમીન પર કબજો કરી રહ્યાં છે.'સાથે જ અખિલેશ યાદવે લખ્યું, 'અયોધ્યામાં ખેડૂતોની ધરપકડ અને અબજોપતિઓને રાહત... શું યુપીમાં સરકાર હજુ પણ સત્તામાં છે કે નિવૃત્ત થઈ ગઈ છે?' તે જ સમયે, સમાજવાદી પાર્ટીના મીડિયા સેલે વધુમાં આરોપ લગાવ્યો કે, 'અયોધ્યામાં અભિનંદન લોઢા જૂથે માંઝી સમુદાયની જમીનો પર કબજો જમાવ્યો છે અને તેના ગુંડાઓ ખેડૂતોની હત્યા કરી રહ્યા છે અને લોઢાની માંગણી પર પોલીસ પ્રશાસન વેચાઈ ગયું છે અનૈતિક રીતે માર્યા ગયા છે.લોઢા વેન્ચર્સના પ્રવક્તાએ જણાવ્યું હતું કે એક ખેડૂત દ્વારા તેમને જમીનનો પ્લોટ વેચવામાં આવ્યો હતો. અમે તેને પકડવા ગયા ત્યારે ગુંડાઓના ટોળાએ અમારા લોકો પર હુમલો કર્યો. અમે એફઆઈઆર નોંધાવી છે અને પોલીસે ધરપકડ કરી છે.અયોધ્યા પોલીસે પણ સમાજવાદી પાર્ટી મીડિયા સેલની પોસ્ટનો જવાબ આપ્યો અને કહ્યું કે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી રહી છે. પોલીસે વરિષ્ઠ પોલીસ અધિક્ષક (અયોધ્યા) રાજ કરણ નાયરનો એક વીડિયો પણ શેર કર્યો છે.

### સૌરભ ભારદ્વાજે સીધા રામ સાથે સરખાવી દીધા

# જામીન પર છૂટેલા કેજરીવાલને નેતાએ ભગવાન રામ સાથે સરખાવી દીધા

**સત્તા પર રહેવાનું શક્ય નહીં હોવાથી અરવિંદ કેજરીવાલે મુખ્યમંત્રીપદ પરથી રાજીનામા આપવાની જાહેરાત કરી હતી**

। (એજન્સી) નવી દિલ્હી,તા.૧૬ ।

શરાબ કૌભાંડમાં જામીન પર છૂટેલા સીએમ અરવિંદ કેજરીવાલને તેમના પક્ષના નેતા અને દિલ્હી સરકારના મંત્રી સૌરભ ભારદ્વાજે સીધા ભગવાન રામ સાથે સરખાવી દીધા છે. દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સુપ્રીમ કોર્ટમાંથી જામીન મળ્યા બાદ જેલમાંથી બે દિવસ પહેલાં બહાર આવ્યા છે. જો કે, સુપ્રીમ કોર્ટ દ્વારા લાદવામાં આવેલી આકરી શરતો અનુસાર સત્તા પર રહીને હોદ્દો સંભાળવાનું શક્ય નહીં હોવાથી જેલમાંથી બહાર આવ્યા બાદ ગઈકાલે રવિવારે કેજરીવાલે મુખ્યમંત્રીપદ પરથી રાજીનામું આપવાની જાહેરાત કરી હતી. હવે AAP નેતા અને દિલ્હી સરકારના મંત્રી સૌરભ ભારદ્વાજે આજે સોમવારે આ સમગ્ર મામલાને લઈને પ્રેસ કોન્ફરન્સ કરી હતી. પોતાના આ સંબોધનમાં સૌરભ ભારદ્વાજે અરવિંદ કેજરીવાલની તુલના ભગવાન રામ સાથે કરી દીધી. તેમણે કહ્યું કે, ગઈ કાલે દિલ્હીમાં જે કંઈ થયું તેની ચર્ચા આખી દુનિયામાં થઈ રહી છે. AAPની PAC બેઠક આજે સાંજે યોજાશે. સૌરભ



ભારદ્વાજે કહ્યું કે ઘણા લોકો પાસેથી સાંભળ્યું હતું કે ત્રેતાયુગમાં ભગવાન રામે સંજોગોને કારણે સિંહાસનનો ત્યાગ કર્યો હતો અને ૧૪ વર્ષ માટે વનવાસ પર ગયા હતા. જેના કારણે અયોધ્યાના લોકો પણ ખૂબ જ દુઃખી થઈ ગયા હતા. આ પછી તેમનું સિંહાસન મેળવનાર ભરતે પણ ભગવાન રામના ચરણપાદુકાને સિંહાસન પર રાખીને શાસન કર્યું. હવે ભગવાન રામ અને હનુમાનજીના ભક્ત અરવિંદ કેજરીવાલે પણ આવું જ કરીને રાજીનામું આપી દીધું છે અને કહ્યું છે કે,હવે તેઓ મુખ્યમંત્રીની ખુરશી પર ત્યારે જ બેસશે જ્યારે જનતા તેમને ફરીથી ચૂંટશે અને જવાબદારી સોંપશે. 'આપ' નેતાએ કહ્યું કે ભગવાન રામ સાથે કેજરીવાલની કોઈ સરખામણી ન થઈ શકે.

## તંત્રી લેખ...

# ગરીબ વર્ગ અને મધ્યમ વર્ગનો માણસ મોંઘવારી સામે લાચાર


સામાન્ય રીતે જોઈએ તો કુદરતી આફત આવે કે યુધ્ધ થાય તો તેમાંથી મોંઘવારી જન્મે છે. પરંતુ તે ઘણાં લાંબા સમયે અસર કરે છે. માનવીને જ્યારે રોટી, કપડાં અને મકાન સરળતાથી મળે નહિ ત્યારે મોંઘવારીનો જન્મ થાય છે. આજે ગરીબ વર્ગ અને મધ્યમ વર્ગનો માણસ મોંઘવારી સામે લાચાર બની ગયો છે. એક જમાનો એવો હતો જ્યારે રૃપિયો પણ વધારે લાગતો એટલે કે મળતા રૃપિયામાં આખા ઘરની જીવન-જરૃરિયાતો સંતોષાતી હતી. ભારત દેશમાં, ઘી- દુધની નદીઓ વહેતી હતી એમ કહેવામાં જરાય અતિશયોક્તિ નહોતી. ક્યાં ગયું આ બધું? જે કંઈ થયું તેના માટે આપણે અને આપણી સરકાર જવાબદાર છીએ, આપણાં આ વેપારીઓ જવાબદાર છે. માનવીને લાચાર બનાવનાર અને મોંઘવારી રચનાર આપના દેશબંધુઓ જ છે. આજે જે વસ્તુઓ જોઈએ મીઠાઈથી માંડી તમામ પ્રકારની ખાધચીજો, પાણીથી માંડીને પેટ્રોલ, સોઈથી માંડી ટાયર સુધીની હરકોઈ વસ્તુના ભાવ રોજેરોજ આસમાને ચડતા જાય છે અને માનવી બસ લાચાર બની આ બધું જોયા કરે છે. હાથે કરીને કૃત્રિમ અછત ઉભી કરનાર, જીવનજરૃરિયાત ચીજવસ્તુઓની સંઘરાખોરી કરનારા, કાળાંબજાર બનાવનારા, કાળાં નાણાંને ફેરવનારાના લીધે માનવીને લાચાર સ્થિતિમાં જીવન જીવવા ફરજ પાડવામાં આવતી હોય તેવો ક્રૂર માહોલ બનતો જાય છે. મોંઘવારી દિનપ્રતિદિન વધતી ને વધતી જઈ રહી છે. ગુજરાતમાં સામાન્ય જિંદગી જીવવા માટે મહિને ૪૬ હજાર રૃપિયા જોઈએ એમ એક છાપામાં આવેલા ન્યુઝ છે. હવે આમ જુઓ તો આટલી રકમ કમાવી સહેલી લાગે પણ જેને પાંચ સાત વર્ષે કોઈક ''લાઈન'' મળી ગઈ હોય. જ્યાં અગાઉનો એક સર્વે એમ કહેતો હોય કે મહિને ૨૫ હજાર કે એથી વધુ કમાતા હો તો તમે આ દેશની ટોપ ૧૦ વસ્તી છો. આ બે સર્વેના વચગાળાની પરિસ્થિતિ જુઓ તો સમજાય કે મોટાભાગના ગુજરાતીઓ આર્થિક રીતે તો ઘસાઈ જ ગયા છે. આ તો ''બિઝનેસ માઈન્ડ''ને લીધે જે ઉચકાય ગયા એ સીધા ઉપરના લેવલ સુધી પહોંચી ગયેલાના દાખલા છે. બાકી જે યુવાન છે, સામાન્ય ગ્રેજ્યુએટ કે ઠીકઠીક એન્જીનીયર કે એમબીએ કે બીજા નાના મોટા કોર્સ કર્યા છે.

## કેજરીવાલે કરેલી જાહેરાત પ્રમાણે બે દિવસ પછી પોતે મુખ્યમંત્રીપદ છોડી દેશે

દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ કથિત એક્સાઈઝ કૌભાંડમાં સુપ્રીમ કોર્ટમાંથી જામીન લઈને જેલની બહાર આવી ગયા અને બહાર આવતાં જ મુખ્યમંત્રીપદેથી રાજીનામું આપવાનો દાવ ખેલીને સોપો પાડી દીધો. કેજરીવાલે કરેલી જાહેરાત પ્રમાણે બે દિવસ પછી પોતે મુખ્યમંત્રીપદ છોડી દેશે અને નવા મુખ્યમંત્રીની વરણી કરાશે. કેજરીવાલે એ પણ સ્પષ્ટ કર્યું છે કે, પોતે કે મનીષ સિસોદિયા મુખ્યમંત્રી નહીં બને. આ કારણે હવે પછી દિલ્હીની ગાદી પર કોણ આવશે તેની ચર્ચા જોરશોરથી ચાલી રહી છે. આતિશી, સૌરભ ભારદ્વાજ અને અરવિંદ કેજરીવાલનાં પત્ની સુનીતાનાં નામ જોરશોરથી ચાલી રહ્યાં છે. કેજરીવાલ કોના પર કળશ ઢોળશે તેની ખબર બે દિવસમાં પડશે તેથી તેની ચર્ચા ત્યારે કરીશું પણ અત્યારે તો કેજરીવાલે મોટો જુગાર ખેલી નાખ્યો છે એ સ્પષ્ટ છે. કેજરીવાલે એક કાંકરે બે પક્ષી માર્યાં છે. સૌથી પહેલાં તો કેજરીવાલે પોતે સત્તાલાલસુ છે એવી છાપ ઉભી કરવા ભાજપ મથે છે તેની હવા કાઢી નાખી. બીજું એ કે. કેજરીવાલે પોતાની સામેના ભ્રષ્ટાચારના આરોપોના મુદ્દે જનતાની અદાલતમાં જવાનો નિર્ણય લઈને જનતા જ પોતાના માટે સર્વોપરિ છે એવો મેસેજ પણ આપી દીધો. ભાજપ શું કહે છે કે કોર્ટ શું કહે છે તે નહીં પણ જનતા શું કહે છે એ પોતાના માટે મહત્ત્વનું છે એવો સ્પષ્ટ મેસેજ કેજરીવાલે આપ્યો છે. કેજરીવાલના નિર્ણયથી ભાજપ બઘવાઈ ગયો છે એ ચૂંટણી પંચના વલણથી સ્પષ્ટ છે. કેજરીવાલે નવેમ્બરમાં જ દિલ્હી વિધાનસભાની ચૂંટણી કરાવવાની માગ કરેલી પણ ચૂંટણી પંચે ઘસીને ના પાડી દીધી છે. ચૂંટણી પંચ નરેન્દ્ર મોદી સરકારનું કહ્યાગરું હોવાથી પંચ મહિના પછી ચૂંટણી યોજવા નથી માગતું તેનું કારણ એ છે કે, ભાજપ ચૂંટણી માટે તૈયાર નથી. કેજરીવાલે એ રીતે પણ પોતાનો હાથ ઉપર રાખ્યો છે. આ દાવ દ્વારા કેજરીવાલે પોતાને મોટા ખેલાડી સાબિત કરી દીધા છે. સુપ્રીમ કોર્ટે કેજરીવાલને જામીન પર મુક્ત કરવા માટે અમુક શરતો રાખી છે. આ શરતો હેઠળ કેજરીવાલ મુખ્યમંત્રીની ઓફિસનો ઉપયોગ નહીં કરી શકે અને કોઈપણ સરકારી દસ્તાવેજ પર સહી નહીં કરી શકે. દિલ્હીમાં રાજ્ય સરકાર પાસે બહુ સત્તાઓ છે જ નહીં અને લેફ્ટનન્ટ ગવર્નર જ બધું નક્કી કરે છે એ જોતાં આ શરતોથી બહુ ફરક ના પડે પણ સામે કેજરીવાલે કશું કરવાનું પણ ના રહે. કેજરીવાલ એ રીતે શોભાના ગાંઠિયા જેવા મુખ્યમંત્રી બની રહે. દિલ્હીમાં ૨૦૨૫ના ફેબ્રુઆરીમાં વિધાનસભાની ચૂંટણી છે તેથી ચૂંટણી પહેલાં કેજરીવાલે પોતાનો એજન્ડા સેટ કરવા માટે ધડાધડ નિર્ણયો લેવા પડે પણ મુખ્યમંત્રી તરીકે નિર્ણય લેવાની સત્તા જ ના હોય તો એ કશું ના કરી શકે. કેજરીવાલે એ સ્થિતિમાંથી એક ધડાકે છૂટકારો મેળવી લીધો છે. હવે જે કોઈ મુખ્યમંત્રીપદે આવશે એ આમ આદમી પાર્ટીનો એજન્ડા અમલમાં મૂકી શકશે. ઘણાંને લાગે છે કે નરેન્દ્ર મોદી સરકારના ઈશારે કેજરીવાલને રાજીનામું આપવા માટે મજબૂર કરવા આ શરતો રખાઈ છે. આ વાત સાચી હોય તો પણ કેજરીવાલને રાજીનામું અપાવીને ભાજપ ફાયદામાં રહેવાનો નથી. કેજરીવાલની મુક્તિ સાથે સંકળાયેલા એક મુદ્દાની પણ ચર્ચા કરવી જરૂરી છે. આ મુદ્દો ઈડી અને સીબીઆઈ એ બંને કેન્દ્રીય એજન્સીઓની આબરુનો ધજાગરો છે. ઈડી અને સીબીઆઈ બંનેએ લિકર કેસ અંગે મોટા મોટા દાવા કરેલા પણ કેજરીવાલની મુક્તિ સાથે એક રીતે આ કેસની હવા જ નીકળી ગઈ છે. સીબીઆઈ અને ઈડી બંનેએ દિલ્હી સરકારે લિકર પૉલિસી નક્કી કરવામાં મોટા પાયે ભ્રષ્ટાચાર કર્યો હોવાનો ચાર્જશીટમાં ઉલ્લેખ કર્યો છે પણ અત્યાર સુધીમાં સીબીઆઈ કે ઈડી બંને ભ્રષ્ટાચાર સાબિત કરી શકી નથી. ભ્રષ્ટાચાર થયો તો તેનાં નાણાં ક્યાંથી આવ્યાં તેનો ના સીબીઆઈ પાસે જવાબ છે કે ના ઈડી પાસે. ભ્રષ્ટાચારનાં નાણાં ક્યાં ગયાં તેનો પણ ના સીબીઆઈ પાસે જવાબ છે કે ના ઈડી પાસે. સીબીઆઈ અને ઈડી બંને છેલ્લાં બે વર્ષથી વધારે સમયથી આ કેસની તપાસ કરે છે અને બંનેએ મળીને ૧૮ લોકોને જેલમાં પૂર્યા પણ તેમાંથી કોઈની સામે પણ કોઈ જ નક્કર પુરાવા સીબીઆઈ કે ઈડી રજૂ કરી શકી નથી. આ કારણે અરવિંદ કેજરીવાલને જામીન આપતા સુપ્રીમ કોર્ટે સીબીઆઈની આકરી ઝાટકણી કાઢીને 'પાંજરામાં બંધ પોપટ' સાથે સરખામણી કરી હતી.

**ભગવાન ગણેશને સૌથી શ્રેષ્ઠ અને મંગલકારી અને વિવેકનાં દેવતા પણ છે, અને તેમની ઉપાસના કરનારમાં તે વિવેક સ્વરૂપે વાસ કરે છે**

# ગણપતિ બાપ્પાનું વિસર્જન એટલે સર્જન છે તેનું વિસર્જન એ જ પ્રકૃતિનો નિયમ છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**ગણેશ ચોથથી શરૂ કરીને અનંત ચૌદશ સુધી ગણેશની આરાધનાના કરવામાં આવે છે, ભગવાન શંકરે પાર્વતીએ ઉત્પન્ન કરેલા બાળકનું મસ્તક ધડથી જુદું કરી નાખ્યું, અને પાર્વતીના સંતાપ કે વિકરાળ સ્વરૂપથી બચવા એમણે હાથીનું મસ્તક આ બાળકના ધડ પર મૂકી દીધું, અને આ રીતે ગણેશ પુનર્જીવિત થયા, પરંતુ ગણેશ તો આદિદેવ છે.**

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. એક પછી એક તહેવાર પૂરાં થતાં જાય છે! સમય એક નિશ્ચિત ગતિથી ચાલી રહ્યો છે. શ્રાવણ ગયો, અને આજે અનંત ચૌદસનો દિવસ છે. આમ તો બધાને આ દિવસ ગણેશ વિસર્જનનાં દિવસ તરીકે યાદ હોય, પરંતુ અમને ભાઈબહેનને મમ્મીનાં જન્મદિવસ નિમિત્તે આ દિવસ યાદ રહે. આજે એ હોત તો એને ૮૪ વર્ષ પુરાં થાત. મમ્મીને ગાવાનો ખૂબ શોખ હતો,અને એનો રાગ પણ ઘણો કેળવાયેલો હતો, એટલે અમને સૌને આપણાં સંસ્કૃતિગત અને વૈદિક શાસ્ત્રોક્ત સ્તુતિ સ્તવન, તેમજ પૌરાણિક કથા સાથે જોડતું અનોખું વ્યક્તિત્વ હતી મમ્મી. ભાદરવા સુદ ચોથના દિવસે ગણપતિનું સ્થાપન થાય છે, અને અનંત ચૌદસના દિવસે લોકો ''અગલે બરસ તું જલ્દી આનાં'' નારા સાથે ગણપતિની મૂર્તિનું પાણીમાં વિસર્જન કરે છે. આમ તો યુગ પ્રમાણે દરેક પરંપરાઓમાં સંશોધન થવા જોઈએ, અને એમાં પણ જેમાં પ્રકૃતિ સાથે ચેડા થવાની શક્યતા હોય, એ વિશે તો ખાસ સંશોધન થવા જોઈએ. ધાર્મિક ઉત્સવો તો ભારતીય સંસ્કૃતિની એક આગવી પહેચાન છે, અને ધર્મને નામે બધાં મળતાં રહેવું જોઈએ. ગણપતિની સ્થાપના કરનારનો અનુભવ હશે, કે એક અલૌકિક શક્તિ એમને આ બધું કરાવે છે. સારા કાર્યનો સંકલ્પ જ્યારે શુભ મંગલની ભાવનાથી થાય, ત્યારે અસ્તિત્વ મદદ કરે છે. તત્વતઃ વિસર્જન એટલે શું? ગણેશ ચોથથી શરૂ કરીને અનંત ચૌદશ સુધી ગણેશની આરાધનાના કરવામાં આવે છે. ભગવાન શંકરે પાર્વતીએ ઉત્પન્ન કરેલા બાળકનું મસ્તક ધડથી જુદું કરી નાખ્યું, અને પાર્વતીના સંતાપ કે વિકરાળ સ્વરૂપથી બચવા એમણે હાથીનું મસ્તક આ બાળકના ધડ પર મૂકી દીધું, અને આ રીતે ગણેશ પુનર્જીવિત થયા. પરંતુ ગણેશ તો આદિદેવ છે, અને વેદ વ્યાસ એ તેમને વિનંતી કરી કે, મહાભારતનું કાવ્ય લખવામાં એ તેમને મદદ કરે. એટલે ગણેશજીએ વેદવ્યાસના કહેવાથી મહાભારત લખ્યું, દસ દિવસ સુધી તેઓ સ્થિર બેસીને લખતા રહ્યાં, અને એને કારણે એમના શરીર પર ધૂળ જામી ગઈ હોવાથી, આમ ચોથથી અનંત ચૌદસના દિવસે જ્યારે મહાભારત લખવાનું કાર્ય પૂર્ણ થયું, ત્યારે ભગવાન ગણેશ સરસ્વતી નદીમાં સ્નાન કરે છે, અને તેથી આ પર્વ ઉજવવામાં આવે છે, અને ગણેશની મૂર્તિનું પાણીમાં વિસર્જન કરવામાં આવે છે, એવી એક વાત પૌરાણિક કથાઓ માંથી જાણવા મળે છે. તો બીજી રીતે જોઈએ તો સદીઓથી ભગવાન ગણેશ સ્થાપન



પછી અંનત ચૌદસનાં દિવસે એનું વિસર્જન કરવામાં આવે છે. આપણને પ્રશ્ન થાય કે આવું શું કામ? શ્રાવણ આખો શંકરની કે શિવલિંગની આરાધના કરીએ છીએ, પણ એનું વિસર્જન આપણે પાણીમાં કરતા નથી. નવરાત્રી દરમિયાન માતાજીનું પણ સ્થાપન કરવામાં આવે છે, તો ગરબો પણ આપણે પાણીમાં વિસર્જિત કરતાં નથી. તો પછી ભગવાન ગણેશનું વિસર્જન આ રીતે શું કામ? એવો પ્રશ્ન થવો જોઈએ! સૌપ્રથમ ગણેશ એ આદિદેવ છે, એટલે કે શંકર સુવન, ગૌરીનંદન એ તો તેની પહેચાન છે જ! પરંતુ એ પહેલાં પણ એનું અસ્તિત્વ વેદમાં બતાવાયું છે. આપણે ત્યાં પંચદેવની પૂજા સ્વીકારાયેલી છે, અને આપણે સૌ જાણીએ છીએ કે પંચમહાભૂતથી બનેલ માનવી જેમ એક જ છે,એ જ રીતે પ્રકૃતિ સ્વરૂપે જે પંચમહાભૂત છે, એ પણ એક જ ઈશ્વરની શુભ સંકલ્પના છે. જળ,વાયું, પૃથ્વી, અગ્નિ, આકાશ, એ પંચમહાભૂતમાં જળ તત્વના અધિષ્ઠાતા દેવ ભગવાન ગણેશ છે, અને તેથી ભગવાન ગણેશનું વિસર્જન પાણીમાં કરવામાં આવે છે, એટલે કે તત્વતઃ જે છે એમાં એને સમાહિત કરીએ છીએ. ભગવાન ગણેશને સૌથી શ્રેષ્ઠ અને મંગલકારી કહેવાયા છે. વિવેકનાં દેવતા પણ છે, અને તેમની ઉપાસના કરનારમાં તે વિવેક સ્વરૂપે વાસ કરે છે. એટલે આ અગિયાર દિવસ આપણે ગણેશની આરાધના, કે ઉપાસના કરીને વિવેક અર્જીત કરવાનો હોય છે. મૂર્તિ સ્વરૂપે ગણેશનું વિસર્જન ભલે થાય, પણ વિવેકનું વિસર્જન કરવાનું નથી, અને વિસર્જનમાં પણ વિવેકને મહત્વ આપવાનું છે. એટલે કે પ્રકૃતિનાં પાણીના મૂળ સ્ત્રોત જેવા કે નદી, દરિયો, કે તળાવમાં જ્યારે આપણે ગણેશ વિસર્જન કરવાં જઈએ, ત્યારે એ પાણી મલિન ન થાય એનું ખાસ ધ્યાન રાખવાનું છે. બજારમાં મળતી ઈકો ફ્રેન્ડલી મૂર્તિનું વિસર્જન કરવું, બાકીની મૂર્તિ એક જગ્યાએથી ઉપાડી બીજી જગ્યાએ મૂકી દેવાથી, અથવા ઘરમાં પાણીનાં ટબ વગેરેમાં પણ હવે લોકો વિસર્જન કરે છે. એટલે આટલા મોટા જળ સ્ત્રોતને મલિન કરવાથી જેટલું બચાય એટલું બચવું. વિસર્જનમા વિવેક રાખી પાણીને મલીન થતાં બચાવવું. બાપુ કહે છે એમ સમય પ્રમાણે પરંપરાઓમાં બાંધછોડ કરી પ્રવાહી પરંપરા અપનાવી એ સૌથી વધુ અગત્યનું છે. પાણીને મલિન થતું બચાવવા આ રીતે વિસર્જન કરનારનો દોષ ગણાતો નથી. આ ઉપરાંત સૌથી મહત્વની શીખ આપણને ગણેશ વિસર્જન શીખવે છે કે, માટીમાં જન્મેલા શરીરને એક દિવસ માટીમાં મળી જવાનું છે. ગણેશની પ્રતિમા માટીની બનેલી છે, અને પૂજા બાદ તે માટીમાં ભળી જવાની છે. ગણપતિને મૂર્તિરૂપે આવવા માટે માટીનો સહારો લેવો પડે છે, માટી પ્રકૃતિની દેન છે, પણ જ્યારે ગણેશ પાણીમાં વિલિન થાય છે, ત્યારે તે ફરી પ્રકૃતિમાં ભળી જાય છે. એનો અર્થ એ છે કે જે લીધુ છે તે પાછુ આપવાનું છે, ખાલી હાથે આવ્યા છીએ, અને ખાલી હાથે જ જવાનું છે. ગણેશ સ્થાપન અને વિસર્જન એ ધર્મ અને વિશ્વાસની વસ્તુ છે કે, આપણે ગણપતિને આકાર આપીએ છીએ, પણ ઈશ્વર તો નિરાકાર છે, અને બધે જ વ્યાપેલા છે. જે પણ આકાર લે છે, તેને સમાપ્ત થવું પડે છે, નિરાકાર થઈ અસ્તિત્વમાં એકાકાર થઈ જાય, પરિણામે વિસર્જનની પ્રથા છે. વિસર્જન શીખવે છે કે, જે વ્યક્તિ જન્મ લે છે, તેણે આગલો જન્મ લેવા માટે પોતાનાં આ શરીરનો ત્યાગ કરવો પડે છે. ગણપતિની મૂર્તિ બને છે, તેની પૂજા થાય છે, પણ ફરી તેને આવતા વર્ષે પાછુ આવવા માટે વિસર્જિત થવું પડે છે. જીવ નું પણ આવું જ છે, પોતાની જવાબદારીઓને પૂરી કરો, અને સમય પૂરો થતા નવા જન્મ માટે શરીરનો કોઈ પણ રાગ દ્વેષ કે મોહ માયા વગર ત્યાગ કરો, એટલે કે ઉંમર વધતાં જીજીવિષા ઓછી કરતાં જાવ, જેથી મૃત્યુ સમયે આ ન થયું! પેલું તો રહી જ ગયું!! એવો રંજ ન રહે. તો યેન કેન પ્રકારે આપણે આ વિસર્જનનું મહત્વ સમજ્યાં, અને તત્વતઃ ગણેશ શું છે! એ પણ ગણેશની આરાધના કરીને જાણ્યું!; મન મંદિરમાં સ્થાપિત કરેલી ગણેશની મૂર્તિ ખંડિત ન થાય તેમ તેનું નિત્ય પૂજન કરતાં રહીએ, અને તેને મૂળ સ્વરૂપે વિવેકનું જતન કરી નીતિમત્તા ભર્યું જીવન જીવી શકીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

**વૃંદા એટલે ભક્તિ, વૃંદાવન એટલે ભક્તિનું વન, બાળક પાંચ વર્ષનો થાય એટલે તેને ગોકુળમાંથી વૃંદા વનમાં લઈ જાઓ**

# જેના મનમાં, ઘરમાં પાપ છે ત્યાં પરમાત્મા આવતા નથી, એટલે પરમાત્માને ઘરમાં સ્થાપવા હોય તો પાપથી દૂર રહેજો



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**જીવમાત્રને શ્રીકૃષ્ણ બંસીના ધ્વનિથી બોલાવે છે, પણ મોહક વિષયોમાં ફસાયેલા જીવને એ સાદ સંભળાતો નથી, જમુનાજીનો કિનારો છે ત્યાં બકાસુર આવે છે અને વત્સાસુર પણ આવે છે, બકાસુર એટલે દંભ અને વત્સાસુર એટલે અજ્ઞાન -અંધશ્રદ્ધા, ભક્તિમાં આ બે વિઘ્નો આવે છે, બકાસુર એટલે બગલાસુર.બગલો એ દંભનું પ્રતીક છે, તેથીતો દંભીને બગભગત કહે છે, દંભ સમાન કોઈ પાપ નથી.**

જગતમાં સૌ પ્રત્યે સદભાવ રાખો. તમારા આત્માને પ્રતિકૂળ લાગે તેવું વર્તન બીજા ભરચક કરો. તમે કોઈ જીવ પ્રત્યે કુંભાવ રાખશો, તો તે જીવ તમારા તેવો પ્રતિધ્વનિ!પ્રત્યે કુંભાવ રાખશે. જેવો ધ્વનિ સત્કર્મ કરતાં ખૂબ થાક લાગશે તો નિદ્રા આવશો સારી પેઠે થાક લાગે ત્યાં સુધી કર્મ કરો. અને ત્યારે એ નિદ્રા પણ ભક્તિ બનશે. કર્મનું ફળ ઈશ્વરને અર્પણ કર્યું, પછી એ ફળનો માલિક ઈશ્વર થયો. ઈશ્વર કોઈનું ઋણ રાખતો તથી. એ સામું અનંતગણું કરીને વાળે છે. અનુભવ ન થાય એનો અર્થ એ નથી કે સિદ્ધાંત. અનુભવ ન થાય તો માનજો, મારામાં, મારા કર્મમાં કાંઈક ખામી છે. પૂર્વજન્મના ખોટો સંસકારો અને વાસના બળી જશે એટલે કર્મમાં આનંદ આવશે. કર્મનું ફળ ક્યારે મળશે તે કહી શકાય નહી. ઠાકોરજી મંદિરમાં બિરાજે તેથી શાંતિ નહીં મળે પણ તે આપણી બુદ્ધિમાં બિરાજે તો જ શાંતિ થાય.જેવી રીતે સંસારના વિષયો બુદ્ધિમાં રાખો છો,તેવી રીતે બુદ્ધિ માં ભગવાનને રાખો તો જીવન કૃતાર્થ થાય.માલણ ટોપલી માં ફળ રાખતી, તેમ તમે તમારી બુદ્ધિની ટોપલીમાં પ્રભુને રાખો! બાલકૃષ્ણ પાંચ વર્ષના થયા છે. બાલકૃષ્ણને વૃંદાવન જવાની ઈચ્છા છે. ગોકુળમાં થતા ઉત્પાતો જોઈ ઉપનંદકાકાએ સૂચન કર્યું કે, આપણે બાળકોને લઈ બીજે સ્થળે રહેવા જઈએ. અત્રેથી થોડે દૂર વૃંદાવન નામનું વન છેતે રહેવાને યોગ્ય છે.આ સૂચન સર્વને ગમ્યું.માલકૃષ્ણ સાથે બધા વૃંદાવનમાં રહેવા આવ્યાં છે. વૃંદા એટલે ભક્તિ. વૃંદાવન એટલે ભક્તિનું વન. બાળક પાંચ વર્ષનો થાય એટલે તેને ગોકુળમાંથી વૃંદા વનમાં લઈ જાઓ. એટલે તેને ભક્તિના વનમાં લઈ જાવ. બાળકને પાંચ વર્ષ પૂરાં થયાં પછી લાડ કરશો નહીં. લાડનો સમય ગોકુળમાં પૂરો થયો. જે મા-બાપ બાળકને સારા સંસ્કાર આપે તે મા-બાપ બાળકના વેરી છે. જે મા-બાપ બાળકને ધર્મનું શિક્ષણ ન આપે,ભક્તિનું શિક્ષણ ન આપે તે મા-બાપને બાળકના દુશ્મન સમજવાં. બાળકનું હૃદય કોમળ હોય છે તેને જે બજ વાળશો,તે બાજુ વળશે. માટે બાલ્યાવસ્થામાં બાળકોને સારા સંસ્કાર આપો તો જુવાનીમાં બગડશે નહીં.એ સંસ્કાર એનું રક્ષણ કરશે. ઉપનંદ કાકા વનમાં લઈ જાય છે. જેને જ્ઞાની વયોવૃદ્ધ સંતોનો સંગ હોય તેને પતનની બીક રહેતી નથી. એકલો ચાલવા જાય તો પડવાની બીક રહે છે. કોઈનો હાથ પકડીને ચાલો તો પડવાની બીક રહેશે. ઈશ્વરનો હાથ પકડીને ચાલો તો પડવાનીબીકરહેશે નહીં. વૃંદાવનમાંએકલા ન જવું. બીજા ને પણ સત્કર્મમાં પ્રેરણા આપવી. માટે તો ગોપીઓ સાથે વૃંદાવનમાં ગયા છે. વૃંદાવનમાં ગોવર્ધન પર્વત અને યમુનાના કિનારાઓ જોઈ રામ-કૃષ્ણને ઘણો આનંદ થયો. વૃંદાવનમાં આવ્યા પછી ભગવાન વત્સપાલ થયા છે.બાળમિત્રો સાથે તેઓ વાછરડાં ચરાવે છે. યમુનાના કિનારે બાળકો સાથે અનેક પ્રકાર ની રમતો રમે છે. ભગવાન પહેલાં વત્સપાલ બને છે અને પછી ગોપાળ બને છે. પહેલાં વાછરડાં ચરાવે છે, પછી ગાયોને ચરાવે છે.કોઈ કોઈ વેળા ભગવાન બંસી બજાવે છે અને જુદા જુદા પ્રકારની રમતોથી ગોપબાળકોને આનંદ કરાવે છે. જીવમાત્રને શ્રીકૃષ્ણ બંસીના ધ્વનિ થી બોલાવે છે,પણ મોહક વિષયો માં ફસાયેલા જીવને એ સાદ સંભળાતો નથી. જમુનાજીનો કિનારો છે ત્યાં બકાસુર આવે છે અને વત્સાસુર પણ આવે છે. બકાસુર એટલે દંભ અને વત્સાસુર એટલે અજ્ઞાન-અંધશ્રદ્ધા. ભક્તિ માં આ બે વિઘ્નો આવે છે. બકાસુર એટલે બગલાસુર.બગલો એ દંભનું પ્રતીક છે,તેથીતો દંભીને બગભગત કહે છે. દંભ સમાન કોઈ પાપ નથી.બીજાં પાપ માટે પ્રાયશ્ચિત્ત છે, પણ દંભનું પ્રાયશ્ચિત્ત નથી. જેનો સ્વાંગ ઉપરથી સારો છે, પણ જેની કરણી મેલી છે તે બકાસુર. બગલાની ચાંચમાં લોભ છે. કીર્તિ નો લોભ હોય અને ધનનો લોભ હોય ત્યાં દંભ આવે છે જ. એટલે દંભથી ખૂબ ચેતતા રહેવાનું ભક્તિ ના કિનારે પણ દંભ પેદા થઈ જાય છે,જેમ જમુનાજીના કિનારે કિનારે બકાસુર દેખાય છે તેમ.એક સમયે શ્રીહરિ ગોપ બાળકો સાથે વાછરડાંઓ ચરાવવા વનમાં ગયા. વનમાં તેઓ જાતજાતની રમતો રમવા લાગ્યા. આ ગોપ બાળકોનું ભાગ્ય તો જુઓ! જેનાં દર્શન યોગીઓને પણ દુર્લભ છે, તે પરબ્રહ્મની સાથે તેઓ રમી રહ્યા છે.તેવામાં અઘા સુર ત્યાં આવ્યો. અઘાસુરને કંસે મોકલ્યો હતો. બકાસુર અને પૂતનાનો તે નાનો ભાઈ હતો.અઘ એટલે પાપ. જ્યાં અજ્ઞાન અને દંભ હોય ત્યાં પાપ આવે જ. એટલે અઘાસુર આવ્યો. અઘાસુર મોટા અજગરનું રૂપ લઈને આવ્યો અને સર્વ ગોપ બાળકોને ગળી જવાની ઈચ્છાથી મોં ફાડી માર્ગમાં સૂતો. અઘાસુર- અજગરના મુખને આ કોઈ પર્વત ની ગુફા છે એમ માની બાળકો તેમાં પ્રવેશ કરવા તૈયાર થયાં, પણ કનૈયો એમનો મુખી. એટલે બધા કહે,કનૈયા,તું આગળ થા! બાળકોને શ્રદ્ધા છે કે, અમારો કનૈયો સાથે હોય તો પછી અમને ક્યાંય જવાનો ડર નથી. શ્રીકૃષ્ણ નાં મુખ સામે જોતાં, હસતાં અને તાળીઓ પાડતાં ગોપબાળકો અજગરના મુખમાં પેસી ગયાં. ગોપબાળકોને બચાવવા ભગવાને પણ અઘાસુરના પેટમાં પ્રવેશ કર્યો ગમે ત્યાં જાઓ, ગમે તે કાર્ય કરો, પણ ભગવાનને કાયમ સાથે રાખજો. એને મુખી કરી આગળ કરશો તો તમારો જયજયકાર થશે. માટે પ્રભુને સાથે લઈને ફરો. પ્રભુને એટલે ઠાકોરજીની મૂર્તિને નહીં, પણ અંતરમાં ઠાકોરજીના સ્વરૂપ ને! અઘાસુરના પેટમાં પ્રવેશ કર્યો ત્યારે બાળકો તાળી પાડતાં ગયાં છે.ભાગવતમાં સમાધિભાષા મુખ્ય છે. લૌકિક અને પરમતભાષા ગૌણ છે. એટલે ભાગવતનો અર્થ જેને સમાધિનો અભ્યાસ છે તે સમજી શકાશે. વિલાસીનેભાગવત નો અર્થ સમજવો મુશ્કેલ છે. તાળી એ નાદબ્રહ્મ છે. નાદબ્રહ્મ અને નામબ્રહ્મ એક થાય,ત્યારે પરબ્રહ્મ પ્રગટ થાય.અંદર જઈને ભગવાને વિશાળ રૂપ ધારણ કર્યું એટલે અઘાસુરના પ્રાણ બ્રહ્મરંધ્ર માંથી બહાર નીકળ્યા અને બાળકો તેમજ વાછરડાંઓ બહાર આવ્યાં, અઘ એટલે પાપ. અઘાસુરએ પાપનું સ્વરૂપ છે.પાપ માં-પાપ સાથે રમે છે તે અઘાસુર. પાપ કરવામાં જે સુખ માને તે અઘાસુર કેટલીક વખત જોવામાં આવે છે કે, પાપી સુખ ભોગવતો હોય છે,પણ આ તો તેના પૂર્વ જન્મનાં કોઈ પુણ્યનું ફળ છે એમ માનવું.બાકી પાપનું પરિણામ દુઃખ જ છે. પાપ કરનારો કોઈ દિવસ સુખી થયો નથી અને સુખી થવાનો નથી. કોઈ પુણ્યશાળી ઉવ દુઃખી દેખાય તો સમજવું કે,તે તેના અગાઉના જન્મના કોઈ પાપનું ફળ ભોગવે છે.પુણ્યનું ફળ દુઃખ નથી જ. પાપ માંથી છૂટવા માટે પ્રતિકૂળની સામે અનુકૂળતા ઊભી કરો! મનુષ્યને કોઈ કોઈ વખત હું પાપ કરી રહ્યો છું તેનું ભાન થાય છે પણ તે પાપને છોડી શકતો નથી. પાપના પંજામાં થી છૂટવું કઠણ છે.અતિશય પુણ્ય નું જોર ન હોય ત્યાં સુધી પાપની આદત છૂટતી નથી.માટે જ્યાં સુધી ઈન્દ્રિયોને પાપ કરવાની આદત છે, ત્યાં સુધી તેને ભક્તિ રસ મળશે નહીં. પાણીથી ભરેલા લોટામાં દૂધ ભરવું હશે તો પાણી ને બહાર કાઢી નાખવું પડશે. મનમાં પાપનો વિચાર આવે તે જ ક્ષણે તેને કાપી નાખો. કદાચ પાપ થઈ જાય તો પ્રભુ પાસે રડી પડો કે, પ્રભુ, મારા પાપની ક્ષમા કરો! અંતરથી રડશો તો પ્રભુ દયાળુ છે, દયા કરશે જ.પાપ મોં ફાડી સામે ઊભું છે.અઘાસુર અજગર રૂપે આવેલો. મનુષ્ય સાવચેત ન રહે તો પાપરૂપી અજગર તેને ગળી જય છે. એ ગળવા તૈયાર જ ઊભો છે. પાપ શરીરમાં પ્રવેશ કરશે, તો પછી એ તમને છોડશે નહીં.જેના મનમાં, ઘરમાં પાપ છે ત્યાં પરમાત્મા આવતા નથી. એટલે પરમાત્માને ઘરમાં સ્થાપવા હોય તો પાપથી દૂર રહેજો. અજગરના મુખમાં પેઠેલા ગોપ બાળકો જાતે બહાર નીકળી શકતાં નથી.શ્રીકૃષ્ણ તેઓને બહાર કાઢે છે.પાપરૂપી અજગર ના મુખમાં ગયેલો કોઈજાતે બહાર નીકળી શકે નહીં.અજગર ના મુખમાં ગયેલાને બહારનો માણસ બહાર ખેંચી શકે.પાપમાં થી ભગવાન બચાવી શકે. સદગુરુ પાપના મોંમાં પડે તે પહેલાં ચેતવી શકે, પણ પાપનાં મોંમાં પડ્યા પછી તો પ્રભુ જ તેમાંથી ઊગારી શકે.પ્રભુ સિવાય બીજાની એ તાકાત નથી. વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત આજે ભાદરવા સુદ ચૌદસ અંબાજી માતા શક્તિ સ્થાનકે જતા શ્રધ્ધાળુ પદયાત્રીક ભકતજનોની ભીડ મેળાના અંતિમ ચરણમાં પહોંચી છે ત્યારે સૌની મનોકામના મા શક્તિ ભવાની પુરી કરે તેવી પ્રાર્થના સહ અસ્તુ.

### સુધારા પછી ફિલ્મ ૧૭૭ મિનિટ ૫૮ સેકન્ડની થઈ

# સેન્સર બોર્ડે ફિલ્મ 'દેવરા'માં ચાર સીનમાં કટ સૂચવ્યા

**પેન ઇન્ડિયા રિલીઝ એક્શન ડ્રામા ફિલ્મ 'દેવરા'ની તેના તેમજ જહાન્વીના ફેન્સ લાંબા સમયથી રાહ જોઈ રહ્યા છે**



ટોલિવુડ સ્ટાર જુનિયર એનટીઆરની પૅન ઈન્ડિયા રિલીઝ એક્શન ડ્રામા ફિલ્મ 'દેવરા'ની તેના તેમજ જહાન્વીના ફૅન્સ લાંબા સમયથી રાહ જોઈ રહ્યા છે. સિવાએ ડિરેક્ટ કરેલી આ ફિલ્મ હવે રિલીઝ થવાની તૈયારીમાં છે, ત્યારે તેના ટ્રેલરને પણ ઘણો સારો પ્રતિસાદ મળી રહ્યો છે. તાજેતરમાં જ સેન્સર બોર્ડ દ્વારા આ ફિલ્મને યૂએ સર્ટિફિકેટ મળ્યું છે અને તેની સેન્સરની પ્રક્રિયાઓ પૂર્ણ થઈ ચૂકી છે. સેન્સર બોર્ડના રિપોર્ટ મુજબ સીબીએફસીએ ફિલ્મ માટે ચાર કટ સૂચવ્યા છે. તેમાંથી ત્રણ કટ વધુ પડતાં હિંસક દૃશ્યો માટે છે, તેમજ એક કટ શાર્કના સીન માટે સીજીઆઈ માર્ક ઉમેરવાનો છે. સેન્સર બોર્ડના સૂચનો મુજબ, એક વ્યક્તિ તેની પત્નીને લાત મારે છે, એક તલવાર પર માણસનું શરીર લટકાય છે, તેમજ એક દિકરો તેની માને લાત મારે છે તે દૃશ્યોમાં તેની અસર ઓછી ન થાય એ મુજબ થોડાં ફેરફાર કરાયા છે. આ સુધારા પછી ફિલ્મ ૧૭૭ મિનિટ અને ૫૮ સેકન્ડની થઈ ગઈ છે. જુનિયર એનટીઆર સાથે જહાન્વી લીડ રોલમાં હોવાની સાથે સૈફ પણ આ ફિલ્મમાં મુખ્ય વિલનના રોલમાં હશે, આ બંનેની આ સાઉથમાં ડેબ્યુ ફિલ્મ છે. આ એક મોટા બજેટની ફિલ્મ માનવામાં આવે છે, જે નંદામુરી કલ્યાણ રામ દ્વારા પ્રોડ્યુસ કરવામાં આવી છે અને અનિરુદ્ધ રવિચંદરે તેનું સંગીત આપ્યું છે.

### આ મ્યુઝિકલ લવ સ્ટોરીનું શૂટ ઉત્તરાખંડમાં થશે

# ભણસાલીની સિદ્ધાંત અને મૃણાલ સાથેની ફિલ્મનું નામ 'તુમ હી હો'

**સિદ્ધાંત ચતુર્વેદી અને મૃણાલ ઠાકુર પહેલી વખત સંજય લીલા ભણસાલીની ફિલ્મમાં એકસાથે કામ કરતાં જોવા મળશે**

સિદ્ધાંત ચતુર્વેદી અને મૃણાલ ઠાકુર પહેલી વખત સંજય લીલા ભણસાલીની ફિલ્મમાં એકસાથે કામ કરતાં જોવા મળશે. આ એક મ્યુઝિકલ લવ સ્ટોરી છે, જેનું નામ હવે નક્કી થઈ ગયું છે. ફિલ્મ સાથે જોડાયેલા નજીકના સૂત્રોના જણાવ્યા અનુસાર,''આ ફિલ્મ એક લવસ્ટોરી છે અને મેકર્સ દ્વારા તેને 'તુમ હી હો' નામ આપવામાં આવ્યું છે. ૨૦૧૩ની જાણીતી લવ સ્ટોરી ફિલ્મ 'આશિકી ૨' પરથી આ નામ લેવામાં આવ્યું છે.'' સૂત્ર દ્વારા આગળ જણાવવામાં આવ્યું,''ફિલ્મની ટીમ સપ્ટેમ્બરના એન્ડમાં ઉત્તરાખંડ જઈ રહી છે અને ઓક્ટોબરમાં આગામી શીડ્યુલ માટે ત્યાં જ રોકાશે. સિદ્ધાંત અને મૃણાલ પણ બાકીના કલાકારો સાથે ત્યાં પહોંચશે.'' આ ફિલ્મ રવિ ઉદ્યાવર દ્વારા ડિરેક્ટ કરવામાં આવી રહી છે અને મે મહિનાથી તેનું શૂટ શરૂ થયું છે. આ ફિલ્મમાં સિદ્ધાંત અને મૃણાલ બંને સંગીતકારોની ભૂમિકામાં જોવા મળશે. તે બંનેની એક ઉતકૃષ્ટ ગીતો ધરાવતી કન્ટેમ્પરરી લવ સ્ટોરી હશે. સિદ્ધાંત હાલ તેની આગામી ફિલ્મ 'યોધરા'ના પ્રમોશનમાં વ્યસ્ત છે, ત્યાર બાદ તે 'ધડક ૨'નું કામ પૂરું કરશે. તેમાં તે તૃપ્તિ ડિમરી સાથે કામ કરી રહ્યો છે, આ ફિલ્મ આ વર્ષના અંતે રિલીઝ થશે. જ્યારે મૃણાલ અજય દેવગન સાથે 'સન ઓફ સરદાર' અને ડેવિડ ધવન તેમજ વરુણ ધવનની ફિલ્મમાં કામ કરી રહી છે.



# કરીનાએ એક દુર્લભ સિદ્ધિ હાંસલ કરી

કરીના કપૂર ખાન અભિનીત અને હંસલ મહેતા દ્વારા દિગ્દર્શિત ધ બકિંગહામ મર્ડર્સ તેની આકર્ષક વાર્તા, એજ-ઓફ-ધ-સીટ ક્લાઈમેક્સ સાથે પ્રેક્ષકોના હૃદયને મોહિત કરી રહી છે. અભિનેત્રીનો અસાધારણ અભિનય ચર્ચાનો મુદ્દો બની ગયો છે અને સકારાત્મક શબ્દો ફિલ્મને પ્રેક્ષકો અને વિવેચકો બંને તરફથી વ્યાપક પ્રશંસા મેળવવામાં મદદ કરી રહ્યા છે. આ ફિલ્મે હવે ૬.૭૫ કરોડ રૂપિયાની કમાણી કરી લીધી છે. વીકએન્ડ માટે NBOC, જે મિસ્ટ્રી થ્રિલર જેવી શૈલી માટે ખરેખર સારો નંબર છે, કારણ કે તે તહેવારોની વ્યસ્ત સિઝન દરમિયાન સ્ક્રીન પર આવે છે. વિશિષ્ટ પ્રેક્ષકોને તેની શૈલી સાથે અને મૂળ ફોર્મેટથી અલગ ભાષા હોવા છતાં, ફિલ્મ હજી પણ સારા નંબરો એકત્રિત કરી રહી છે. બકિંગહામ મર્ડર્સે રૂ. ૧.૬૨ કરોડ એકત્ર કર્યા. દિવસ ૧ પર અને બીજા દિવસે ૯૦%નો ઉછાળો જોવા મળ્યો, રૂ. ૨.૪૧ કરોડ એકત્ર કર્યા અને તે પ્રેક્ષકો અને વિવેચકો તરફથી અદ્ભુત ભલામણો અને પ્રશંસા પ્રાપ્ત કરવાનું ચાલુ રાખ્યું.

# બોલિવુડ અભિનેત્રીના સસરાએ ૨૨૬ કરોડનું આલીશાન ઘર ખરીદ્યું



બોલિવુડ અભિનેત્રી સોનમ કપુર અને તેનો પતિ આનંદ આહુજા પોતાના દિકરા વાયુ સાથે લંડન , મુંબઈ અને દિલ્હીમાં ટ્રાવેલિંગ કરતા હોય છે. આ ત્રણેય શહેરમાં તેનું ઘર છે, હવે લંડનમાં સોનમના સસરાએ આલીશાન બંગલો ખરીદ્યો છે. બોલિવુડ અભિનેત્રી સોનમ કપૂર ભલે મોટા પડદાંથી દુર છે, તેમ છતાં લાઈમલાઈટમાં રહે છે. લેટેસ્ટ રિપોર્ટ મુજબ સોનમનો પતિ આનંદ આહુજા અને પુત્ર વાયુ સાથે લંડનમાં શિફટ થવાનું પ્લાનિંગ કરી રહી છે.તેના બિઝનેસમેન સસરા હરીશ આહુજાએ નોટિંગ હિલમાં આલીશાન ઘર ખરીદવા માટે ૨૭ મિલિયન ડોલર એટલે કે, ૨૨૬ કરોડ રુપિયા આપ્યા છે.રિપોર્ટ મુજબ તેના સસરા હરીશે ૮ માળનું મકાન ખરીદ્યું છે.બોલિવુડ અભિનેત્રી સોનમ કપૂર લંડનમાં આવેલા સસરાના ઘરના ફોટો સોશિયલ મીડિયા પર શેર કરતી રહે છે. જે નોટિંગ હિલમાં આવેલું છે. તે હંમેશા દિલ્હી વાળા ઘરના ફોટો પોસ્ટ કરતી હોય છે. આ ઘરની કિંમત અંદાજે ૧૭૩ કરોડ રુપિયા છે.હવે આપણે સોનમના સસરાના બિઝનેસની વાત કરીએતો હરીશ આહુજા શાહી એક્સપોર્ટ્સના બિઝનેસ સાથે સંકળાયેલા છે, જે ભારતની સૌથી મોટી ગારમેન્ટ મેન્યુફેક્ચરિંગ કંપનીઓમાંની એક છે. ફિચ રેટિંગ્સ અનુસાર, કંપની Uniqlo, Decathlon અને H~M જેવી પ્રખ્યાત આંતરરાષ્ટ્રીય બ્રાન્ડને સપ્લાય કરે છે. શાહી એક્સપોર્ટસ ૫૦થી વધારે કંપનીઓ ચલાવે છે. અને ૧૦૦,૦૦૦થી વધારે કર્મચારીઓ આમાં કામ કરે છે.સોનમ કપૂરનો પતિ આનંદ આહુજા શાહી એક્સપોર્ટસમાં ડાયરેક્ટર તરીકે કામ કરે છે. તેમજ પોતાની રિટેલ કંપની પણ ચલાવે છે. તેની પત્ની સોનમ કપૂર બોલિવુડ અભિનેત્રી છે. જેમણે નીરજા, પ્રેમ રતન ધન પાયો અને ભાગ મિલ્ખા ભાગ જેવી ફિલ્મોમાં જોવા મળી ચૂકી છે.

### શું તેમની ફિલ્મ હોલીવુડની ફિલ્મ સેક્સ ટેપથી પ્રેરિત છે

# રાજકુમાર-ત્રિપ્તિ અભિનીત કેમેરોન ડિયાઝની સેક્સ ટેપ પર આધારિત છે?


વિકી વિદ્યા કા વો વાલા વિડિયો ટ્રેલર ગયા અઠવાડિયે રિલીઝ થયું હતું અને તેને અદ્ભુત પ્રતિસાદ મળ્યો હતો. રાજ શાંડિલ્યા દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મમાં રાજકુમાર રાવ અને તૃપ્તિ ડિમરી મુખ્ય ભૂમિકામાં છે. વાર્તા ૯૦ ના દાયકાની છે જ્યારે એક યુગલ જે તેમની ઘનિષ્ઠ પળોને ફિલ્માવે છે તે વિડિઓ ગુમાવે છે. ટ્રેલરમાં દેખાય છે તેમ, વાર્તા તેમની દુઃખદ પરિસ્થિતિની કોમેડી પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને તેઓ કેવી રીતે તેના પર હાથ મેળવશે. એક ઈન્ટરવ્યુમાં ડ્રીમ ગર્લના દિગ્દર્શકને પૂછવામાં આવ્યું કે શું તેમની ફિલ્મ હોલીવુડની ફિલ્મ સેક્સ ટેપથી પ્રેરિત છે કે તેના પર આધારિત છે. ૨૦૧૪ની મૂવીમાં કેમેરોન ડિયાઝ અને જેસન સેગલ મુખ્ય ભૂમિકામાં છે. જો કે, રાજ શાંડિલ્યાએ સ્પષ્ટતા કરી હતી કે રાજકુમાર રાવ અને તૃપ્તિ ડિમરી સ્ટારર ફિલ્મ કોઈ હોલીવુડ મૂવી પર આધારિત નથી. તેણે ખુલાસો કર્યો કે કોઈએ તેને ટ્વિટર પર પૂછ્યું કે શું વિકી વિદ્યા કા વો વાલા વીડિયો ડિયાઝની ફિલ્મ પર આધારિત છે. રાજે સ્પષ્ટતા કરી હતી કે તેમની ફિલ્મમાં કોઈ સેક્સ નથી. દિગ્દર્શકને તેમના એક લેખકે હોલીવુડ મૂવી વિશે જણાવ્યું હતું જ્યાં એક વીડિયો ઈન્ટરનેટ પર વાયરલ થાય છે. રાજે પીટીઆઈને કહ્યું, ''અમારી ફિલ્મનો વીડિયો કપલ દ્વારા બનાવવામાં આવ્યો છે અને તેઓ તેમની બેદરકારીને કારણે સીડી ગુમાવે છે.'' આ મનોરંજન સમાચારમાં આગળ , દિગ્દર્શકે જણાવ્યું કે તેની આગામી મૂવીના પાત્રો અને વાર્તા અલગ છે અને તેને કેમેરોન ડિયાઝની મૂવી સાથે કોઈ લેવાદેવા નથી. ''મેં સેક્સ ટેપ પણ જોઈ નથી. હું તેનાથી પ્રેરિત નથી થયો; તેના બદલે, હું જીવન અને મારી આસપાસના લોકોથી પ્રેરિત થયો,'' ડિરેક્ટરે કહ્યું. એ જ ઈન્ટરવ્યુમાં, રાજે ખુલાસો કર્યો કે પ્રથમ મૂવી સમાપ્ત થયા પછી તેઓ પહેલેથી જ સિક્વલની યોજના ધરાવે છે.



# થલાપતિએ શા માટે ઈન્ડસ્ટ્રી છોડવાનો નિર્ણય લીધો?

**આ વાતની જાહેરાત ખુબ અભિનેતાના પ્રોડકશન હાઉસે એક વીડિયોની જાહેરાત કરીને કરી છે**

સાઉથ ફિલ્મના સુપરસ્ટાર થલાપતિ વિજય હવે ફિલ્મો દુનિયામાં નજર આવશે નહિ. અભિનેતાએ ફિલ્મ લાઈન છોડવાનો નિર્ણય લીધો છે. આ વાતની જાહેરાત ખુબ અભિનેતાના પ્રોડકશન હાઉસે એક વીડિયોની જાહેરાત કરીને કરી છે. આ વીડિયોમાં થલાપતિની ફિલ્મ જર્નીની એક નાનકડી ઝલક દેખાડવામાં આવી છે. જેને જોયા બાદ ચાહકો ખુબ ઈમોશનલ થઈ રહ્યા છે.કેટલાક લોકો આ વાતથી પરેશાન થઈ રહ્યા છે. થલાપતિની દરેક ફિલ્મ સુપરહિટ અને બ્લોકબસ્ટર સાબિત થઈ રહી છે અને અચાનક તેમણે આ મોટો નિર્ણ લીધો છે.તમને જણાવી દઈએ કે, થલાપતિ વિજયે પોતાની છેલ્લી ફિલ્મ થલાપતિ ૬૯ની જાહેરાત કરી છે. આ ફિલ્મની રિલીઝ બાદ સુપરસ્ટારે ઈન્ડસ્ટ્રીમાંથી સંન્યાસ લેવાનો નિર્ણય કર્યો છે.તેમની ફિલ્મ ધ ગ્રેટેસ્ટ ઓફ ઓલ ટાઈમ (GOAT) થોડા સમય પહેલા જ થિયેટરમાં રિલીઝ થઈ છે. રિલીઝ બાદ આ ફિલ્મ બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી રહી છે. ફિલ્મે બોક્સ ઓફિસ પર અત્યારસુધી ૧૭૭ કરોડ રુપિયાથી વધુની કમાણી કરી છે. તમને જણાવી દઈએ કે, આ કમાણી માત્ર એક અઠવાડિયાની છે.વિજય થલાપતિએ છેલ્લી ફિલ્મની જાહેરાત કરી છે.થલાપતિ વિજયની છેલ્લી ફિલ્મ થલાપતિ ૬૯ની જાહેરાત કરતા પ્રોડક્શન હાઉસ KVN તરફથી ઈન્સ્ટાગ્રામ પર એક પોસ્ટ શેર કરી છે. પોસ્ટ શેર કરતા કેપ્શનમાં લખ્યું કે, થલાપતિ વિજય સર માટે પ્રેમ અમે બધા તમારી આ ફિલ્મ જોઈ તેની સાથે આગળ વધી રહ્યા છે. તમે દરેક પગલે અમારી જિંદગીનો ભાગ રહ્યા છો. ૩૦ વર્ષ સુધી અમારું મનોરંજન કરવા બદલ તમારો ખુબ ખુબ આભાર,મીડિયા રિપોર્ટની વાત માનીએ તો થલાપતિ વિજય ફિલ્મોથી દુર થઈ હવે રાજનીતિ કરિયરમાં ધ્યાન આપવા માંગે છે. લોકસભા ચૂંટણી ૨૦૨૪ પહેલા અભિનેતાએ પોતાની પાર્ટી 'તમિઝગા વેત્રી કઝગમ' બનાવી હતી. હાલમાં તેમની પાર્ટીએ ફલેગ પણ લોન્ચ કર્યો છે.થાલાપતિએ કહ્યું હતું કે તેમની પાર્ટી ૨૦૨૬ની વિધાનસભા ચૂંટણીમાં ભાગ લેશે. વિજયના ચાહકો માટે કડવી ક્ષણ બની શકે છે, અભિનેતાની ૬૯મી ફિલ્મ, કામચલાઉ શીર્ષક થલપથી ૬૯ , સત્તાવાર રીતે જાહેર કરવામાં આવી છે. ફુલટાઈમ રાજકારણમાં પ્રવેશતા પહેલા આ ફિલ્મ વિજયની છેલ્લી સહેલગાહ હશે. શીર્ષક વિનાની આ ફિલ્મનું દિગ્દર્શન એચ વિનોથ દ્વારા કરવામાં આવશે જેઓ સથુરંગા વેટ્ટાઈ, થેરાન અધિગારમ ઓન્દ્રુ અને વલીમાઈના દિગ્દર્શન માટે જાણીતા છે.






### શાહીદની આ ફિલ્મમાં ભારદ્વાજ સાથે તૃપ્તિ ડિમરી પણ હશે

# શાહીદ-વિશાલ ફરી સાથે કામ કરશે

શાહીદ કપૂર અને વિશાલ ભારદ્વાજ ફરી એક વખત સાથે કામ કરવા જઈ રહ્યા છે. આ ફિલ્મ સાજિદ નડિયાદવાલા પ્રોડ્યુસ કરશે. તેમાં તૃપ્તિ ડિમરી પણ મુખ્ય રોલમાં જોવા મળશે, જે શાહીદ સાથે પહેલી વખત કામ કરતી જોવા મળશે. શાહીદ પણ આ પ્રોજેક્ટ અંગે ખુબ ઉત્સુક છે. શુક્રવારે શાહીદ કપૂરે પોતાની ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં લખ્યું હતું,''આ ફિલ્મ માટે ખૂબ ઉત્સુક છું, મારાથી આ ફિલ્મનું કામ શરૂ કરવાની રાહ નથી જોવાતી..વિશાલ ભારદ્વાજ, સાજિદ નડિયાદવાલા, તૃપ્તિ ડિમરી.'' સાજિદ નડિયાદવાલાએ પણ ઈન્સ્ટાગ્રામ અને એક્સ પર જાહેરાત કરી હતી. તેણે લખ્યું હતું,''હું જિનિયસ ડિરેક્ટર અને મારા મિત્ર વિશાલ ભારદ્વાજ અને અદભુત પાવરહાઉસ શાહીદ કપૂર સાથે જોડાઈને અતિ ઉત્સુક છું. સાથે જ એનજીઈ પરિવારમાં તૃપ્તિ ડિમરીને આવકારતા પણ અતિ આનંદીત છું.'' આ પહેલા શાહીદ અને વિશાલ ભારદ્વાજ 'કમીને', 'હેદર' અને 'રંગૂન' જેવી ફિલ્મો કરી ચૂક્યા છે. જે ઈન્ટેન્સ અને કોમ્પ્લેક્સ હોવા છતાં તેના ભરપુર વખાણ થયા છે. આ જાહેરાતથી આ જોડીના ફૅન્સ પણ ઉત્સાહમાં આવી ગયા છે. તેમણે ઈન્સ્ટાગ્રામ અને એક્સ પર શાહીદ અને સાજીદની પોસ્ટને વધાવી લીધી છે. છેલ્લે શાહીદે ક્રિતિ સેનન સાથે 'તેરી બાતોં મેં ઐસા ઉલજા જિયા' ફિલ્મ કરી હતી, જેમાં તેણે એક રોબૉ સાયન્ટિસ્ટનો રોલ કર્યો હતો. આ ફિલ્મ પણ ઘણી સારી ચાલી હતી. જ્યારે તૃપ્તિએ છેલ્લે વિકી કૌશલ અને એમિ વિર્ક સાથે 'બૅડ ન્યૂઝ' ફિલ્મ કરી છે. હાલ તે કાર્તિક આર્યન અને વિદ્યા બાલન સાથે 'ભુલભુલૈયા ૩'માં કામ કરી રહી છે. આ ફિલ્મ ૧ નવેમ્બરે રિલીઝ થશે. એ ઉપરાંત તૃપ્તિની રાજકુમાર રાવ સાથેની ફિલ્મ 'વિકી વિદ્યા કા વો વાલા વીડિયો' પણ ટૂંક સમયમાં આવી રહી છે.



# અનન્યા રિલેશનશિપમાં છે, તે કોને ડેટ કરી રહી છે?

**અનન્યાએ કહ્યું કે ફિલ્મ ઈન્ડસ્ટ્રી બહારથી એકદમ ગ્લેમરસ લાગે છે, પરંતુ તેની અંદર ઘણો સંઘર્ષ છે**

ઈન્ડિયા ટુડે માઈન્ડ રોક્સે શાનદાર શરૂઆત કરી છે. બેંગલુરુમાં ચાલી રહેલા આ ઈવેન્ટમાં ઘણા જાણીતા સ્ટાર્સ ભાગ લેવાના છે. ૧૪ સપ્ટેમ્બરે બોલિવૂડ દિવા અનન્યા પાંડે આ ઈવેન્ટની મહેમાન બની હતી. ઈન્ડિયા ટુડે માઈન્ડ રોક્સમાં અનન્યા તેના દિલ અને દિમાગથી બોલતી જોવા મળી હતી. તેણે પોતાની ફિલ્મી કરિયર અને બેકગ્રાઉન્ડ વિશે ઘણા ખુલાસા કર્યા. અનન્યાને પૂછવામાં આવ્યું કે તમે ફિલ્મી પરિવારમાંથી આવો છો, શું તેનાથી તમારા કરિયરને અસર થઈ છે, તમે કયા પડકારોનો સામનો કર્યો? તેણે કહ્યું- મને મારા પિતા પર ગર્વ છે, કારણ કે તેઓ ડોક્ટર પરિવારમાંથી આવે છે. તેમ છતાં તેણે ઈન્ડસ્ટ્રીમાં પોતાની ઓળખ બનાવી. તેના કારણે જ મારું ઈન્ડસ્ટ્રીમાં કનેક્શન છે. ઝડપથી રૂમમાં પ્રવેશ મેળવો. પરંતુ આ પછી તમે તમારી જાતને કેવી રીતે સાબિત કરો છો તેના પર નિર્ભર છે. અનન્યાએ કહ્યું કે ફિલ્મ ઈન્ડસ્ટ્રી બહારથી એકદમ ગ્લેમરસ લાગે છે, પરંતુ તેની અંદર ઘણો સંઘર્ષ છે. જો કંઈક સારું થાય છે, તો આપણે તેનો આનંદ માણી શકતા નથી કારણ કે આપણે આગળ વિચારવાનું છે. કેટલાક માણી શકતા નથી. અનન્યાને પૂછવામાં આવ્યું કે શાહરૂખ ખાન જેવો સુપરસ્ટાર બનવું કેટલું મુશ્કેલ છે? તેણે કહ્યું- મને લાગે છે કે હું સુપરસ્ટાર નથી. પરંતુ આજે શાહરૂખ અંકલ અને અમિતાભ બચ્ચન જેવી સફળતા મેળવવી ખૂબ જ મુશ્કેલ છે. 'મને લાગે છે કે સોશિયલ મીડિયા ડાન્સ માટે સારું છે. પરંતુ ત્યાં લડશો નહીં. સીમાઓ સેટ કરવી મહત્વપૂર્ણ છે. હું સોશિયલ મીડિયા દ્વારા લોકો સાથે વાત કરી શકું છું. હું પણ માણસ છું.



# ઝાલોદ જયદેવા ગ્રુપ ગણેશ ઉત્સવમાં ભોળાનાથની ભસ્મ આરતીની ભવ્ય ઝાંખી સાથે આરતી યોજાઈ

## જયદેવા ગ્રુપની મહાકાલ સેના દ્વારા નગરના સિંઘમ પોલિસ અધિકારી એવા ડી.વાય.એસ.પી પટેલ, પી.આઈ રાઠવા, પી.એસ.આઇ માળીનું ભવ્ય સ્વાગત કર્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

ઝાલોદ નગર જયદેવા ગ્રૂપ પ્રતિવર્ષ ગણેશ પંડાલમા અવનવી ઝાંખી તેમજ વિશેષ આયોજન માટે જાણીતું છે જેથી નગરના લોકો જયદેવા ગ્રૂપ દ્વારા કરવામાં આવેલ આયોજનને અચૂક જોવા આવે છે. જયદેવા ગ્રુપ દ્વારા ગણેશ મંડપમા સાક્ષાત ગણેશ મંડપમાં મહાકાલ સેના દ્વારા ઢોલ, ડમરુ જેવા વાજીંત્રો વગાડતા ભવ્ય મહાકાલની ભસ્મ આરતીનુ આયોજન કર્યું હતું. આ ભસ્મ આરતી ગોપાલાનંદ મહારાજ દ્વારા સુંદર રીતે કરવામાં આવી હતી. આરતી જોતા ઉપસ્થિત સહુ લોકોને એવું લાગતું હતું કે તેઓ ઉજ્જૈન મહાકાલેશ્વર મંદિરની ભસ્મ આરતી જોતા હોય....આ સુંદર આરતીની અવિસ્મરણીય યાદોને નગરજનોએ આંખોમાં વસાવી લીધી હતી. જયદેવા ગ્રૂપની મહાકાલ સેના દ્વારા નગરના બાહોશ પોલિસ અધિકારી તેમજ સિંઘમની



ભૂમિકામાં તાજેતરમાં ૫ કલાકના સર્ચ ઓપરેશન બાદ ચોરોને પકડવામાં સફળતા મેળવી હતી તેવા ડી.વાય.એસ.પી પટેલ, પી.આઈ રાઠવા, પી.એસ. આઈ માળીનું મહાકાલ સેના દ્વારા વાજતે ગાજતે સ્વાગત કર્યું હતું તેમજ પોલીસ ચોરોને પકડવામાં જે સુંદર કામગીરી કરેલ તેનાં માટે જાહેર મંચ પરથી તેમની કામગીરીને બિરદાવવામા આવી હતી. જયદેવા ગ્રૂપના આમંત્રણને માન આપી આવેલ સહુ પોલિસ અધિકારીઓએ પરિવાર સાથે આવી ગણેશજીની પૂજા આરતીનો લાભ લીધો હતો.

# ઝાલોદ કોલેજમાં હિન્દી સપ્તાહ ની ઉજવણી કરવામાં આવી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

શ્રી કે. આર. દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ઝાલોદના હિન્દી વિભાગ દ્વારા તારીખ ૯/૯/ ૨૦૨૪ થી ૧૪/૯/૨૦૨૪ સુધી વિવિધ કાર્યક્રમો કરી હિન્દી સપ્તાહ ની ઉજવણી કરવામાં આવી.જે અંતર્ગત અલગ અલગ પ્રતિયોગીતાઓનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં હિન્દી ભાષણ પ્રતિયોગિતા, વાદ-વિવાદ પ્રતિયોગિતા, નિબંધ લેખન પ્રતિયોગિતા, સુલેખન પ્રતિયોગીતા, રચનાત્મક લેખન પ્રતિયોગિતા અંતર્ગત હિન્દી કહાની લેખન તથા હિન્દી કાવ્ય લેખન પ્રતિયોગિતા ઉપરાંત કાવ્ય પઠન તથા કાવ્ય ગાન પ્રતિયોગિતા વગેરેનું આયોજન કરવામાં આવેલ હતું.૧૪ સપ્ટેમ્બર હિન્દી દિવસના રોજ ના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવેલ હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આયોજન વિભાગના અધ્યક્ષ ડો.વાય.પી.ઝાલા તથા ડો. સંગીતાબેન વહિયા દ્વારા કરવામાં આવ્યું હતું. કૉલેજના આચાર્ય મધુકર પટેલ દ્વારા યોગ્ય માર્ગદર્શન પૂરું પાડવામાં આવેલ હતું.

# ઝાલોદ લુહારવાડા, વિશ્વકર્મા મંદિર અને જયદેવા ગણેશ મંડળો દ્વારા પોલિસની કામગીરી બિરદાવી સન્માન કરવામાં આવ્યું



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

ઝાલોદ નગરના લુહારવાડા ગણેશ મિત્ર મંડળ, વિશ્વકર્મા ગણેશ મિત્ર મંડળ અને જયદેવા મિત્ર મંડળ દ્વારા ઝાલોદ પોલીસ સ્ટેશના ડી.વાય. એસ.પી પટેલ, પી.આઈ રાઠવા, પી.એસ. આઈ માળીને પૂજા આરતી માટે આમંત્રણ આપ વામાં આવ્યું હતું. આરતી બાદ દરેક ગણેશ પંડાલોમા તાજેતરમાં સોમનાથ મંદિરે ચોરો આવેલ હતા તેણે પાંચ કલાકના સર્ચ ઓપરેશન બાદ બે ચોરોને ઝડપી પાડેલ હતા નગરના લોકો પોલીસની સમગ્ર કામગીરી દરમ્યાન પોલિસ તંત્ર સાથે હાજર હતો તેથી તેમના દ્વારા કરવામાં આવેલ સુંદર કામગીરીને બિરદાવવા માટે સહુ ગણેશ મિત્ર મંડળો તેમનું સાલ ઓઢાવી સ્વાગત કર્યું અને તેમની કામગીરીની પ્રસંશા કરી હતી. જયદેવા ગ્રુપ દ્વારા જાંબાજ ઓફિસરોને બિરદાવવા માટે મહાકાલ સેના દ્વારા ઢોલ નગારા વગાડી સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગણેશ ઉત્સવના છેલ્લા દિવસોમાં દરેક ગણેશ પ્રતિમાઓના દર્શન માટે નગરના લોકો ઉમટી રહેલ છે. લુહારવાડા મિત્ર મંડળ દ્વારા કૈલાશ પર્વતની સુંદર ઝાંખી તેમજ ગણેશજીના દર્શન કરવા માટે સુંદર એન્ટ્રી આપેલ છે જેને જોવા અને માણવા નગરજનો ઉમટી રહેલ છે. ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમા પણ દરરોજ સુંદર ધાર્મિક પ્રોગ્રામો રાખી ઉત્સાહ પૂર્વક ઉત્સવ ઉજવવામાં આવી રહેલ છે છેલ્લા દિવસોમાં છપ્પન ભોગ જેવા પ્રસાદીનુ પણ સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

# ઝાલોદ પોલિસે સિંઘમની ભૂમિકામાં મંદિરે ચોરી કરવા આવેલ ચોરોને ઝડપી પાડયા

## પોલિસ દ્વારા ચોરોને પકડવામાં કરવામાં આવેલ કામગીરીની નગરમાં ચારેકોર પ્રસંશા

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

ઝાલોદ નગરમાં ૧૪-૦૯-૨૦૨૪ ની રાત્રે સોમનાથ મહાદેવ મંદિરે ચોર ચોરી કરવાના આશયથી આવેલ હતા ત્યારે સાંભળ્યા મળ્યાં મુજબ કોઈ મંદિરમાં તાળાં તોડી રહેલ છે તેવો અવાજ ત્યાં રહેનાર સ્થાનિકને આવતા તાત્કાલિક નગરના આગેવાનોનો સંપર્ક કરાયો ત્યાર બાદ તાત્કાલિક આ ઘટનાની પોલિસ તંત્રને જાણ કરવામાં આવી હતી. નગરના ડી.વાય.એસ.પી પટેલ, પી.આઈ રાઠવા, પી.એસ.આઇ માળી, સે.પી.એસ.આઈ સિસોદિયા સહિતના લોકો પોલિસ સ્ટાફ સાથે લુહારવાડાના સોમનાથ મંદિરે પહોંચી ગયા હતા. આ સમાચાર તાત્કાલિક નગરમાં ફરી વળતા મોટા પ્રમાણમાં નગરના લોકો પણ ત્યાં આવી પહોંચેલ હતા.

રાત્રીના અંદાજીત બે વાગે ચોરીની ઘટનાને લઈ પોલિસ તંત્ર દ્વારા ત્યાં પહોંચતા ચોરો નાસી જવા લાગ્યા હતા. મંદિર પાછળ આવેલ ખુલ્લાં ખેતરમાં મોટાં મોટાં ઘાસ તેમજ ખેતરની જમીન પોચી હોવાથી કાદવ કીચડની વચ્ચે પોલિસ ચોરોને પકડવા દોડી હતી તેમના સાથે નગરના લોકો પણ પોલિસ સાથે ચોરોને પકડવા દોડયા હતા. ચોરો દ્વારા પકડાઈ જવાના ડરે પોલીસ પર પત્થર મારો કરવામાં આવેલ હતો પરંતુ નગરના બાહોશ પોલિસ અધિકારી દ્વારા બચાવમાં પોતાની



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

પિસ્તોલ થી ફાયરિંગ કરવામાં આવ્યું હતું. રાત્રિના બે વાગ્યાથી સવારના ૭ વાગ્યા સુધી પોલિસ દ્વારા ચોરોને પકડવા માટે સર્ચ ઓપરેશન હાથ ધરેલ હતું પાંચ કલાક જેટલા લાંબા સમયના ઓપરેશનમાં બે ચોરોને પોલિસ દ્વારા પકડી પાડવામાં આવેલ હતા. કેટલા ચોરો હતા તેની તપાસ પોલિસ દ્વારા કરવામાં આવી રહેલ છે.ચોરો દ્વારા મંદિર માંથી ૪૫૦૦ રૂપિયાના મુદ્દામાલની ચોરી થયેલ હોવાનું માલુમ પડેલ છે. પોલીસ તંત્ર દ્વારા હાલ આ પકડી પાડેલ ચોરોને ક્યારે અને ક્યાં અગાઉ કોઈ ચોરી કરી હોય તેની તપાસ હાથ ધરી તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી રહેલ છે. સાંભળ્યા મળ્યા મુજબ પોલિસ દ્વારા ડ્રોન કેમેરા, ડોગ સ્કવોડની મદદ લેવામાં આવેલ છે. પોલિસ તંત્રની ચોરોને પકડવામાં જે સુંદર કામગીરી કરવામાં આવી તેની પ્રસંશા નગરજનો કરી રહેલ છે.

# માર્ગ અને મકાન વિભાગ દ્વારા દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકા અને ઝાલોદ તાલુકાના લીમડી અને ચાકલીયા રોડ પર પેચવર્કની કામગીરી

। (માહિતી) ઝાલોદ, તા.૧૬ ।

સમગ્ર જિલ્લામાં વરસાદના કારણે અસરગ્રસ્ત રોડ-રસ્તાના કારણે સામાન્ય નાગરિકોને હાલાકી ન પડે તે માટે વહિવટીતંત્ર દ્વારા સઘન કામગીરી શરૂ છે. જિલ્લા કલેક્ટર શ્રી યોગેશ નિરગુડેના માર્ગદર્શનમાં પેચવર્ક, રસ્તાઓના રિપેરિંગની કામગીરી પૂરજોશમાં ચાલુ છે.

દાહોદ જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ સ્ટેટના હસ્તકના લીમખેડા તાલુકાના અને ઝાલોદ તાલુકાના લીમડી અને ચાકલીયા જુદા જુદા વિસ્તારોનાં માર્ગો પર પડેલા ખાડાઓમાં ડામર પેચવર્ક કરી



મરામત કામગીરી હાથ ધરવામાં આવી છે. અસરગ્રસ્ત રસ્તાઓના રીપેરીંગની કામગીરી થઈ રહી છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા ડામર ના પેચવર્કની કામગીરી કરવામાં આવી રહી છે. આમ, વરસાદના વિરામ બાદ નાના-મોટા માર્ગોનું મરામત કામ વહેલીતકે પૂર્ણ કરવા વહીવટી તંત્રએ પ્રતિબદ્ધતા દાખવી છે.

# ઝાલોદ નગરમાં કરિયાણાની દુકાનમાં આગ : ફાયરબ્રિગેડ તાત્કાલિક સ્થળે આવતા આગને કાબુમાં લીધી



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (માહિતી) ઝાલોદ, તા.૧૬ ।

ઝાલોદ નગરની ગામડી ચોકડી પાસે પોસ્ટ ઓફિસની પાસે કરિયાણાની બે માળની દુકાન આવેલ છે. અંદાજીત બાર વાગ્યાની આસપાસ કરિયાણાની દુકાનની ઉપરના ભાગે શોર્ટસર્કિટ ને લીધે દુકાનમાં આગ લાગવાનો બનાવ બન્યો હતો. આગ લાગતા તાત્કાલિક ફાયર બ્રિગેડનો સંપર્ક કરવામાં આવ્યો હતો જેથી તાત્કાલિક ફાયર બ્રિગેડ બનાવની જગ્યાએ પહોંચી ગયો હતો. આગનો ધુમાડો જોવા મળતા ત્યાં મોટા પ્રમાણમાં લોકો ઉમટી પડ્યા હતા. જ્યાં આગ લાગી હતી ત્યાં ઉપલા માળે ઉપસ્થિત લોકોએ દુકાનની શટર ખોલી નાખી હતી જેથી આગ વધુ ભયંકર સ્વરૂપ ધારણ ન કરે. ફાયરબ્રિગેડ દ્વારા તાત્કાલિક નીચેની દુકાન માંથી ઉપર જઈ પાણીનો મારો ચલાવ્યો હતો જેથી તાત્કાલિક આગ કાબુમાં આવી ગઈ હતી. કરિયાણાના વ્યાપારીને દુકાનમાં આગ લાગતા મોટું નુકશાન થયેલ હોવાનું માલુમ પડેલ છે.

# શેલ્બી હોસ્પિટલ, નરોડા અને લાયન્સ ક્લબ ઓફ ઝાલોદના સંયુક્ત ઉપક્રમે નિઃશુલ્ક મેડિકલ કેમ્પ યોજાયો



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૧૬ ।

તારીખ ૧૫-૦૯-૨૦૨૪ રવિવારના રોજ લાયન્સ ક્લબ દ્વારા નરોડા સેલ્બી હોસ્પીટ-લના સંયુક્ત ઉપક્રમે લાયન્સ ક્લબ સંચાલિત અંગ્રેજી અને ગુજરાતી મીડિયમ સ્કૂલ વણકતલાઈ હનુમાનજી મંદિર પાસે નિઃશુલ્ક મેડિકલ કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમા સેલ્બી હોસ્પિટલમ નરોડા અમદાવાદના નિષ્ણાત ડૉ. સંજય પટેલ સિનિયર જોઈન્ટ રિપ્લેસમેન્ટ સર્જન, ડૉ. અસિત ભોયાર સિનિયર એન્ડોસ્કોપીક સ્પાઈન સર્જન, ડૉ. શિવમ પંડ્યા સિનિયર કેન્સર સર્જન ઉપસ્થિત રહ્યા હતા. આ કેમ્પમા ઘુંટણમાં પીડાં, ચાલવામાં તકલીફ, પગથીયાં ચઢવા-ઉતરવામાં સમસ્યાવાની સમસ્યા કમરનો દુઃખાવો,ગરદનનો દુઃખાવો મગજની સમસ્યા, કેન્સર સબંધિત રોગોની તપાસ કરવામાં આવી હતી. આ કેમ્પમા કેમ્પ સહયોગી નિષ્ણાતઃ ડૉ. રિષભ સોનલકુમાર દેસાઈ - ઓર્થોપેડિક સર્જન, લા.ક્લબ પ્રેસિડેન્ટ મુકેશ અગ્રવાલ, સેક્રેટરી લા.ડૉ. સોનલ કુમાર દેસાઈ ટ્રેઝરર, લા.ડૉ. નગીન પટેલ તેમજ લાયન્સ ક્લબ ઝાલોદના સહયોગથી સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આજના આ કેમ્પમા અંદાજીત ૧૩૦ થી વધુ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી. ધૂન હોસ્પિટલમ ઝાલોદ દ્વારા આ કેમ્પના સાથે જોડાયેલ દર્દીઓ માટે રાહત દરે એક્સરેની સુવિધા પૂરી પાડવામાં આવી હતી.

# દેવગઢ બારીયા નગરમાં ઇદે મિલાદુન્નબી પર્વ પ્રસંગે મુસ્લિમ બિરાદરો દ્વારા ભવ્ય ઝુલુસ યોજાયું



તસ્વીર : સોહિલ દિવાન, દેવગઢ બારીઆ

। (પ્રતિનિધી) દેવગઢ બારીઆ, તા.૧૬ ।

દાહોદ જીલ્લા ના દેવગઢ તાલુકાના મુસ્લિમ સમાજ દ્વારા ઈદે મિલાદુન્નબી પર્વની ધામધૂમથી ઉજવણી કરવામાં આવી હતી. જેમાં હજારોનીસંખ્યામાંમુસલીમમાનવમહેરામણઉમટી પડયું હતું. જેમા ઈસ્લામ ધર્મના સ્થાપક હજરત મહંમદ પયંગબર સાહેબના જન્મ દિવસની ઉજવણીના ભાગરૂપે મુસ્લિમ સમાજ દ્વારા છેલ્લા ઘણા દિવસથી પોતાના મહોલ્લા ઘરોને રંગબેરંગી રોશનીથી સજાવવામાં આવ્યા હતાં. મુસ્લિમ સમાજના લોકો દ્વારા સોમવારે વહેલી સવારથી રંગબેરંગી પોષાક પહેરી જમનસાબાવાની દરગાહથી સવારે ૯ વાગે ઝુલુસ કાઢવામાં આવ્યું હતું અને દેવગઢ બારીયા નગર મા ઝુલુસ ફરી જામા મસ્જિદે લાવવામાં આવ્યું હતું. પછી કેક કાપી હજરત મોહંમદ પયગમ્બર સાહેબના જન્મ દિવસની ઉજવણી કરી હતી અને કેક પ્રસાદી સ્વરૂપે વહેંચી હતી અને સલાતો સલામ પઢી હતી.

# સક્કરબાગ ઝુમાં ૨ થી ૮ ઓક્ટોબર સુધી ફ્રીમાં એન્ટ્રી

। જુનાગઢ, તા.૧૬ ।

સક્કરબાગ પ્રાણી સંગ્રહાલય ભારત દેશના પશ્ચિમ ભાગમાં આવેલા ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર વિસ્તારમાં આવેલ જુનાગઢ શહેરમાં આવેલું પ્રાણી સંગ્રહાલય છે. આ પ્રાણી સંગ્રહાલય આઝાદી પહેલાં એટલે કે જુનાગઢ રાજ્યના નવાબના સમયમાં બનાવવામાં આવ્યું હતું. એશિયાઇ સિંહ આ પ્રાણી સંગ્રહાલયનું મુખ્ય આકર્ષણ છે. સક્કરબાગ આશરે ૧૯૮ હેક્ટરમાં ફેલાયેલું છે. સક્કરબાગ ઝૂમાં દર વર્ષે લાખો પ્રવાસીઓ મુલાકાત લે છે. સક્કરબાગ પ્રાણી સંગ્રહાલયમાં તૃણભક્ષી, સરીસૃપ વગેરે, પ્રાણીઓ જોવા મળે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે દોડધામભર્યો દિવસ હોવા છતાં સારો દિવસ. તમારી પાસે પૈસા પણ પર્યાપ્ત માત્રા માં હશે અને આની સાથેજ મન માં શાંતિ પણ હશે. તમારા જીવનસાથી સાથે સારી સમજ ઘરમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિ લાવશે. આનંદ માટે નવા સંબંધો તરફ મીટ માંડો. કામના સ્થળે આજે પરિસ્થિતિ તમારી તરફેણમાં જણાય છે. તમે ખુદ ને સમય આપવાનું જાણો છો અને આજે તો તમને ઘણું ખાલી સમય મળવા ની શક્યતા છે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારી જાતને તંદુરસ્ત અને સ્વસ્થ રાખવા માટે ઉચ્ચ કૅલૅરીયુક્ત આહાર ટાળો. આજે કોઈ લેણદાર તમારા ઘરે આવી શકે છે અને તે તમારા થી પૈસા ઉધાર માંગી શકે છે. તેને પૈસા આપી તમે આર્થિક તંગી માં આવી શકો છો. તમને સલાહ આપવા માં આવે છે કે ઉધાર લેવા થી બચો. ઘરના મોરચે મુશ્કેલીઓનો ચરૂ ઉકળી રહ્યો છે આથી તમે જે બોલો છો તે અંગે સાવચેતી રાખજો.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારા સ્વાસ્થ્ય વિશે વિશેષ સાવચેતી રાખજો ખાસ કરીને બ્લ્ડ પ્રૅશરના દરદીઓ. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. ઘરના સુશોભીકરણની સાથે બાળકોની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખજો. સુવ્યવસ્થિત હોવા છતાં બાળકો વિનાનું ઘર આત્મા વિનાનું લાગે છે. બાળકો ઘરની ખુશીમાં ચાર ચાંદ લગાડે છે.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે બિનજરૂરી વિચારોને તમારા મગજમાં સ્થાન જમાવવા ન દો. શાંત તથા તાણમુક્ત રહેવાનો પ્રયાસ કરો, એ તમને માનસિક દ્રઢતા બક્ષશે. ખાસ લાભદાયક દિવસ જણાતો નથી-આથી તમારી આર્થિક સ્થિતિ તપાસો અને તમારા ખર્ચને ઘડાટો. તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા- તમારી વાત અન્યોને ગળે ઉતારવાની તમારી આવડત તમને આવાનારી સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરશે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે સ્વાસ્થ્યની દૃષ્ટિએ સારો દિવસ. તમારી ખુશખુશાલ મનઃસ્થિતિ તમને ઈચ્છિત ટૉનિક આપશે તથા તમને આત્મવિશ્વાસથી સભર રાખશે. આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે. તમે સામજિક કાર્યક્રમ તથા મેળાવડાઓમાં સહભાગી થશો તો તમે તમારા મિત્રો તથા પરિચિતોની સંખ્યા વધારી શકશો.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે આજે તમારામાં ઊર્જાની વિપુલતા હશો-પણ કામનું દબાણ બેચેન કરી નાખે એવું જણાય છે. આજે તમને પોતાની સંતાન દ્વારા ધન લાભ થવા ની શક્યતા દેખાય છે અને તમને આના દ્વારા ખુશી થશે. બાળકો શાળાને લગતા પ્રૉજેક્ટ્સ વિશે સલાહ માગી શકે છે. એકાએક થયેલો રૉમેન્ટક મેળાપ તમને મૂંઝવી નાખશે. વિવાદો અથવા ઑફિસમાંનું રાજકારણ, તમે આજે દરેક બાબત પર તમારૂં વર્ચસ્વ ધરાવશો.

**તુલા (ર,ત) :**

આજના દિવસે આજે તમારો આત્મવિશ્વાસ વધશે તથા તમારૂં આગળ વધવું નિશ્ચિત છે. આજે તમે તમારા ઘર ના સભ્યો ને ક્યાંક ફરવા માટે લયી જાયી શકો છો અને તમારું ઘણું ધન ખર્ચ થયી શકે છે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. તમે તમારા ભાગીદાર પર પૂરતું ધ્યાન નહીં આપો તો તે તમારાથી નારાજ થઈ જશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે રમતગમત તથા અન્ય આઉટડૉર પ્રવૃત્તિઓમાં ભાગ લેવાથી તમે તમારી ખોવાયેલી શક્તિ ભેગી કરવામાં તમને મદદ મળશે. વેપાર ને મજબૂત કરવા માટે તમે કોઈ મહત્વપૂર્ણ પગલાં લાયી શકો છો જેના માટે તમારા કોઈ નજીકી તમારી નાણાકીય મદદ કરી શકે છે. તમારા જીવનસાથી તરફ બેદરકારી તમારા સંબંધ પર અસર કરી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે રચનાત્મક કામ તમને નિરાંતવા રાખશે. આજે તમારું ધન ઘણી વસ્તુઓ ઉપર ખર્ચ થયી શકે છે, તમારે આજે એક સારો બજેટ પ્લાન બનાવ ની જરૂર છે આના થી તમારી ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે. દૂરના સ્થળેથી કોઈ સંબંધી તમારો સંપર્ક કરી શકે છે. રૉમાન્સ માટે સારો દિવસ. આજે તમારા કામની સરાહના થશે. ખાલી સમયમાં આજે તમે પોતાના મોબાઈલ ઉપર કોઈ વેબ સિરીઝ જોઈ શકો છો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે તમે જો યોગ્ય આરામ નહીં લેતા હો તો તમને અત્યંત થાક લાગશે અને તમને વધારાની આરામની જરૂર પડશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. પ્રેમમાં નિરાશા તમને નાસીપાસ કરશે.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે શારીરિક લાભ અને ખાસ કરીને માનસિક દ્રઢતા માટે ધ્યાન અને યોગ કરવાનું શરૂ કરો. આજે ઘર થી નીકળતા પહેલા વડીલો નું આશીવાદ લો. આના થી તમને ધન લાભ થયી શકે છે. તમારા નવા પ્રૉજેક્ટ્સ તથા યોજનાઓ વિશે તમારા ભાગીદારને વિશ્વાસમાં લેવા માટે પણ આ સમયગાળો સારો છે. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી જાતે જ કોઈ દવા લેવાનું ટાળજો કેમ કે એવું કરવાથી ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા વધી શકે છે. આજ ના દિવસે તમે ઘરે થી ઘણી સકારાત્મકતા સાથે નીકળશો પરંતુ કોઈ મોંઘી વસ્તુ ના ચોરી થવા થી તમારું મૂડ ખરાબ થયી શકે છે. મિત્રો તમારો દિવસ ઝળહળતો કરી મુકશે કેમ કે તેઓ સાંજ માટે કશુંક ઉત્સાહજનક કરશે. તમારૂં પ્રિયપાત્ર આજે તમારી માટે જીવંત દેવદૂત બનીને આવશે.

# અમેરિકામાં ગાંજાને કાયદેસર બનાવવાનું વિચારી શકે છે!

## આ ચૂંટણી મારિજુઆના પર ફેડરલ પ્રતિબંધને સમાપ્ત કરવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું સાબિત થઈ શકે છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૧૬ ।

અમેરિકામાં પ્રમુખપદની ચૂંટણીને હવે થોડા જ અઠવાડિયા બાકી છે. બંને ઉમેદવારો અને મતદારો અંતિમ તબક્કાની તૈયારીમાં વ્યસ્ત છે. ફિલાડેલ્ફિયામાં તાજેતરમાં યોજાયેલી પ્રેસિડેન્શિયલ ડિબેટ દરમિયાન વાઈસ પ્રેસિડેન્ટ કમલા હેરિસ અને ભૂતપૂર્વ પ્રેસિડેન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે ઘણા મુદ્દાઓ પર પોતપોતાના મંતવ્યો વ્યક્ત કર્યા હતા, પરંતુ ગાંજાને કાયદેસર બનાવવા પર બંને વચ્ચે કોઈ ચર્ચા થઈ નહોતી. ઘણા વિષયો પર અલગ-અલગ મંતવ્યો હોવા છતાં, આ એક એવો મુદ્દો છે કે જેના પર બંને ઉમેદવારોના મંતવ્યો સમાન જોવા મળે છે.મારિજુઆનાના ઉપયોગ પર ૧૦૦ વર્ષ જૂના ફેડરલ પ્રતિબંધમાં ફેરફારો લાવવાની સંભાવનાઓ માટે આ ચૂંટણી મહત્વપૂર્ણ હોઈ શકે છે. આજે, યુએસના ૨૪ રાજ્યો અને ડિસ્ટ્રિક્ટ ઑફ કોલંબિયાએ ગાંજાને કાયદેસર બનાવ્યો છે અને તેના વેચાણ પર દારૂના જ દરે ટેક્સ લાદ્યો છે. આ સિવાય ૭ રાજ્યોએ ઓછી માત્રામાં ગાંજા રાખવા બદલ જેલની સજા હટાવી છે. કુલ ૩૮ રાજ્યો અને કોલંબિયા ડિસ્ટ્રિક્ટે તેના તબીબી ઉપયોગ માટે કાયદા ઘડ્યા છે.મારિજુઆનાને કાયદેસર બનાવવા અંગે કમલા હેરિસનું વલણ બદલાઈ રહ્યું છે. ૨૦૧૯ માં, તેણે મારિજુઆનાના ફેડરલ અપરાધીકરણને સમાપ્ત કરવા માટે સેનેટમાં એક બિલ રજૂ કર્યું. જો કે, એક સમય એવો હતો જ્યારે તેણી તેની વિરુદ્ધ હતી. કેલિફોર્નિયાના એટર્ની જનરલ માટે તેણીની ૨૦૧૦ની દોડ દરમિયાન, તેણીએ તેના કાયદેસરકરણનો વિરોધ કર્યો હતો. પરંતુ ૨૦૧૯ માં રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે, તેણીએ તેને ટેકો આપ્યો હતો અને પોતે તેનું સેવન કર્યુ હોવાનું સ્વીકાર્યું હતું. તેમણે ગાંજાનો ઉપયોગ કરવા બદલ જેલમાં મોકલવામાં આવેલા લોકોને માફીની માંગ કરી હતી. મારિજુઆના કાયદેસરકરણ અંગે ડોનાલ્ડ ટ્રમ્પનું વલણ હંમેશા અસ્પષ્ટ રહ્યું છે. રાષ્ટ્રપતિ તરીકે તેમણે ક્યારેય સ્પષ્ટપણે સમર્થન કે વિરોધ કર્યો નથી. જો કે, તેણે તાજેતરમાં ફ્લોરિડામાં મારિજુઆનાને કાયદેસર બનાવવાના સમર્થનમાં મતદાન વિશે વાત કરી હતી. તેણે ટ્રુથ સોશિયલ પર લખ્યું, 'આ સમય આવી ગયો છે કે આપણે ગાંજાના નાના કેસ માટે લોકોને જેલમાં મોકલવાની વ્યર્થ પ્રક્રિયાને ખતમ કરીએ.'

### ધંધામાં નફો આપવાનું વચન આપ્યું

# લખનૌમાં 'ડિજિટલ તાંત્રિક'એ વેપારી પાસેથી ૬૫ લાખની છેતરપિંડી કરી

## હેમંત કુમાર રાય નામના વેપારીએ પોતાની ખોટનો ઉકેલ મેળવવા માટે એક તાંત્રિકનો ઓનલાઈન સંપર્ક કર્યો

। (એજન્સી) લખનૌ, તા.૧૬ ।

તમે તાજેતરમાં ડિજિટલ ધરપકડની ઘણી ઘટનાઓ વિશે સાંભળ્યું હશે. પરંતુ તમે 'ડિજિટલ તાંત્રિક' વિશે ભાગ્યે જ સાંભળ્યું હશે. પરંતુ આને લગતો એક ચોંકાવનારો કિસ્સો યુપીની રાજધાની લખનઉથી સામે આવ્યો છે, જ્યાં એક ડિજિટલ તાંત્રિકે કાળા જાદુનો ડર બતાવીને સ્ટોક ટ્રેડર પાસેથી ૬૫ લાખ રૂપિયા પડાવી લીધા છે. હવે આ મામલે FIR નોંધવામાં આવી છે. મળતી માહિતી મુજબ, હેમંત કુમાર રાય નામના વેપારીએ નુકસાનનો ઉકેલ શોધવા માટે એક તાંત્રિક સાથે ઓનલાઈન સંપર્ક કર્યો. સમસ્યામાંથી



છુટકારો મેળવવા માટે સૂચવેલા ઉપાયો પૂરા કરવા માટે તેણે સમયાંતરે તાંત્રિકને પૈસા આપ્યા. આરોપ છે કે ધીરે ધીરે છેતરપિંડી કરનારે સમાધાનની આડમાં ૬૫ લાખ રૂપિયા લીધા. આ પછી પણ જ્યારે તે પૈસાની માંગ કરતો રહ્યો તો પીડિતા નારાજ થઈ ગઈ અને તેણે હઝરતગંજ પોલીસ સ્ટેશનમાં કેસ દાખલ કર્યો. મળતી માહિતી મુજબ, ધંધામાં નુકસાન થયા બાદ બિઝનેસમેને સારા જ્યોતિષની ઓનલાઈન શોધ શરૂ કરી. જે બાદ તેને એક જ્યોતિષ વિશે ઓનલાઈન ખબર પડી, જેનો તેણે સંપર્ક કર્યો. પ્રથમ વખત ફી તરીકે ૧૧,૦૦૦ રૂપિયાની માંગણી કરવામાં આવી હતી. હેમંત કુમારે પૈસા પોતાના ખાતામાં ટ્રાન્સફર કર્યા. આ પછી, વધારાના ખર્ચનું કારણ આપીને વધુ પૈસાની માંગ કરવામાં આવી હતી. જે બાદ પીડિતા દ્વારા સતત પૈસા ટ્રાન્સફર કરવામાં આવતા હતા.

### ૧૧ પાવર પ્રોજેક્ટ અટક્યાં

# હિમાચલમાં ભારે વરસાદ બાદ ૩૮ રસ્તા બંધ કરાયા

## રાજ્યના કેટલાક ભાગોમાં સતત વરસાદ ચાલુ છે, શનિવાર સાંજથી કસૌલીમાં સૌથી વધુ ૫૩ મીમી વરસાદ નોંધાયો છે



। હિમાચલ પ્રદેશ, તા.૧૬ ।

હિમાચલ પ્રદેશમાં છેલ્લા કેટલાક દિવસોમાં સતત વરસાદ બાદ ૩૮ રસ્તાઓ બંધ થઈ ગયા છે જ્યારે ૧૧ પાવર પ્રોજેક્ટ પણ અટકી પડ્યા છે. હવે હવામાન વિભાગે ફરી એકવાર ૬ જિલ્લાઓ માટે યલો એલર્ટ જાહેર કર્યુ છે. આપને જણાવી દઈએ કે ધરમપુરમાં ૨૬ મીમી, રેણુકામાં ૨૦, ચંબામાં ૧૧, કારસોગમાં ૧૦, કલ્પામાં ૮.૫, નાહનમાં ૭.૯, સરાહનમાં ૬ અને ધર્મશાલા અને કાંગડામાં ૫.૮ મીમી વરસાદ નોંધાયો છે. હિમાચલ પ્રદેશમાં ભારે વરસાદ બાદ રાજ્યમાં ૩૮ રસ્તાઓ બંધ થઈ ગયા છે જ્યારે ૧૧ પાવર સપ્લાય પ્રોજેક્ટ પણ ખોરવાઈ ગયા છે. સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર (SEOC) એ રવિવારે જણાવ્યું કે હિમાચલ પ્રદેશમાં વરસાદ બાદ ત્રણ ડઝનથી વધુ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. બુધવારે, સ્થાનિક હવામાન વિભાગે રાજ્યના છ જિલ્લાઓમાં વિવિધ સ્થળોએ વાવાઝોડા અને વીજળીના ચમકારાની 'પીળી' ચેતવણી જારી કરી હતી, જેના કારણે ઘણા વિસ્તારોમાં ભારે વરસાદ થયો હતો. હવામાન વિભાગે પણ રાજ્યમાં ૨૧ સપ્ટેમ્બર સુધી વરસાદની આગાહી કરી છે. ન્યૂઝ એજન્સીના જણાવ્યા અનુસાર, રાજ્યના કેટલાક ભાગોમાં સતત વરસાદ ચાલુ છે, શનિવાર સાંજથી કસૌલીમાં સૌથી વધુ ૫૩ મીમી વરસાદ નોંધાયો છે. આ સમયગાળા દરમિયાન ધરમપુરમાં ૨૬ મીમી, રેણુકામાં ૨૦, ચંબામાં ૧૧, કારસોગમાં ૧૦, કલ્પામાં ૮.૫, નાહનમાં ૭.૯, સરાહનમાં ૬ અને ધરમશાલા અને કાંગડામાં ૫.૮ મીમી વરસાદ નોંધાયો છે. SEOC અનુસાર, કાંગડામાં મહત્તમ ૧૦ રસ્તાઓ બંધ છે, ત્યારબાદ શિમલા અને મંડીમાં આઠ-આઠ, લાહૌલ અને સ્પીતિમાં પાંચ, કુલ્લુ અને કિન્નૌરમાં ત્રણ-ત્રણ અને સિરમૌરમાં એક. વર્તમાન ચોમાસાની મોસમ દરમિયાન, ૧ જૂનથી ૧૫ સપ્ટેમ્બર સુધી વરસાદની ખાધ ૧૮ ટકા છે, રાજ્યમાં સરેરાશ ૬૮૯.૬ મીમીની સામે ૫૬૨.૯ મીમી વરસાદ નોંધાયો છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, રાજ્યમાં ૨૭ જૂને ચોમાસાની શરૂઆત થઈ ત્યારથી રવિવાર સુધીમાં વરસાદ સંબંધિત ઘટનાઓમાં ૧૭૧ લોકોના મોત થયા છે, જ્યારે ૩૦ હજુ પણ લાપતા છે. તેમણે કહ્યું કે રાજ્યને ૧,૩૨૭ કરોડ રૂપિયાનું નુકસાન થયું છે.

# હૈતીમાં ફ્યુઅલ ટેન્કરમાં વિસ્ફોટ થતાં ૧૬નાં મોત

## ઘટનાના એક સાક્ષીએ જણાવ્યું હતું કે ટ્રકની ગેસ ટેન્કને અન્ય વાહન દ્વારા પંચ કરાઈ હતી

। (એજન્સી) હૈતી, તા.૧૬ ।

હૈતીના દક્ષિણી દ્વીપકલ્પમાં બળતણની ટ્રકમાં વિસ્ફોટ થયો હતો. આ ઘટનામાં ઓછામાં ઓછા ૧૬ લોકોના મોત થયા છે અને ૪૦ લોકો ગંભીર રીતે દાઝી ગયા છે. હૈતીમાં શનિવારે એક બળતણ ટ્રકમાં વિસ્ફોટ થયો હતો, જેમાં ઓછામાં ઓછા ૧૬ લોકો માર્યા ગયા હતા અને ૪૦ ઘાયલ થયા હતા, એક અધિકારીએ જણાવ્યું હતું. મૃતકોના મૃતદેહ સંપૂર્ણપણે બળી ગયા છે, જેના કારણે તેમની ઓળખ પણ થઈ શકી નથી. હૈતીના વડા પ્રધાન ગેરી કોનિલે જણાવ્યું હતું કે નિપ્પ્સ વિભાગના દરિયાકાંઠાના શહેર મીરાગોએન નજીક સવારે બનેલી આ ઘટના પછી કટોકટી ટીમો "ગંભીર રીતે ઘાયલોના જીવ બચાવવા" કામ કરી રહી છે. "સરકાર તમામ પીડિતો અને તેમના પરિવારો સાથે એકતામાં ઉભી છે," કોનિલે સોશિયલ મીડિયા પોસ્ટમાં કહ્યું. ઘટનાના એક સાક્ષીએ જણાવ્યું હતું કે ટ્રકની ગેસ ટેન્કને અન્ય



વાહન દ્વારા પંચ કરવામાં આવી હતી. આ પછી લોકો ઈંધણ એકત્ર કરવા સ્થળ પર પહોંચ્યા.સ્થાનિક આઉટલેટ ઈકો હૈતી મીડિયા સાથેના વિડિયો ઈન્ટરવ્યુમાં પોતાનું નામ ન આપનાર વ્યક્તિએ જણાવ્યું હતું કે, "ત્યાં ઘણા બધા લોકો હતા, જે લોકો ટ્રકની નજીક હતા, તેઓના ટુકડા થઈ ગયા હતા." જ્યારે તેમને પૂછવામાં આવ્યું કે વિસ્ફોટમાં કેટલા લોકો માર્યા ગયા હશે તો તેમણે કહ્યું કે તે કહેવું મુશ્કેલ છે. "તમને ખબર નહીં પડે કારણ કે ત્યાં ઘણા બધા લોકો હતા, દર્શકો અને તેલ કલેક્ટર્સ. ત્યાં ઘણા બધા લોકો હતા," તેણે કહ્યું. મિરાગોન પ્રદેશમાં ઈંધણની ડિલિવરી તાજેતરના અઠવાડિયામાં નોંધપાત્ર રીતે ધીમી પડી છે, કારણ કે પોર્ટ-ઓ-પ્રિન્સની રાજધાનીની આસપાસના ગેંગ-નિયંત્રિત હાઈવેને ટાળવા માટે બોટ દ્વારા ટ્રક મોકલવામાં આવી રહી છે.રાજધાની અને આસપાસના વિસ્તારોમાં ગેંગના ફેલાવાને કારણે સામૂહિક વિસ્થાપન, જાતીય હિંસા, બાળકોની ભરતી અને વ્યાપક ભૂખમરો સાથે માનવતાવાદી કટોકટી ઉભી થઈ છે. દેશભરમાં હવે કટોકટીની સ્થિતિ લાગુ છે.હૈતીની નાગરિક સુરક્ષા એજન્સીએ ૩૧-વર્ષના પુરુષ અને બે ૨૩-વર્ષના પુરુષોની ઓળખની જાણ કરી હતી, જેમણે તેમના શરીરના ૮૯% કરતા વધુ ભાગ દાઝી ગયા હતા અને તેઓ દક્ષિણ હૈતીના લેસ કાયેસની હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા.તે જ સમયે, ૨૦૨૧ માં, કેપ-હેતીન શહેરમાં સમાન ઘટનામાં ઓછામાં ઓછા ૬૦ લોકો માર્યા ગયા હતા, જ્યારે એવું માનવામાં આવતું હતું કે લોકો ટેન્કર ટ્રકમાંથી ઈંધણ લેવાનો પ્રયાસ કરી રહ્યા હતા.

### મોહમ્મદ યુનુસ યુએસ પ્રતિનિધિમંડળને મળ્યા

# અમેરિકા બાંગ્લાદેશને સત્તર અબજ રૂપિયાની સહાય આપશે

। (એજન્સી) ઢાંકા, તા.૧૬ ।

રવિવારે, બાંગ્લાદેશની વચગાળાની સરકારના મુખ્ય સલાહકાર મોહમ્મદ યુનુસ યુએસ પ્રતિનિધિમંડળને મળ્યા હતા અને બાંગ્લાદેશના પુનઃનિર્માણ, મહત્વપૂર્ણ સુધારા પૂર્ણ કરવા અને ચોરાયેલી સંપત્તિઓને પરત લાવવા માટે યુએસ સમર્થન માંગ્યું હતું. અમેરિકા બાંગ્લાદેશને ૨૦૨.૨૫ મિલિયન યુએસ ડોલર (લગભગ ૧૭ અબજ રૂપિયા)ની સહાય આપશે. તેનો ઉદ્દેશ્ય દક્ષિણ એશિયાઈ દેશમાં વિકાસને આગળ ધપાવવા, યુવાનોને સશક્ત બનાવવા, લોકશાહીને મજબૂત બનાવવા,



સ્વાસ્થ્યમાં સુધારો કરવા અને લોકો માટે વેપાર અને આર્થિક તકોનો વિસ્તાર કરવાનો છે. અધિકારીઓએ રવિવારે આ માહિતી આપી. બાંગ્લાદેશના નાણા મંત્રાલય દ્વારા જારી કરાયેલ પ્રેસ રીલીઝ મુજબ, આર્થિક સંબંધો વિભાગના અધિક સચિવ એકેએમ શહાબુદ્દીન અને યુએસએઆઈડીના મિશન ડાયરેક્ટર રીડ જે. એશ્લીમેન વતી ઢાકામાં 'ધ ડેવલપમેન્ટ ઓબ્જેક્ટિવ ગ્રાન્ટ એગ્રીમેન્ટ (DOAG)' પર હસ્તાક્ષર કર્યા. તેમની સંબંધિત સરકારોએ છઠ્ઠા સુધારા પર હસ્તાક્ષર કર્યા. મીડિયા અહેવાલો અનુસાર, કરાર હેઠળ, USAID બાંગ્લાદેશને તેના સુશાસન, સામાજિક, માનવતાવાદી અને આર્થિક તકોના ત્રણ ક્ષેત્રો માટે યુએસ ઈ ૨૦૨.૨૫ મિલિયનનું અનુદાન પ્રદાન કરશે.૨૭ સપ્ટેમ્બર, ૨૦૨૧ ના રોજ, બાંગ્લાદેશ અને USAID વચ્ચે ૨૦૨૧-૨૦૨૬ સમયગાળા માટે નવા DOAG પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. DOAG નો અમલ કરીને, USAID કુલ $954 મિલિયનનું યોગદાન આપવા માટે પ્રતિબદ્ધ છે.

# ખેડૂતોથી ભરેલી બોટ નદીમાં પલટી, ૬૪ના મોત

। (એજન્સી) નાઈજીરિયા, તા.૧૬ ।

નાઈજીરિયાના ઝમફારા રાજ્યમાં નદીમાં બોટ દુર્ઘટનામાં ઓછામાં ઓછા ૬૪ લોકોના મોતની આશંકા છે. જણાવવામાં આવી રહ્યું છે કે શનિવારે સવારે ગુમ્મી શહેર પાસે ૭૦ ખેડૂતોને તેમના ખેતરમાં છોડવા જઈ રહેલી લાકડાની બોટ અચાનક પલટી ગઈ હતી. નાઈજીરીયાના ઝમફારામાં શનિવારે એક નદીમાં બોટ અકસ્માતમાં ઓછામાં ઓછા ૬૪ લોકોના મોતની આશંકા છે. તે ખેડૂતોને તેમના ખેતરમાં મૂકવા જઈ રહ્યો હતો, ત્યારે અચાનક તે પલટી ગયો.ઉત્તર-પશ્ચિમ નાઈજીરિયાના ઝમ્ફારા રાજ્યમાં એક નદીમાં એક હોડી પલટી જતાં ઓછામાં ઓછા ૬૪ લોકોના મોતની આશંકા છે, સ્થાનિક અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું. જણાવવામાં આવી રહ્યું છે કે શનિવારે સવારે ગુમ્મી શહેર પાસે ૭૦ ખેડૂતોને તેમના ખેતરમાં છોડવા જઈ રહેલી લાકડાની બોટ અચાનક પલટી ગઈ હતી.

### ભૂકંપની તીવ્રતા ૬.૬ હતી

# કેનેડાના બ્રિટિશ કોલંબિયામાં ભૂકંપના આંચકા અનુભવાયા

। (એજન્સી) કેનેડા, તા.૧૬ ।

ઉત્તર અમેરિકાના દેશ કેનેડામાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. યુનાઈટેડ સ્ટેટ્સ જીઓલોજિકલ સર્વે (યુએસજીએસ) અનુસાર, ભૂકંપ બ્રિટિશ કોલંબિયાના પોર્ટ મેકનીલના દરિયાકિનારે આવ્યો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૬.૬ માપવામાં આવી હતી. કેનેડામાં ભૂકંપના આંચકા અનુભવાયા છે. જણાવવામાં આવી રહ્યું છે કે કેનેડાના બ્રિટિશ કોલંબિયામાં લોકોએ રવિવારે ભૂકંપના આંચકા અનુભવ્યા હતા. યુનાઈટેડ સ્ટેટ્સ જિયોલોજિકલ સર્વે (યુએસજીએસ) અનુસાર, ભૂકંપ પોર્ટ મેકનીલના કિનારે આવ્યો હતો. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૬.૬ માપવામાં આવી હતી. અમેરિકાના નેશનલ સુનામી સેન્ટરના જણાવ્યા અનુસાર ભૂકંપ બાદ સુનામીના ખતરાની કોઈ ચેતવણી નથી. USGS અનુસાર, ભૂકંપનું કેન્દ્ર પ્રશાંત મહાસાગરમાં દરિયાની સપાટીથી ૧૦ કિલોમીટર નીચે હતું. તેને વૈજ્ઞાનિક રીતે સમજવા માટે આપણે પૃથ્વીની રચનાને સમજવી પડશે. પૃથ્વી ટેકટોનિક પ્લેટો પર સ્થિત છે. તેની નીચે પ્રવાહી લાવા છે અને તેના પર ટેક્ટોનિક પ્લેટો તરતી છે. ઘણી વખત આ પ્લેટો એકબીજા સાથે અથડાય છે. વારંવાર અથડામણને કારણે, કેટલીકવાર પ્લેટોના ખૂણાઓ વળે છે અને જ્યારે ખૂબ દબાણ હોય છે, ત્યારે આ પ્લેટો તૂટવા લાગે છે. આવી સ્થિતિમાં, નીચેથી આવતી ઊર્જા બહાર નીકળવાનો માર્ગ શોધે છે. જ્યારે આ વિક્ષેપ બનાવે છે.

## વિશેષ

### શ્રાદ્ધનો મહીમા । શ્રાદ્ધ પક્ષને શરાદીયાં અથવા પિતૃપક્ષ તરીકે પણ ઓળખવામાં આવે છે

# શ્રાદ્ધ પક્ષમાં પિતૃઓ પિંડદાન લઈને તૃપ્ત થાય છે અને પોતાનાં સંતાનોને આશીર્વાદ આપે છે "શ્રાદ્ધ એટલે મન, વચન તથા શ્રદ્ધાપૂર્વક, પોતાનાં પિતૃઓની તૃપ્તિ અને શાંતિ માટે કરવામાં આવતું શુભકામ"



વિશેષ
યોગેશભાઈ આર જોશી
(કવિ/લેખક)

। હાલોલ ।

દર વર્ષે ભાદરવા મહિનામાં શ્રાદ્ધ પક્ષ આવે છે. શ્રાદ્ધ પક્ષને શરાદીયાં અથવા પિતૃપક્ષ તરીકે પણ ઓળખવામાં આવે છે. જેમનાં પિતૃઓ કૈલાસવાસી થયાં હોય, એ સહુનાં આત્માની શાંતિ માટે, આ માસમાં પૂજાવિધિ, શ્રાદ્ધ, તર્પણ, દાન પુણ્ય, ધર્મકાર્ય, તથા પિંડદાન વિગેરે વિધિવત કરવામાં આવે છે. એવું કહેવાય છે કે, પિતૃઓ દર મહિને સુક્ષ્મ સ્વરૂપે, પોતાના સંતાનો પાસે પિંડદાન લેવા માટે આવે છે, પરંતુ શ્રાદ્ધ પક્ષમાં તો પિતૃઓ અચૂક પિંડદાન લેવા માટે આવે છે, એવું આપણાં શાસ્ત્રોમાં તથા ધાર્મિક પુસ્તકોમાં લખેલું છે. શ્રાદ્ધ પક્ષમાં પિતૃઓ પિંડદાન લઈને તૃપ્ત થાય છે અને પોતાનાં સંતાનોને આશીર્વાદ આપે છે. "શ્રાદ્ધ એટલે મન, વચન તથા શ્રદ્ધાપૂર્વક, પોતાનાં પિતૃઓની તૃપ્તિ અને શાંતિ માટે કરવામાં આવતું શુભકામ". ઘણાં લોકોની માન્યતા એવી પણ છે કે કોઈ કારણસર પોતાનાં પિતૃઓની દુર્ગતિ થઈ હોય તો શ્રાદ્ધ પક્ષમાં ભક્તિભાવપૂર્વક અને શ્રદ્ધાથી એમનાં પિતૃઓનું શ્રાદ્ધ, પિંડદાન કે તર્પણ કરવામાં આવે તો એમનાં પિતૃઓની સદગતિ થાય છે.

શ્રાદ્ધ કુલ ૧૫ દિવસનાં હોય છે. ભાદરવા વદ એકમથી લઈને ભાદરવા વદ અમાસ સુધીના સમયને શ્રાદ્ધ પક્ષ, શ્રાદ્ધ કે શરાધિયાં કહેવામાં આવે છે. શ્રાદ્ધ અલગ અલગ પ્રકારનાં હોય છે, જેમકે નાંદી શ્રાદ્ધ, જેમનાં સંતાનો બાલ્યાવસ્થામાં શ્રીજી ચરણ પામ્યા હોય તેઓનાં આત્માની શાંતિ માટે બાલાભોલાનું શ્રાદ્ધ, નોમના શ્રાદ્ધને ડોશીઓનાં નોમનું શ્રાદ્ધ કહેવામાં આવે છે. આ ઉપરાંત, પાંચમના શ્રાદ્ધને ભરણી શ્રાદ્ધ, છઠ્ઠના શ્રાદ્ધને કૃતિકા શ્રાદ્ધ કહેવામાં આવે છે.બારસના શ્રાદ્ધને સંન્યાસીઓના શ્રાદ્ધ તરીકે ઓળખવામાં આવે છે. તેરસના શ્રાદ્ધને મઘા શ્રાદ્ધ કહેવામાં આવે છે. અકસ્માત કે અસ્ત્ર શસ્ત્રથી મૃત્યું પામેલાઓ માટે ચૌદશનું શ્રાદ્ધ અને છેલ્લે જાણે અજાણે કે ભુલેચૂકે કોઈના પણ પિતૃઓનું શ્રાદ્ધ કરવાનું નથી રહી ગયું હોય તો તેમને માટે સર્વપિતૃ અમાવસનું શ્રાદ્ધ કરવામાં આવે છે. શ્રાદ્ધ પક્ષમાં લોકો પોતાનાં પિતૃઓની મનપસંદ રસોઈ બનાવે છે, પરંતુ ખાસ કરીને ખીર, દૂધપાક, પુરી તથા ભજિયાં વિશેષ પ્રમાણમાં બનાવે છે. જેમનાં ઘરે પોતાના પિતૃઓનું શ્રાદ્ધ હોય તે દિવસે ઘરનાં સભ્યો વ્હેલા ઉઠી નાહી પરવારીને પૂજાપાઠ કરે છે અને તૈયાર થયેલ રસોઈમાંથી એક વાટકી કે ડીશ માં બધી રસોઈ થોડી થોડી મૂકીને અગાસી કે ધાબા ઉપર જઈને "કાગવાસ કાગવાસ" એમ બોલીને વાસ નાંખે છે અને કાગડાઓ આવીને આ વાસ આરોગે છે. લોકોની દૃઢ માન્યતા છે કે કાગડાના માધ્યમ થકી, શ્રાદ્ધ પક્ષમાં નાંખેલી વાસ એમનાં પિતૃઓ સુધી પહોંચે છે અને પિતૃઓ તૃપ્ત થઈને આશિષ આપે છે. હકીકતમાં આ કુદરતનો કરિશ્મા છે, કારણકે સામાન્ય દિવસોમાં આપણે સૌ કાગડાને અપશુકનિયાળ પક્ષી ગણીને ધિક્કારીએ છીએ અને તેનો કર્કશ અવાજ પણ આપણાંને બેચેન બનાવે છે. ખરેખર તો કાગડો એ કુદરતનો સફાઈ સેવક છે. આખું વર્ષ કાગડો માનવ વસ્તીની ગંદકી સાફ કરીને, વધેલું ઘટેલું કે એંઠવાડ આરોગીને ગંદકી, કોહવાટ કે સડો થતો અટકાવે છે. મરેલાં પશુ પક્ષીઓનાં મૃતદેહને પણ કાગડાઓ ફોલીને ખાઈ જાય છે. આમ આડકતરી રીતે કાગડાઓ સફાઈ કામ અને પર્યાવરણની જાળવણીમાં મદદરૂપ બને છે.કાગડાઓના ગુરૂ શ્રી કાકભુસુંડીજી એ ભગવાન સાથે બહુ તાર્કિક દલીલો કરી અને જણાવ્યું કે મારા હાથ નીચેની કાગસેનાને પણ ક્યારેક તો સારી વસ્તુ ખાવાનાં અભરખા જાગે કે નહીં? કાકભુસુંડીની દલીલોથી રાજી થઈને ભગવાને જણાવ્યું કે મને તમારી કાગસેના આખું વર્ષ પર્યાવરણ જાળવવામાં આડકતરી રીતે મદદરૂપ થાય છે એના ફળસ્વરૂપે,દર વર્ષે ભાદરવા મહિનામાં શ્રાદ્ધ પક્ષમાં પંદર દિવસ સુધી, જે માનવ સમૂદાય કાગસેનાને ધિક્કારે છે એજ માનવ સમૂદાય હોંશે હોંશે તમારી કાગસેનાને સામે ચાલીને અને આવાહન આપીને કાગવાસના રૂપમાં સારી સારી વાનગીઓ જમાડશે. માટે દર વર્ષે આપણે શ્રાદ્ધ પક્ષમાં આપણાં પિતૃઓનાં આત્માની શાંતિ માટે કાગવાસ નાંખીએ છીએ. આમ કુદરતે મનુષ્યને હાથો બનાવીને, કાગસેનાને વર્ષમાં એક વખત સારૂં જમવાનું મળી રહે એવી વ્યવસ્થા કરીને કાગડાઓ પ્રત્યેનું ઋણ ચૂકવી દીધું છે. ભગવાન રામચંદ્રે પણ વનવાસ દરમિયાન એમના મૃત પિતા રાજા દશરથનું શ્રાદ્ધ કર્યું હતું. મુનિશ્રેષ્ઠ પરશુરામે પણ એમના દિવંગત પિતા શ્રી જમદગ્નિ મુનિના આત્માની શાંતિ માટે શ્રાદ્ધ કર્યાના દાખલા શાસ્ત્રોમાં ઉપલબ્ધ છે.આમ શ્રાદ્ધ કરવાની પરંપરા વર્ષો પુરાણી છે. સામાન્ય રીતે શ્રાદ્ધ નદીના કિનારે અથવા ત્રિવેણી સંગમ પાસે કરવાનો અનેરો મહિમા છે. માતાનું શ્રાદ્ધ ગુજરાતમાં આવેલા સિદ્ધપુર ખાતે તથા પિતાનું શ્રાદ્ધ બિહારમાં આવેલા ગયાજીમાં કરવાનો અનોખો મહિમા છે.આ ઉપરાંત નર્મદા કિનારે (ચાણોદ), કરનાળી ખાતે, કાશી, હરિદ્વારમાં ગંગા કિનારે, રાજસ્થાનમાં પુષ્કર ખાતે, કચ્છમાં નારાયણ સરોવર ખાતે, મથુરામાં યમુના કિનારે વિશ્રામ ઘાટ ખાતે શ્રાદ્ધ કરવાથી પિતૃઓના આતમને પરમ શાંતિ પ્રાપ્ત થાય છે. માત પિતા કે વડીલોનું શ્રાદ્ધ કરવું એ દરેક સંતાનોની ફરજમાં આવે છે. શ્રાદ્ધ પક્ષમાં કોઈ શુભ કાર્ય થઈ શકતું નથી. શ્રાદ્ધ પક્ષમાં ડુંગળી તથા લસણ જેવા તામસી ગુણધર્મ ધરાવતા કંદમૂળ ખાવા ઉપર નિષેધ છે. શ્રાદ્ધ પક્ષમાં પિતૃઓના આશીર્વાદ લેવા માટે પિતૃઓનું ભક્તિભાવપૂર્વક આવાહન કરી એમનું શ્રાદ્ધ, તર્પણ અને પિંડદાન કરી બ્રાહ્મણોને જમાડી દાન દક્ષિણા આપવી જોઈએ.પિતૃઓની છબી સમક્ષ ધૂપ, દીપ અને અગરબત્તી કરી પ્રાર્થનાપૂર્વક નમસ્કાર કરવા જોઈએ.ટૂંકમાં શ્રાદ્ધ એટલે મન, વચન તથા શ્રદ્ધાપૂર્વક પોતાનાં પિતૃઓના આત્માની શાંતિ માટે કરવામાં આવતું કામ.







# વડાપ્રધાનના હસ્તે પ્રધાનમંત્રી આવાસ યોજનાના ૫૬,૫૦૦થી વધારે મકાનોનું લોકાર્પણ કરાયું

। ગાંધીનગર, તા.૧૬ ।

વિકસિત ભારત વિકસિત ગુજરાત સમારંભમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે રૂ. ૮૦૦૦ કરોડથી વધુનાં વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં, પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)ના ૩૫,૬૫૭ અને પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી)ના ૨૦,૮૬૬ સહિત કુલ ૫૬,૫૨૩ આવાસોનું ઈ-લોકાર્પણ વડાપ્રધાનશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું, જેમાં છ લાભાર્થીઓને પ્રતીકાત્મક રીતે ઘરની ચાવી અર્પણ કરવામાં આવી હતી. આ સાથે પ્રધાનંત્રી આવાસ યોજના અંતર્ગત ૩૦,૦૦૦ નવા આવાસોને મંજૂરી સાથે પ્રથમ હપ્તાના ૯૦ કરોડ રૂપિયા વડાપ્રધાનશ્રીના હસ્તે લાભાર્થીઓના બેંક ખાતામાં સીધા ટ્રાન્સફર કરાયા હતા. વડાપ્રધાનશ્રી દ્વારા મોટેરાથી ગાંધીનગરના સેક્ટર-૧ તથા ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીથી ગિફ્ટ સિટી સુધીની મેટ્રો સેવા તથા મેટ્રો સ્ટેશનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું.

વડાપ્રધાનશ્રીએ દેશની સૌ પ્રથમ એવી ભૂજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ સહિત કુલ સાત વંદે ભારત ટ્રેનોને વર્ચ્યુઅલી લીલી ઝંડી બતાવીને પ્રસ્થાન કરાવ્યું હતું. ભૂજ-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ ઉપરાંત નાગપુર-સિકંદરાબાદ ટ્રેન, કોલ્હાપુર-પુણે ટ્રેન, આગ્રા કેન્ટ-બનારસ ટ્રેન, દુર્ગ-વિશાખાપટ્ટનમ ટ્રેન, પુણે-હુબલી ટ્રેન તથા ભારતની સૌપ્રથમ ૨૦ કોચની વારાણસી-દિલ્હી વંદે ભારત ટ્રેનનો સમાવેશ થાય છે. વડાપ્રધાનશ્રીએ સામખિયાળી-ગાંધીધામ તથા ગાંધીધામ-આદિપુર રેલવે લાઈનને પહોળી કરવાના પ્રકલ્પોનું પણ ઈ-ખાતમુહૂર્ત કર્યું હતું. આ પ્રસંગે ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના સાત નવા પ્રકલ્પોનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું, જેમાં અમ્યુકોની રૂ. ૧૮૦ કરોડના ખર્ચે તૈયાર થનાર ૩૦ મેગા વોટ સોલાર સિસ્ટમ સામેલ હતી.

એ ઉપરાંત કચ્છ, મોરબી અને રાજકોટ જિલ્લાના ઊર્જા પ્રકલ્પોનું લોકાર્પણ વડાપ્રધાનશ્રીના હસ્તે કરવામાં આવ્યું. વડાપ્રધાનશ્રીના હસ્તે અમદાવાદમાં ૩૫૦ કરોડના ખર્ચે તૈયાર થનાર સાત આઈકોનિક માર્ગોનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું, આ ઉપરાંત ચાર ફ્લાયઓવર બ્રિજ (પાંજરાપોળ, બાકરોલ, હાથીજણ અને રામોલ)નું ખાતામુહૂર્ત પણ વડાપ્રધાનશ્રીએ કર્યું હતું. શહેરી વિકાસ વિભાગના છ પ્રકલ્પો રાજ્યમાં ઈઝ ઓફ લિવિંગના મંત્રને સાકાર કરશે. વડાપ્રધાનશ્રીએ આ પ્રસંગે બટન દબાવીને ગિફ્ટ સિટી ખાતે આવેલ ઈન્ટરનેશનલ ફાઈનાન્સિયલ સર્વિસીસ સેન્ટર્સ ઓથોરિટીના સિંગલ વિન્ડો આઈટી સિસ્ટમ (SWITS)નું લોકાર્પણ કર્યું હતું.

અમદાવાદના ઠક્કરબાપાનગર ખાતે રૂ. ૨૧.૫૮ કરોડના ખર્ચે તૈયાર થનાર નવા પાણી વિતરણ કેન્દ્રના ખાતમુહૂર્ત તથા નારોલ અને નિકોલના શેલ્ટર હોમ્સના લોકાર્પણ સહિત વડાપ્રધાનશ્રીના હસ્તે અમ્યુકોના રૂ. ૬૪૯ કરોડના ખર્ચે થનાર કુલ સાત વિકાસલક્ષી કાર્યનું ઈ-લોકાર્પણ અને ઈ-ખાતમુહૂર્ત વડાપ્રધાનશ્રીના હસ્તે કરવામાં આવ્યું હતું.





### મારી જેટલી મજાક-મશ્કરી કરવી હોય એટલી કરી લો : મોદી

## હું દેશના કલ્યાણના માર્ગે ચાલી નીકળ્યો છું, પાછો હઠવાનો નથી : વડાપ્રધાન

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૬ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રીજીવાર પીએમ બન્યા બાદ આજે પ્રથમવાર ગુજરાત આવ્યા છે, આ દરમિયાન તેમણે GMDC ગ્રાઉન્ડ ખાતેથી ૮૦૦૦ કરોડના વિકાસકામોના અનેક પ્રોજેક્ટનું લોકાર્પણ તેમજ ઈ-ખાતમૂહુર્ત કર્યુ. પીએમ મોદીએ વિશાળ જનસભાને સંબોધિત કરી હતી. આ દરમિયાન તેમણે તાજેતરમાં ગુજરાતમાં આવેલા પૂરનો પણ ઉલ્લેખ કર્યો. તેમણે જણાવ્યુ આ વર્ષે ગુજરાતના અનેક વિસ્તારોમાં એકસાથે અતિવૃષ્ટિ થઈ છે. પહેલીવાર ગુજરાતમાં આટલા વ્યાપક સ્તરે આટલા ઓછા સમયમાં આટલો તેજ વરસાદ જોવા મળ્યો. એકાદ સ્થળોએ નહીં પરંતુ ગુજરાતના અનેક જિલ્લાઓમાં અતિવૃષ્ટિ થઈ છે. તેના કારણે અનેક પરિવારોએ તેમના સ્વજનો ગુમાવ્યા છે. જાનમાલની પણ હાનિ થઈ છે. કેન્દ્ર અને રાજ્ય સરકાર તમામ પ્રભાવિતોને મદદ કરવામાં લાગેલી છે.

પ્રધાનમંત્રીએ ઉમેર્યુ કે ત્રીજીવાર પીએમ પદના શપથ લીધા બાદ પ્રથમવાર ગુજરાત આવ્યો છુ. આપ સહુની વચ્ચે આવ્યો છુ. ગુજરાત મારી જન્મભૂમિ છે. ગુજરાતે મને જીવનની દરેક શીખ આપી છે. તમે લોકોએ હંમેશા મને પ્રેમથી ભરી દીધો છે. દીકરો જ્યારે પોતાના ઘરે આવે છે અને પોતાનાઓના આશીર્વાદ લે છે ત્યારે તેને નવી ઊર્જા મળે છે. તેનાથી ઉત્સાહ અને જોશ વધી જાય છે. આટલી મોટી સંખ્યામાં આપ આશીર્વાદ આપવા પધાર્યા તે મારુ સૌભાગ્ય છે. તેમણે કહ્યુ મને ગુજરાતના તમામ લોકોની અપેક્ષાની પણ ખબર છે. વારંવાર ગુજરાતના અલગ અલગ વિસ્તારમાંથી મેસેજ પણ આવતા હતા. ત્રીજીવાર શપથ લીધા બાદ હું જલદી તમારી વચ્ચે આવીશ.

વડાપ્રધાને કહ્યુ ૬૦ વર્ષ બાદ દેશની જનતાએ એક ઈતિહાસ રચ્યો છે. એક જ સરકારને લગાતાર ત્રીજીવાર દેશની સેવા કરવાનો અવસર પ્રદાન થયો છે. આ ભારતના લોકતંત્રની મોટી ઘટના છે. લોકસભા ચૂંટણી પહેલા આપ સહુને મે એક ગેરંટી આપી હતી.. મે કહ્યુ હતુ કે ત્રીજી ટર્મના ૧૦૦ દિવસમાં દેશ માટે અનેક અભૂતપૂર્વ નિર્ણયો લેવામાં આવશે. છેલ્લા ૧૦૦ દિવસમાં મે દિવસ રાત જોયા વિના ૧૦૦ દિવસના એજન્ડાને પુરા કરવામાં પૂરી તાકાત લગાવી દીધી. દેશમાં હોય કે વિદેશમાં જે પણ પ્રયાસ કરવા પડે તે કર્યા. કોઈ કસર બાકી રહેવા દીધી નથી.

પીએમએ વિપક્ષ પર નિશાન તાક્યુ કે છેલ્લા ૧૦૦ દિવસમાં તમે જોયુ હશે કે જાણે કેવી કેવી વાતો થવા લાગી, મારી મજાક ઉડાવવા લાગ્યા, મોદીની મશ્કરી કરવા લાગ્યા અને તર્કવિતર્ક કરવા લાગ્યા. લોકો મજા લેતા હતા. લોકોને પણ આશ્ચર્ય હતુ કે મોદી કેમ ચૂપ છે. પરંતુ ગુજરાતના ભાઈઓ બહેનો સરદાર પટેલની ભૂમિ પર પેદા થયેલો દીકરો છે. દરેક મજાક, દરેક અપમાનને સહન કરતા એક પ્રણ લેતા ૧૦૦ દિવસ તમારા કલ્યાણ, દેશ હિત માટે નીતિ બનાવવા અને નિર્ણય લેવામાં લગાવ્યા છે. અને નક્કી કર્યુ હતુ કે જેને જેટલી મજાક ઉડાવવી હોય ઉડાવી લે. પણ મે નક્કી કર્યુ હતુ કે હું એકપણ જવાબ નહીં આપુ.

દેશના કલ્યાણના રસ્તે ચાલવામાં ગમેતેટલી મજાક મશ્કરી થતી રહે હું ડગીશ નહીં. ૧૦૦ દિવસના નિર્ણયોમાં દેશના દરેક નાગરિક, દરેક પરિવારના કલ્યાણની ગેરંટી પાક્કી થઈ ગઈ. ચૂંટણી દરમિયાન ૩ કરોડ નવા ઘર બનાવવાની ગેરંટી આપી હતી. તેના પર કામ ચાલી રહ્યુ છે. ગામ હોય કે શહેર અમે દરેકને સારી જિંદગી જીવવા માટે વ્યવસ્થા ઉભી કરવામાં લાગેલા છે. શહેરી મિડલ ક્લાસને આર્થિક મદદ દેવાનું હોય, શ્રમિકોને યોગ્ય કિમતે સારુ ઘર આપવાનુ અભિયાન હોય, કે ફેક્ટરીમાં કામ કરતા કામદારો માટે વિશેષ આવાસ યોજના, વર્કિંગ વિમેન માટે હોસ્ટેલ બનાવવાની હોય અમારી સરકાર તમામ મોરચે કામ કરી રહી છે.

પીએમએ કહ્યુ દેશમાં ૭૦ વર્ષથી ઉપરના જેટલા પણ વૃદ્ધો છે તેમને ૫ લાખની મફત સારવાર મળશે. હવે મિડલ ક્લાસના દીકરા-દીકરીઓએ માતાપિતાની સારવારની ચિંતા નહીં કરવી પડે. આ ૧૦૦ દિવસમાં યુવાનોની નોકરી, રોજગાર, સ્વરોજગાર માટે મોટા નિર્ણયો લેવાયા. યુવાનો માટે ૨ લાખ કરોડ રૂપિયાના વિશેષ પીએમ પેકેજની જાહેરાત કરાઈ. જેનો ફાયદો ૪ કરોડથી વધુ યુવાનોને થશે. હવે કંપનીમાં પ્રથમ નોકરીની પ્રથમ સેલરી પણ સરકાર આપશે.

પીએમએ ઉમેર્યુ કે સરકારની મુદ્રા લોન યોજના સ્વરોજગારના ક્ષેત્રમાં નવી ક્રાંતિ લાવી છે. તેની સફળતાને જોતા લોનની કિમત ૧૦ લાખથી વધારી ૨૦ લાખ કરી દેવાઈ છે. મે માતાઓ બહેનોને ગેરંટી આપી હતી. ૩ કરોડ લખપતિ દીદીની, ગત વર્ષોમં ૧ કરોડ લખપતિ દીદી બની છે. ત્રીજી ટર્મમાં પ્રથમ ૧૦૦ દિવસોમાં જ ગુજરાત સહિત સમગ્ર દેશમાં ૧૧ લાખ નવી લખપતિ દીદી બની છે.

તેલિબિયા ઉગાડનારા ખેડૂતોના હિતમાં મોટો નિર્ણય લીધો છે. દેશના ખેડૂતો તેલિબિયાના ખેડૂતોના ફાયદા માટે વિદેશી તેલની આયાત પર મૂલ્ય વધારવામાં આવ્યા. સોયાબિનના ખેડૂતોને ફાયદો થશે. બાસમતી ચોખા અને ડુંગળીની નિકાસને છૂટ આપી દેવાઈ છે. તેનાથી વિદેશોમાં પણ ભારતના ચોખા અને પ્યાજની માગ વધી છે.

### મોદીએ ચોથી ગ્લોબલ રિન્યૂએબલ એનર્જી ઇન્વેસ્ટર્સ મિટ અને એક્સ્પોનો પ્રારંભ કરાવ્યો

## ૨૧મી સદીના ઇતિહાસમાં ભારતનો સૌરક્રાંતિનો અધ્યાય સુવર્ણ અક્ષરે લખાશે : વડાપ્રધાન મોદી

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૬ ।

ચોથી ગ્લોબલ રિન્યૂએબલ એનર્જી ઈન્વેસ્ટર્સ મિટ અને એક્ષ્પોનો ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતેથી શુભારંભ કરાવતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઊર્જાના ભવિષ્ય, ટેક્નોલૉજી અને પોલિસીનિર્માણના ચિંતન પર્વ તરીકે ગણાવતા જણાવ્યું હતું કે એકબીજાના અનુભવ આધારિત આ વિચારમંથન વૈશ્વિક માનવતાના કલ્યાણ માટે લાભદાયી બનશે. વડાપ્રધાને જણાવ્યું હતું કે, દેશમાં ૬૦ વર્ષ પછી જનતાએ કોઈ સરકારને સતત ત્રીજી વખત સત્તાનું સુકાન સોંપ્યું છે, એ જ દર્શાવે છે કે ૧૪૦ કરોડ દેશવાસીઓને સરકાર પર ભરોસો છે. કેન્દ્ર સરકારના છેલ્લાં ૧૦ વર્ષના સુશાસનમાં દેશના યુવાનો-મહિલાઓની આકાંક્ષાઓને જે પાંખો મળી છે, તેને નવી દિશાની ઉડાન માટે પ્રેરક બળ મળી રહેશે. દેશના ગરીબ, દલિત, શોષિત, પીડિત અને વંચિતોને ભરોસો છે કે તેમના ગરિમાપૂર્ણ જીવનનો પાયો બનશે. વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક સત્તા બનવા તરફ અગ્રેસર થવા માટે સમગ્ર દેશ આજે સંકલ્પબદ્ધ થઈને કામ કરી રહ્યો છે. ત્યારે આજની ઈવેન્ટ ૨૦૪૭માં વિકસિત ભારતના નિર્માણની સ્વપ્રસિદ્ધી તરફના પ્રયાણનો મક્કમ નિર્ધાર છે, જે સરકારની ત્રીજી ટર્મના પ્રથમ ૧૦૦ દિવસના કાર્યકાળમાં પ્રતિબિંબિત થાય છે. જેમાં દેશના વિકાસ માટે મહત્ત્વપૂર્ણ એવા તમામ સેક્ટર્સ અને ફેક્ટર્સને પ્રધાન્ય આપવામાં આવ્યું છે, જે માત્ર ટ્રેલર સમાન છે.

વડાપ્રધાને આ તકે જણાવ્યું કે કેન્દ્ર સરકાર દેશના દરેક પરિવારને છત મળે એ માટે મક્કમ છે. જેના માટે કેન્દ્ર સરકારે ૭ કરોડ આવાસ નિર્માણનું લક્ષ્ય નિર્ધારિત કર્યું છે. જેમાંથી ગત ૧૦ વર્ષ દરમિયાન ચાર કરોડ આવાસોનું નિર્માણ કરવામાં આવ્યું છે. જ્યારે આ ત્રીજી ટર્મમાં વધુ ત્રણ કરોડ આવાસોનું નિર્માણ કરવામાં આવનાર છે.

કેન્દ્ર સરકારના પ્રથમ ૧૦૦ દિવસમાં ૧૨ નવા ઈન્ડસ્ટ્રીયલ સિટી, ૮ હાઈસ્પીડ રોડ કોરિડોર, ૧૫થી વધુ સેમિ હાઈસ્પીડ મેડ ઈન ઈન્ડિયા વંદે ભારત ટ્રેન લૉન્ચ થઈ ચૂકી છે. તદુપરાંત, હાઈપરફોર્મન્સ બાયો મેન્યુફેક્ચરિંગને પ્રોત્સાહન આપવા માટે એક ટ્રિલિયન રૂપિયાનું રિસર્ચ ફંડ ફાળવવામાં આવ્યું છે તેમજ ગ્રીન એનર્જી ક્ષેત્રે ઑફશોર વિન્ડ માટેની યોજના અંતર્ગત રૂ. ૭,૦૦૦ કરોડનો ખર્ચ થશે. જ્યારે ૩૧ હજાર મેગાવૉટ હાઈડ્રોપાવર જનરેશન માટે રૂ. ૧૨,૦૦૦ કરોડથી વધુનો ખર્ચ થશે.

દેશની ડાયવર્સિટી, કેપેસિટી, સ્કેલ, પોટેન્શિયલ, પરફોર્મન્સ – આ તમામ બાબતોને યુનિક ગણાવી, વડાપ્રધાનશ્રીએ ઈન્ડિયન સોલ્યુશન ફોર ગ્લોબલ એપ્લિકેશનનો મંત્ર આપતાં જણાવ્યું હતું, કે દુનિયા આ બાબતને બરાબર સમજે છે. આજે ભારતમાં ગ્લોબ ફિનટેક ફેસ્ટ, ગ્લોબલ સેમિકંડક્ટર સમિટ, સોલાર ફેસ્ટિવલ, સિવિલ એવિએશન મિટ, જેવા વૈશ્વિક આયોજનો થઈ રહ્યા છે. વડાપ્રધાને ગૌરવ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આ જ ગુજરાતની ધરતી શ્વેત ક્રાંતિ, મધુ ક્રાંતિ બાદ સૌરક્રાંતિની પણ પ્રણેતા બની છે. ગુજરાતે જ દેશમાં સૌ પ્રથમ સોલાર પાવર પોલિસી બનાવવા અને ક્લાયમેટ ચેન્જના વિભાગો શરૂ કરવાની પહેલ કરી છે. આ મહાત્મા ગાંધીની એ ભૂમિ છે, જેમણે વર્ષો પહેલાં મિનિમમ કાર્બન ફૂટ પ્રિન્ટયુક્ત જીવનનું ઉદાહરણ આપી, સમગ્ર વિશ્વનું ધ્યાન પર્યાવરણ રક્ષા તરફ દોર્યું હતું, જ્યારે દુનિયામાં કોઈ ક્લાયમેટ ચેન્જની ચર્ચા પણ નહોતું કરતું.

### ગાંધીનગરમાં પીએમ મોદીનો નવો સંકલ્પ

## અયોધ્યાને મોડલ સોલર સિટી બનાવવાનું કામ ચાલી રહ્યું છે

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૬ ।

PM મોદીએ આજે ગાંધીનગરમાં 'PM સૂર્ય ઘર: મફત વીજળી યોજના'ના લાભાર્થીઓ સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન પીએમ મોદીએ ગાંધીનગરમાં 'ગ્લોબલ રિન્યુએબલ એનર્જી ઈન્વેસ્ટર્સ મીટિંગ એન્ડ એક્ઝિબિશન' (રી-ઈન્વેસ્ટ ૨૦૨૪)ની ચોથી આવૃત્તિનું પણ ઉદ્‌ઘાટન કર્યું હતું. પીએમ મોદીએ કહ્યું કે ૧૪૦ કરોડ ભારતીયોએ દેશને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવવાનો સંકલ્પ કર્યો છે. પીએમે કહ્યું કે ત્રીજા કાર્યકાળના પ્રથમ ૧૦૦ દિવસમાં અમે દેશના ઝડપી વિકાસ માટે દરેક ક્ષેત્રના પડકારોનો સામનો કરવાનો પ્રયાસ કર્યો છે. તેમણે અયોધ્યા માટે પણ મોટી જાહેરાત કરી હતી. પીએમ મોદીએ કહ્યું કે અયોધ્યાને મોડલ સોલર સિટી બનાવવાનું કામ ચાલી રહ્યું છે. આ પ્રસંગે પીએમ મોદીએ કહ્યું, "અયોધ્યા ભગવાન રામની જન્મભૂમિ છે અને તેઓ 'સૂર્યવંશી' હતા. અયોધ્યામાં ભવ્ય મંદિરનું નિર્માણ કરવામાં આવ્યું છે, પરંતુ અયોધ્યા પણ એક મોડેલ સોલાર સિટી બનવા તરફ આગળ વધી રહી છે. અયોધ્યાને મોડલ સોલાર સિટી બનાવવાનું કામ લગભગ પૂર્ણ થઈ ગયું છે તેવી જ રીતે, અમે ભારતમાં આવા ૧૭ શહેરોની ઓળખ કરી છે જેને સોલર સિટી તરીકે વિકસાવવામાં આવશે. આ સિવાય પીએમ મોદીએ કહ્યું કે ભારતની વિવિધતા, સ્કેલ, ક્ષમતા, સંભાવના અને પ્રદર્શન બધું જ અનોખું છે. તેથી જ હું કહું છું, 'ગ્લોબલ એપ્લિકેશન્સ માટે ભારતીય સોલ્યુશન્સ', વિશ્વ પણ આને સમજી રહ્યું છે. માત્ર ભારતીયો જ નહીં પરંતુ સમગ્ર વિશ્વ માને છે કે ભારત ૨૧મી સદીની શ્રેષ્ઠ શરત છે. જર્મનીના આર્થિક વિકાસ મંત્રી સ્વેન્જા શુલ્ઝે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું સ્વાગત કર્યું.

## નરેન્દ્ર મોદીના સુશાસનમાં ગુજરાતની વિકાસ વર્ષા ક્યારેય પણ અટકવાની નથી

। (એજન્સી) ગાંધીનગર, તા.૧૬ ।

ગુજરાતની ત્રણ દિવસની મુલાકાતે આવેલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે તેમના ગુજરાત પ્રવાસના બીજા દિવસે, રૂપિયા ૮૦૦૦ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું હતું. અમદાવાદના જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા નાગરિકોને સંબોધન કરતા ગુજરાતના મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં વિકાસ વર્ષા ક્યારેય પણ અટકવાની નથી. ભૂપેન્દ્ર પટેલે વધુમાં કહ્યું કે, સતત ત્રીજીવાર વડાપ્રધાન બન્યા બાદ, ગુજરાતની ધરતીના પનોતા પૂત્ર અને વિશ્વના યશસ્વી નેતા એવા નરેન્દ્ર મોદી વતન ભૂમિ ગુજરાતમાં પહેલીવાર આવ્યા છે. નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં લોકકલ્યાણના અનેક શિખરો સર કર્યાં છે. નરેન્દ્ર મોદીના વિકાસ અને વિઝનનો લાભ ગુજરાતને છેલ્લા અઢી દાયકાથી મળી રહ્યો છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨